ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 16 Date : 01-05-2025

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૦) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૧૦ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ |
| ડંકેશ ઓઝા | ૦૮ | ફાધર વાલેસ : ભારતીય સંસ્કૃતિનો ખ્રિસ્તી દૂત |
| યોગેન્દ્ર યાદવ | ૦૯ | મહિલાઓ માટે કૃતજ્ઞતા નિધિ |
| હીરજીભાઈ ભીંગરાડિયા | ૧૦ | શું ખેડૂતો પર્યાવરણના પ્રહરી ન બની શકે? |
| રજની દવે | ૧૨ | કચ્છના હકનું પાણી વપરાય છે – રણના અગરિયાના પેટ પર લાત મારવામાં |
| જગદીશ પટેલ | ૧૫ | બ્રિટનની મજૂર ચળવળનું અવિસ્મરણીય નામ : જયા દેસાઈ |
| સંકલિત | ૧૭ | જનઆંદોલનોનો રાષ્ટ્રીય સમન્વય : ૨ - એન.એ.પી.એમ-૩૦ : હૈદરાબાદ ઘોષણાપત્ર |
| સહિયર સ્ત્રી સંગઠન | ૧૯ | ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી : સહિયર (સ્ત્રી સંગઠન)-વર્ષ ૨૦૨૫ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સ્વ-સશક્તિકરણ |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)
YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.16 19323 Date : 01-05-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૦)

○ વિનોબા ○

### મનથી ઉપર ઊઠવું – ઉન્મન – મુક્ત મન

મનથી ઉપર ઊઠવાનું સર્વપ્રથમ કદમ એ છે કે માણસનું પૂર્ણરૂપથી નિર્વિકાર થઈ જવું. અને આટલું થયા બાદ જ તેની પાસે આગળનો રસ્તો ખૂલતો જશે. જે નિર્વિકાર થઈ ગયો તે મનથી ઉપર જતો રહ્યો, એવો આનો અર્થ ન થાય. મન સમત્વયુક્ત (બેલેન્સ) હોય તો પણ નિર્વિકારતા સાધી શકાય છે. મનથી ઉપર જવું તે બીજી સૃષ્ટિ છે. નિર્વિકારતા એ નેગેટીવ વસ્તુ છે. ચારે બાજુની ગડબડીમાં મનને સમત્વમાં રાખવું, એટલો જ નિર્વિકારતાનો અર્થ છે. કોઈ પણ પોતાની ગાઢ નિદ્રામાં દરરોજ નિર્વિકાર જ હોય છે. પણ એનો અર્થ એવો ન થાય કે તે મનથી ઉપર ઊઠ્યો છે. માણસનું મન આ બાજુના ખેંચાણથી તો ક્યારેક પેલી બાજુના ખેંચાણથી દિવસભરમાં એટલું બધું થાકી જાય છે કે આ થાકી ગયેલું મન નિર્વિકારતા પસંદ કરે છે. પણ માત્ર એટલું થવાથી તે ઉપરના વિશાળ પ્રાંગણમાં પ્રવેશી ચૂક્યો છે તેવું નથી.

મનથી ઉપર જવું એટલે શૂન્યમાં જવું તેવો અર્થ નથી. મનની ઉપર જવાની શક્તિ એ લોકો પાસે હોય છે, જેમના મનનો સંપૂર્ણ ઉપયોગ કેવળ લોકસેવામાં જ થતો હોય. મનના વ્યાપારના પૂરા જ્ઞાન વગર મનથી ઉપર જવાનો સવાલ જ ઊઠતો નથી. કેટલાક લોકો એવા હોય છે જે કાંઈ ખાસ સેવાકાર્ય પણ કરતા નથી અને જેમના મનમાં એવા કોઈ ખાસ પ્રશ્ન પણ હોતા નથી; આવા લોકોના ચિત્તમાં શાંતિ હોય તેવું લાગે, તેઓ ખુદ પણ માનસિક સંતોષ અનુભવે છે. એવું થાય પણ છે. પણ આ અત્યંત નાની વસ્તુ છે, આ વસ્તુ તે મનથી ઉપર ઊઠવાની નથી. પરંતુ જે લોકો સેવાકાર્ય કરે છે તેમને અનેક પ્રકારનાં સેવાકાર્યો કરવાથી, સમાજશાસ્ત્રના અનેકવિધ પ્રશ્નોના નિરાકરણ લાવવાના પ્રયત્નો કરવાથી જે અભ્યાસ થાય છે, એનાથી મનના વિવિધ વ્યાપારોનું જ્ઞાન થાય છે. જે લોકો લોકસેવાના કાર્યમાં પ્રત્યક્ષ પડ્યા નથી તેઓ સ્વતંત્ર રૂપથી માનસશાસ્ત્રનું ચિંતન કરવાની શક્તિ ધરાવે છે, તેવા લોકોને મનના વ્યાપારોનો અનુભવ થઈ શકે છે. પરંતુ સર્વસામાન્ય તો એ છે કે લોકસેવાનાં કામો કરવાથી જ મનનો અનુભવ આવે છે.

સત્યનો એક અંશ મારી પાસે છે. જ્યારે થોડા ઘણા પ્રમાણમાં તે સત્યનો બીજો અંશ સામેવાળા પાસે હોઈ શકે છે. એ અંશને ગ્રહણ કરવાની મારી તૈયારી હોવી જોઈએ. આપણે આવું સત્યગ્રાહી મન અને સમાજ બનાવવા ઇચ્છીએ છીએ. આપણે બધા સત્યગ્રાહી થઈએ. આમાં પોતાના સત્યને વળગી રહેવું અને સામેવાળા પાસે જે સત્ય છે, તેને ગ્રહણ કરવાની જે વાત છે – તે મનથી ઉપર ઊઠ્યા વગર સંભવ થવાની નથી.

સ્વાતંત્ર્ય મેળવવા માટે મનથી ઉપર ઊઠવું જોઈએ. એના વગર સ્વતંત્રતા શક્ય નથી. આ જે કાંઈ બખેડાઓ (જમેલા) ઊભા થાય છે તે મનના કારણે જ થાય છે અને એટલા માટે મનથી ઉપર ઊઠવું જોઈએ અને પછી કોઈનો પણ ડર લાગશે નહીં. જ્યાં સુધી મન હોય છે, ત્યાં સુધી સંકુચિત મન બીજા મન સાથે ટકરાય છે. અને જ્યાં સુધી ભયમોચન નહીં થાય ત્યાં સુધી આ ટક્કર કાયમ રહેશે.

આજે જે રીતે મનુષ્યના ચિત્ત પર ચારેબાજુથી અનેકાનેક પ્રવાહોના હુમલાઓ થાય છે અને એને લીધે સ્થિતપ્રજ્ઞ રહેવું ખૂબ અઘરું બની જાય છે. પરિણામે આપણે માટે મનથી ઉપર ઊઠવાનું અનિવાર્ય પણ થઈ ગયું છે. આવી હાલતમાં બાળકોના શિક્ષણમાં, લોકશિક્ષણ અને સમાજશાસ્ત્રના ચિંતનમાં પણ સૌથી વધુ આવશ્યકતા એ વાતની જણાઈ રહી છે કે આપણે મનથી ઉપર ઊઠવું. આ યુગમાં મનની ભૂમિકાએ રહીને જે કામ કરશે, તે બધા પ્રકારે હત્‌બલ (શક્તિહીન – જેનું બળ ઘાયલ થયેલું હોય તે) થશે. આપણે મનની ઉપરની અવસ્થાએ રહેવાનું છે. એટલા માટે આજે જેટલી યોગ-શાસ્ત્રની જરૂરિયાત જણાય છે, એટલી અગાઉ ક્યારેય નહોતી.

આવનારો યુગ નેતૃત્વનો નહીં હોય, પણ ગણસેવકત્વનો રહેવાનો. આપણે આખા સમાજના ચિત્તને ઉપર ઉઠાવવાનું છે. ભલે આખો સમાજ એટલો ઉપર ઊઠી ન શકે – જેટલી કોઈ વ્યક્તિ ઊઠી શકે છે, તેમ છતાં પણ તેની શક્તિ વધારે હશે.

માણસ મોટાભાગે બીજાના મનને જુએ છે. હવે બીજાના દોષોને જોવાથી શું લાભ થવાનો ? એ જ્યારે ભગવાન સમક્ષ ઊભો રહેશે, ત્યારે ભગવાન એને એમ નથી પૂછવાના કે તારા સાથીમાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કયા કયા દોષો હતા અને એણે પોતાના દોષોને દૂર કરેલા કે નહીં. ભગવાન તો સીધા જ એ માણસને એમ પૂછશે કે તેં શું કર્યું? તેં તારા મનને શુદ્ધ કર્યું કે કેમ. આપણે ઈશ્વરના દરબારમાં આપણો જ હિસાબ રજૂ કરવાનો છે. અને એટલા માટે જ દરેકેદરેક વ્યક્તિએ પોતાના મનને ટટોળવું જોઈએ, મનની અંદર રહેલા દોષોને દૂર કરવા જોઈએ અને મનને એકદમ સ્વચ્છ રાખવું જોઈએ. મનના સાક્ષી બનવું – આ છે પહેલી ભૂમિકા. ત્યાર બાદ મનથી ઉપર જવાશે. પછી આવે છે, મનોનાશ. એટલે કે એવી સ્થિતિ કે જ્યાં કેવળ બુદ્ધિ જ છે, સંકલ્પ-વિકલ્પાત્મક મન જ નથી. આ અત્યંત અક્ષોભની અવસ્થા છે. જ્યાં મન જ ખતમ થઈ ગયું તો બસ આનંદ જ આનંદ છે.

આપણે જ્યારે મનથી અલગ થઈએ છીએ, મનના સાક્ષી બનીએ છીએ, ત્યારે મનમાં રહેલા દેષોને બહાર કાઢી શકીએ છીએ. અને ત્યારે આપણે બુદ્ધિની ભૂમિકાએ પહોંચીએ છીએ. અને જ્યારે મનનો નાશ થાય છે, ત્યારે આનંદની ભૂમિકામાં પ્રવેશ કરીએ છીએ.

### ઉન્મન

મનથી ઉપર ઊઠવાને ઉન્મન ન કહેવું જોઈએ. ઉન્મન એક ઉત્તમ અવસ્થા છે. આમાં 'મન' નામનું ફેક્ટર જ ખતમ થઈ ગયું ! તો પછી મનથી ઉપર ઊઠવાની વાત જ ક્યાંથી આવે ? મનથી ઉપર ઊઠવામાં મન તો છે; પરંતુ મનની ભૂમિકા પર રહેતાં રહેતાં તેનાથી ઉપર ઊઠી જવું, અને ચિંતનમાં મનની દખલગીરી ન થવા દેવી, બસ આટલો અર્થ છે. અર્થાત્ આ બુદ્ધિની ભૂમિકા છે.

પરંતુ આપણે તો ઉન્મનની અપેક્ષા રાખીએ છીએ. મનોનાશ થાય. આ ઘણું અઘરું છે. કોઈ એમ પૂછી શકે કે શું ઇંદ્રિયોનો નાશ થઈ શકે ? આંખોને ફોડી શકાય ? કાનોને બહેરા બનાવી શકાય? પણ આમાં કોઈ લાભ થતો હોય તેવું જણાતું નથી. ઇંદ્રિયોનું પ્રયોજન દેખાય છે. પરંતુ મનનું કોઈ પ્રયોજન નથી. આપણને બુદ્ધિની આવશ્યકતા છે, ઇંદ્રિયોની પણ છે. પરંતુ બુદ્ધિ અને ઇંદ્રિયો – આ બંનેની વચમાં મનનું હોવું જરૂરી નથી. પરંતુ એ બંનેની વચ્ચે મન છે અને તે ઇંદ્રિયોની અસરમાં આવે છે, વિકારયુક્ત થાય છે, સંકલ્પ-વિકલ્પમય મન થાય છે. જો તે મન પર બુદ્ધિની અસર થતી હોય તો પછી તે બુદ્ધિનો વિસ્તાર છે – એટલું જ. મનને ખતમ કરવું અર્થાત્ બુદ્ધિનો વિસ્તાર કરવો.

એક હોય છે બહિર્મન, બીજું હોય છે અંતર્મન અને ત્રીજું છે ઉન્મન. માણસનું બાહ્યમન છે તે વિષયોને જોયા કરે છે, અને તેના અનુભવોને સંઘરે છે. તે સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે. પરંતુ જે અંતર્મન છે તેને બાહ્ય મનના કોઈ વિકારનો સ્પર્શ થતો નથી. અંતર્મન બાહ્યમનથી અલગ છે. અંતર્મન હૃદય સાથે જોડાયેલું છે. હૃદયમાં પરમાત્માનો વાસ છે. અંતર્મનમાં પ્રેરણા થાય છે અને પછી તે બહિર્મનને આદેશ આપે છે. જ્યારે ઉન્મન છે તે નિર્ગુણમાં પહોંચાડે છે. ઉન્મન બહિર્મન અને અંતર્મન – આ બંનેથી ઉપર ચાલ્યું જાય છે. તે કુલ ચિંતનના સ્તરથી ઉપર હોય છે. ત્યાં અનુભૂતિઓ, ચિંતન વગેરે બધું જ ઉન્મનમાં નથી. ઉન્મન અર્થાત્ કૈવલ્યાવસ્થા.

શંકરાચાર્યજી ઉન્મની અવસ્થા પ્રાપ્ત કરવાના ઉપાય બતાવે છે, पश्यन् उदासीनतया प्रपंचम् – આપણે આ જે કાંઈ પ્રપંચ જોતા હોઈએ છીએ, તેને ઉદાસીન થઈને જુઓ. ઉદાસીન અર્થાત્ તટસ્થ. આપણે આ પ્રપંચને તટસ્થતાથી જોવું, અને પછી જોતાં-જોતાં સાવધાન થઈ જઈને સંકલ્પને ઉખેડી નાખવો. એટલે કે ઉદાસીનતાની નજરે આ પ્રપંચને બરાબર જોઈ લઈને સંકલ્પની પરંપરાનો ઉચ્છેદ કરીએ. શંકરાચાર્ય કહે છે, संकल्प उन्मूलय सावधानः । આ સાવધ રહેવાની ચેતવણી છે, આ બહુ મહત્ત્વનું છે. કેમ કે સંકલ્પ પણ એકાદ ઊઠતો નથી. જો એકાદ જ સંકલ્પ ઊઠતો હોત તો આપણે સાવધ રહી શકત અને બચી જાત. પરંતુ સંકલ્પની તો પરંપરા ચાલે છે. એક સંકલ્પ પૂરો થયો ન થયો ત્યાં બીજો સંકલ્પ આવી જાય છે, બીજો ગયો કે ત્રીજો આવ્યો. એટલા માટે શંકરાચાર્ય આગળ કહે છે, संतत सावधानम् । સંકલ્પની આ પરંપરા તોડવી જોઈએ.

એના માટે આપણે આપણી પૂરેપૂરી શક્તિ લગાવવી પડે છે. આ સંકલ્પની પરંપરા તોડતી વખતે સુખ થતું નથી. જો સંકલ્પ ખરાબ હશે, તો તેવા સંકલ્પો તોડતી વખતે તે ખરાબ સંકલ્પ હોવાને લીધે એને સહજતાથી તોડી શકાશે. પરંતુ સંકલ્પ સારો હશે, તો મનુષ્ય બંધાઈ જાય છે. માટે જ પુણ્ય સંકલ્પ હોય તો પણ તેને તોડવા જ જોઈએ. કારણ કે આપણને ઉન્મની જોઈએ છે, સન્મની (સારા મનવાળું) નથી જોઈતું. આજ સુધી મન ખરાબ ખરાબ ઇચ્છાઓ કરતું હતું, હવે સારી ઇચ્છા કરે છે, હવે તે સારું બન્યું છે, સુધરી ગયું છે. તેમ છતાં પણ ઉન્મન થયું નથી. એટલા માટે તો संतत सावधानम् ।

આગળ જતાં તો આપણે આ આલંબનનો નાશ કરી દેવો જોઈએ, જેના આધારે સંકલ્પ ઊભો છે. પછી તે ચિત્ત ધીરે ધીરે ક્ષીણ થવા લાગશે. આત્માને ઓળખવા માટે આધાર તોડવા પડે છે. આધાર તોડવાથી ચિત્ત ઘટવા લાગે છે, ક્ષીણ થવા લાગે છે. ઉન્મન કરવા માટે ચિત્તને

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૦) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | સોક્રેટિસ ઉવાચ-૧૦ |
| ડંકેશ ઓઝા | ૮ | ફાધર વાલેસ : ભારતીય સંસ્કૃતિનો ખ્રિસ્તી દૂત |
| યોગેન્દ્ર યાદવ | ૯ | મહિલાઓ માટે કૃતજ્ઞતા નિધિ |
| હીરજીભાઈ ભીંગરાડિયા | ૧૦ | શું ખેડૂતો પર્યાવરણના પ્રહરી ન બની શકે ? |
| રજની દવે | ૧૨ | કચ્છના હકનું પાણી વપરાય છે – રણના અગરિયાના પેટ પર લાત મારવામાં |
| જગદીશ પટેલ | ૧૫ | બ્રિટનની મજૂર ચળવળનું અવિસ્મરણીય નામ : જયા દેસાઈ |
| સંકલિત | ૧૭ | NAPM@30 : હૈદરાબાદ ઘોષણાપત્ર |
| સહિયર સ્ત્રી સંગઠન | ૧૯ | ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સ્વ-સશક્તિકરણ |





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ક્ષીણ કરવું પડે છે. ગીતામાં કહ્યું છે કે, બુદ્ધિમાં ધીરજ રાખીને ધીરે ધીરે નિવર્તન (દૂર કરવા લાગીએ - હટાવવા લાગીએ) કરીએ. હવે તમે એમ કહેશો કે તો પછી અમે આ આલંબન પણ ધીરે ધીમે છોડીશું, તો તે ચાલવાનું નથી. ધીરે ધીરે છોડીશું - એમ કહેવાથી તે છૂટવાનું નથી, ઊલટું પાકું દઢ બનશે. માટે એકદમ તરત છોડી દેવું જોઈએ, અને સાવ છોડી દઈએ. આટલું છોડવા પર મનમાં ભલે અંદરોઅંદર ગડબડ ઊભી થાય, પણ આ મનને પણ એક વાર ખબર પડવી જોઈએ કે આ માણસ મને બહાર જવા દેતો નથી, તો પછી તે શાંત થઈ જશે.

યોગીઓની અવસ્થાને 'ઉન્મની' કહે છે. ભક્તોની અવસ્થાને 'સહજ - સ્થિતિ' કહે છે. અર્થાત્ ઉન્મનીથી પર તેનું સ્વૈર મન, અને આ જ સહજાવસ્થા.

ઉન્મની અવસ્થામાં સૃષ્ટિની ઓળખ જ રહેતી નથી. સહજ સ્થિતિમાં આ ઓળખ હોવા છતાં પણ અણઓળખ (અપહેચાન) હોય છે. ઉન્મની એ કાળપરિચ્છિન્ન (સીમિત - વહેંચાયેલું) છે, જ્યારે સહજ સ્થિતિ એ નિત્ય છે. અર્થાત્ ઉન્મની અવસ્થા વિશિષ્ટ કાળ માટે છે, સહજ સ્થિતિ નિરંતર છે. ઉન્મની જ્ઞાનની ભૂમિકા છે, જ્યારે સહજ સ્થિતિ જ્ઞાનની ભૂમિકાથી આગળની, ભક્તની ભૂમિકા છે.

ઉન્મની - આધ્યાત્મિક ઊંઘ. પ્રબુદ્ધ - આધ્યાત્મિક જાગૃતિ. આ બંને અવસ્થાઓ એકબીજાને ચકાસવાની અવસ્થા છે.

સહજાવસ્થા એટલે કબીરની 'सहज समाधि भली । आँख न मूँदौ, कान न रुंधौं - અર્થાત્ જ્ઞાની સંસાર જોવાનો ઇન્કાર કરતો નથી. કેમ કે આખી દુનિયામાં સર્વત્ર પરમેશ્વર વ્યાપ્ત છે, માટે ઈશ્વરને આ દુનિયાથી અલગ કરીને જોવાની જરૂર નથી. તે ભગવત્-સ્વરૂપ છે. આવી ભાવના કરવાની નિત્ય કોશિશ કરીએ. આટલું જો તમને સધાઈ જાય તો પાર ઊતરી જવાશે. આ મામૂલી વાત નથી. સર્વપ્રથમ તો સંયમપૂર્વક આપણી બધી ઇન્દ્રિયોને આની ટેવ પાડવી પડશે અને પછી એ જ ઇન્દ્રિયોને ખોલવાની રહેશે. એટલા માટે આપણે જેને સહજ સાધના કહીએ છીએ, તે અઘરી છે. એકનાથ મહારાજે કહ્યું કે લોકો સહજ-સહજની વાતો તો કરે છે, પણ કોઈ વિરલો જ આ 'સહજ'નો સાક્ષાત્કાર કરી શકે છે.

આત્મજ્ઞાન અને વિજ્ઞાન, આ બંને મનને ગૌણ માને છે. આધ્યાત્મિકતા કહે છે કે મનનું ઉન્મન થવું જોઈએ. વિજ્ઞાન પણ એ જ વાત કરે છે. જ્યાં સુધી આવી હાલત છે ત્યાં સુધી આપણામાં મનથી ઉપર ઊઠવાની યોગ્યતા આવી જવી જોઈએ. અને એના માટે આધ્યાત્મિક ઊંડાણમાં જવાની વાત છે.

### મુક્ત મન

અહીં મુખ્યત્વે આ સમજવું જોઈએ કે આપણું મન મુક્ત છે કે નથી. સાંપ્રદાયિક મન બદ્ધ હોય છે અને અસાંપ્રદાયિક મન સ્વૈર હોય છે. સ્વૈર મન અને બદ્ધ મન - આ બંને મનથી ભિન્ન છે, 'મુક્તમન'. આપણે આ મુક્ત મનને સ્વૈરમન સમજવાની ભૂલ ન કરીએ. હું જ્યારે પણ મુક્ત મન અંગે વિચારું છું તો એક બાજુથી જૂનાં પુરાણાં નીતિ-બંધન અને બીજી બાજુથી સ્વૈર વર્તન - આ બંને વિષે વિચારું છું. ત્યારે મને લાગે છે કે જેવી રીતે જૂનાં પુરાણાં નીતિ નિયમોથી મન જકડાઈ જાય છે, એવી રીતે સ્વૈર વર્તનથી મન પણ જકડાયેલું રહે છે. આપણને સ્વૈર વ્યવહારમાં સ્વતંત્રતાનો ભાસ જરૂર થાય છે, પણ હકીકતમાં તે સ્વતંત્રતા નથી. ઘણી વાર લોકો કહેતા હોય છે કે 'અમે તો મન અનુસાર ચાલીએ છીએ.' આનો અર્થ એ થાય કે અમે અમારા પોતાના નોકરના આદેશ પ્રમાણે ચાલીએ છીએ. આમાં કઈ સ્વતંત્રતા રહી ? કેમ કે મન તો આપણું ગુલામ છે, નોકર છે. તો મુક્ત મન અર્થાત્ મનની મુક્તિ. આમ તો 'મુક્ત મન' એ શબ્દમાત્ર છે, કેમ કે સંકલ્પ-વિકલ્પ છોડ્યા પછી મન રહેતું જ નથી.

મનની મુક્તિ માટે શું કરવું જોઈએ ? માણસ પોતાનો અહં ભૂલી જાય.

(અપૂર્ણ)

---

**ફાધર વાલેસ...** (પાન ૮નું ચાલુ)

પુસ્તકો ખરીદીએ, એને ઉથલાવીએ, એને વાંચીએ, એનું મનન કરીએ, એને વ્યવહારમાં ઉતારીએ, એ પુષ્કળ જરૂરી છે. આજનો જમાનો જાહેરાતનો છે. સાધનોની તો ઠીક માણસો પોતાની જાહેરાતો કરતા થઈ ગયા છે! ફાધર લખે છે કે ''જાહેરાતની વૃત્તિ એ આધુનિક માનવીનું લક્ષણ છે... સફળતા હોય તો જરૂર ઢોલ વગાડો.... સાચી સફળતાને તો નમ્રતા ને વિવેક શોભે... જાહેરાત એ ધર્મની ઊધઈ છે.'' ફાધરની વાતો આજે વિશેષ કાને ધરવા જેવી છે.

**- ડંકેશ ઓઝા**

---

## શ્રદ્ધાંજલિ

બ્રહ્મવિદ્યા મંદિર, પવનાર સ્થિત કાલિન્દીતાઈનું તારીખ ૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ રાતે ૧૦.૩૦ વાગ્યે અવસાન થયું છે. તેઓ ૯૪ વર્ષનાં હતાં. તેમના પિતાશ્રી તાત્યા સાહેબ સ્વાતંત્ર્યસેનાની અને બંધારણ-સભાના સભ્ય હતા. તાઈ ૧૯૬૦માં બ્રહ્મવિદ્યા મંદિરમાં આવ્યાં અને વિનોબાજીની યાત્રામાં જોડાયાં હતાં. વિનોબા વિચારના ભાષ્યકાર એવાં તેમણે ૩૫ વર્ષ સુધી 'મૈત્રી' માસિક પત્રિકાનું સંપાદન કર્યું હતું.

છેલ્લા ૨ મહિનાથી તેમણે અન્નનો ત્યાગ કર્યો હતો. માત્ર પાણી પર રહેતાં હતાં. છેલ્લે તે પણ છોડ્યું

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

## શ્રદ્ધાંજલિ

ગાંધીજીનાં પ્રપૌત્રી, હરિલાલભાઈ ગાંધીનાં દીકરી રામીબહેનનાં દીકરી નીલમબહેન યોગેન્દ્રભાઈ પરીખનું તારીખ ૧.૪.૨૦૨૫ના રોજ અવસાન થયું છે. તેમણે આજીવન ગાંધીવિચાર અને શિક્ષણનાં કામો કર્યાં. સદ્‌ગતને ભૂ.પરિવારની શ્રદ્ધાંજલિ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૧૦ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ

*(ભારતીય રાજકારણી અને સોક્રેટિસ વચ્ચે થયેલ અગાઉની બે કાલ્પનિક મુલાકાતોમાં સંશોધન અને ટેકનોલોજીમાં ચીનની પ્રગતિ સાથે તાલમેલ જાળવવામાં ભારતની નિષ્ફળતા અંગે ચર્ચા થઈ હતી. પહેલી મુલાકાતમાં સોક્રેટિસે તેને સમજાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે ભારતની પ્રગતિને અવરોધતાં પરિબળો વાસ્તવમાં ભારતની જૂની-પુરાણી શિક્ષણ પ્રણાલી, અપૂરતું સંશોધન ભંડોળ અને ભારતીય રાજકારણીઓની ટૂંકા ગાળાની રાજકીય માનસિકતા છે. વધુમાં, સોક્રેટિસે જણાવ્યું હતું કે વિવેચનાત્મક વિચારસરણી અને ટેકનિકલ નવીનતા ત્યારે જ ખીલી શકે છે જ્યારે યોગ્ય રીતે તેનું પોષણ કરવામાં આવે. તેથી તેમણે સૂચવ્યું હતું કે વિજ્ઞાન અને સંશોધનના ક્ષેત્રે જો ભારતે સતત પ્રગતિ કરવી હોય તો ભારતીય નેતાઓએ જ્ઞાન, શિક્ષણ અને સંશોધન માટે લાંબા ગાળાનું આયોજન કરવું જોઈએ તથા તે માટે ઉદાર અને વ્યૂહાત્મક રોકાણને પ્રાથમિકતા આપવી જરૂરી છે. જ્યારે બીજી મુલાકાતમાં ભારતીય રાજકારણી સ્વીકારે છે કે ભારત તેની પ્રાથમિકતાઓ નક્કી કરવામાં ક્યાંક ગોથું ખાઈ ગયું છે તે માટે ભારતની લોકશાહી અને રાજકીય સંસ્કૃતિમાં રહેલી ખામીઓ જવાબદાર છે. અને સોક્રેટિસ તેને ભારપૂર્વક સમજાવે છે કે સારા ભવિષ્ય માટે આત્મનિરીક્ષણ અને વિવેચનાત્મક વિચારસરણી જરૂરી છે. ભારતની રાજકીય અને શાસનપ્રણાલીમાં આત્મનિરીક્ષણ અને વાસ્તવિક સુધારાના આહ્વાન સાથે સંવાદ સમાપ્ત થાય છે.*

*હવે સોક્રેટિસ સાથેના આ ત્રીજા કાલ્પનિક સંવાદમાં ભારતીય રાજકારણી આર્થિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે પ્રગતિ કરવા વાસ્તે ભારતે ચીન જેવી સરમુખત્યારશાહી અપનાવવી જોઈએ તેવો વિચાર રજૂ કરે છે. પણ સોક્રેટિસ તેને સરમુખત્યારશાહીની મર્યાદાઓ અને લોકશાહીના ગુણો સમજાવે છે અને સ્થાપિત કરે છે કે લોકશાહી રાષ્ટ્રો પણ સુશાસન દ્વારા સારી એવી આર્થિક પ્રગતિ કરી શકે છે.)*

પાર્શ્વ ભૂમિ : સોક્રેટિસ સ્વર્ગના એક અલૌકિક લીલાછમ વૃક્ષ નીચે બેઠા છે, ઊંડા વિચારમાં ડૂબેલા છે. તેમના પૂર્વ પરિચિત ભારતીય રાજકારણી તેમને જોઈને મંદ મંદ સ્મિત સાથે તેમની પાસે આવે છે.

ભારતીય રાજકારણી : આહ, સોક્રેટિસ! હું તમને અહીં મળવાની આશા રાખતો હતો. ચીનના વૈજ્ઞાનિક અને આર્થિક વિકાસ પરની ચર્ચા પછી થયેલી ભારતીય લોકશાહી ઉપરની આપણી છેલ્લી ચર્ચા ખરેખર જ્ઞાન-વર્ધક હતી. પરંતુ મારે કબૂલ કરવું જોઈએ કે ત્યાર પછી પણ મને કેટલાક પ્રશ્નો ઊભા થયા છે.

સોક્રેટિસ : આવો, આવો બંધુ. પ્રશ્નો શાણપણની નિશાની છે. શું પરેશાન કરે છે તમને?

ભારતીય રાજકારણી : એક ભારતીય નેતા તરીકે, મેં મારા રાષ્ટ્રને મજબૂત કરવા માટે વર્ષો સુધી મહેનત કરી. મેં મારું આખું રાજકીય જીવન ભારતની પ્રગતિ થાય તે માટે પ્રયત્નો કર્યા. છતાં, ચીન દરેક ક્ષેત્રમાં અમારા કરતાં આગળ વધી રહ્યું છે. તેણે માત્ર અત્યાધુનિક ટેકનોલોજી જ વિકસાવી નથી પણ મોટાં મોટાં અને ભવ્ય શહેરો બનાવ્યાં, માળખાગત સુવિધાઓ વિકસાવી, આર્થિક અને લશ્કરી મહાશક્તિ તરીકે તો તે હવે વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્ર અમેરિકાને પણ હંફાવી રહ્યું છે. તેનો વૈશ્વિક પ્રભાવ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. જ્યારે અમારું ભારત આટલું અસ્તવ્યસ્ત કેમ છે? ભારતમાં ભયંકર બિનકાર્યક્ષમતા, બેશુમાર ભ્રષ્ટાચાર, અને રાજકીય ઝઘડાઓ નિરંતર ચાલુ જ રહે છે. મને ઘણી વાર થાય છે કે - ચીનની આવી ભવ્ય સફળતા પાછળ શું રહસ્ય છુપાયેલું છે? એ અંગે વિચારતાં, મને લાગે છે કે તેનો જવાબ તેમની રાજકીય વ્યવસ્થામાં છે. તેમની એક મજબૂત કેન્દ્રિય સત્તા અમારી ખામીયુક્ત લોકશાહી કરતાં વધુ સારી છે. મને થાય છે કે શું ભારતે તેની સખળડખળ લોકશાહીને છોડીને ચીન જેવી વધુ શિસ્તબદ્ધ, કેન્દ્રિય વ્યવસ્થા ન અપનાવવી જોઈએ? ચીનની રાજ્યવ્યવસ્થા ભલે સરમુખત્યારશાહી હોય, પણ આર્થિક વિકાસ અને વૈશ્વિક પ્રભાવમાં અમારા લોકશાહી દેશ કરતાં ચીન ઘણું આગળ નીકળી ગયું છે. તેમના નેતાઓ ઝડપી નિર્ણયો લે છે, કોઈ પણ દખલગીરી વિના નીતિઓ લાગુ કરે છે અને તેમનું રાષ્ટ્ર સમૃદ્ધ થાય છે. તેમની માળખાકીય સગવડો રેકોર્ડ સમયમાં બનાવવામાં આવે છે, તેમની યુનિવર્સિટીઓ વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં ગણાવા લાગી છે, તેમની અર્થવ્યવસ્થા રાજકીય ચર્ચાના અવરોધો વિના વિકાસ પામે છે. તેનાથી વિપરીત, અમારી લોકશાહી સતત ચૂંટણીઓ, વિરોધ પ્રદર્શનો, વાદ-વિવાદ, રાજકીય પક્ષોના અનંત ઝગડા, ભ્રષ્ટાચાર, અને બિન-કાર્યક્ષમતાથી ખરડાયેલી છે.

સોક્રેટિસ : તો, મને લાગે છે કે તમે એમ કહેવા માગો છો, મારા મિત્ર, કે કાર્યક્ષમતા અને આર્થિક સમૃદ્ધિ માટે સરમુખત્યારશાહી સારી ગણાય. બરાબર?

ભારતીય રાજકારણી : ચોક્કસ! ભારતમાં, અતિશય લોકશાહીને કારણે બધું ધીમું ચાલે છે. ભારતમાં લોકશાહીને લીધે અંત વિહીન ચર્ચાઓ અને વાદ-વિવાદ થાય છે. જેને કારણે નિર્ણય લેવાની પ્રક્રિયા ધીમી પડે છે. શું તમને નથી લાગતું, સોક્રેટિસ, કે ચીનનું શાસન-વ્યવસ્થાનું મૉડેલ શ્રેષ્ઠ છે? શું ભારતે એ મૉડેલનું અનુકરણ ન કરવું જોઈએ? એક મજબૂત નેતા અને એક મજબૂત શાસન.

સોક્રેટિસ : તમે એક રસપ્રદ દાવો કરો છો, મારા મિત્ર. પણ મને કહો, 'શ્રેષ્ઠ'નો અર્થ શું છે? તમે કેમ એવું માનો છો કે ભારત ચીનના મૉડેલને અનુસરે તો તે વધુ સારું બનશે?

ભારતીય રાજકારણી : પુરાવા જુઓ! ચીને લાખો લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે, વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ બનાવી છે અને વૈશ્વિક આદર મેળવ્યો છે. આજે યુ.એસ.એ. જેવી વિશ્વની મહાસત્તાને પણ ચીન હંફાવે છે. દરમિયાન, ભારત રાજકીય ઝઘડા, ભ્રષ્ટાચાર અને બિન-કાર્યક્ષમતામાં ફસાયેલું છે. કાર્યક્ષમતા અને પ્રગતિ રાષ્ટ્રીય શક્તિ માટે જરૂરી છે! સરકાર એવા નિર્ણયો લેવા સક્ષમ હોવી જોઈએ જે દેશને માટે ફાયદાકારક હોય. જ્યારે અનંત ચર્ચાઓ અને વિરોધ પ્રદર્શનો અમારી પ્રગતિને અવરોધે નહીં. ચીનમાં સરમુખત્યારશાહીને લીધે ઝડપી નિર્ણય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લેવાય છે. અને અમારી લોકશાહીમાં અમે જે પ્રકારની અરાજકતા જોઈએ છીએ તેથી મને લાગે છે કે અમારો કોઈ ભલીવાર થવાનો નથી. સ્વતંત્રતા શું કામની? ભાડમાં જાય એવી સ્વતંત્રતા જો તેનાથી અમારો કોઈ ભલીવાર ન થતો હોય તો.

સોક્રેટિસ : મારા મિત્ર, તમે શું માનો છો ? લોકો પર શાણપણથી શાસન કરવું જોઈએ કે બળથી?

ભારતીય રાજકારણી : આદર્શ રીતે તો શાણપણથી.

સોક્રેટિસ : તો ચાલો આપણે તપાસ કરીએ કે ચીનની વ્યવસ્થા શાણપણને પોષે છે કે ફક્ત આજ્ઞાપાલન. તમે મને કહો, મિત્ર, જો કોઈ જહાજને તોફાનમાંથી પસાર થવું પડે, તો શું તેના કેપ્ટને ક્રૂ પાસેથી સલાહ લેવી જોઈએ, કે પછી તેણે બીજા કોઈને પૂછ્યા વિના એકલા જ વહાણ હંકારવું જોઈએ?

ભારતીય રાજકારણી : જો કેપ્ટન જ્ઞાની અને સક્ષમ હોય તો તેણે જહાજને એકલા ચલાવવું જોઈએ. ઘણા બધાની સલાહ લેવાથી વિનાશ થઈ શકે છે.

સોક્રેટિસ : અને જો કેપ્ટન અજ્ઞાની હોવા છતાં પોતાને જ્ઞાની સમજતો હોય તો? મૂર્ખ હોય તો? ઘમંડી હોય તો? અથવા જો તે ફક્ત પોતાનો ફાયદો કે સ્વાર્થ જોતો હોય, ક્રૂને છેતરતો હોય અને જહાજને વિનાશ તરફ દોરી જતો હોય તો ?

ભારતીય રાજકારણી : તો ક્રૂએ તેને બદલવો જોઈએ.

સોક્રેટિસ : પરંતુ જો તેણે પહેલેથી જ જહાજ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું હોય તો ક્રૂ શું કરી શકે? શું તેઓ તેના શાસન હેઠળ ફસાઈ જશે નહીં? શું તેઓ કેપ્ટનને પ્રશ્ન કરવા કે દૂર કરવામાં સમર્થ રહેશે? શું તે જહાજની દશા એક હાઈજેક કરેલા વિમાન જેવી નહીં હોય?

ભારતીય રાજકારણી : હું સમજું છું કે તમારો મતલબ શું છે. પરંતુ ચીનના નેતાઓ સક્ષમ છે; તેમની સિસ્ટમ કાર્યક્ષમતાને પુરસ્કારે છે. તેથી જ તેઓ સફળ થાય છે.

સોક્રેટિસ : અને શું તમે માનો છો કે ચીનમાં દરેક નેતા ન્યાયી અને જ્ઞાની છે? ચીનમાં દરેકની સાથે ન્યાયી વ્યવહાર થાય છે?

ભારતીય રાજકારણી : કોઈ પણ સિસ્ટમ સંપૂર્ણ નથી હોતી, સોક્રેટિસ. પરંતુ તેમની સિસ્ટમ શિસ્ત અને સ્થિરતા લાવે છે. ભારતમાં, ઘણા બધા પરસ્પર વિરોધી વિચારોથી અમારી સિસ્ટમને લકવો થઈ ગયો છે.

સોક્રેટિસ : હા, શિસ્ત અને સ્થિરતા જરૂરી છે. પણ મને કહો, મિત્ર, શું સરમુખત્યારશાહીએ પેદા કરેલ શિસ્તબદ્ધ સમાજ સ્વતંત્ર સમાજ કરતાં ખરેખર ન્યાયી હોય છે?

ભારતીય રાજકારણી : ના. એ જરૂરી નથી. સરમુખત્યારશાહી શાસન દમનકારી હોઈ શકે છે. તે વ્યક્તિગત સ્વતંત્રતાઓને મહત્ત્વ આપતી નથી. લોકશાહી, તેની ખામીઓ હોવા છતાં, માનવીની સ્વતંત્રતા અને તેના ગૌરવને જાળવી રાખે છે.

સોક્રેટિસ : અર્થાત્, એકહથ્થુ શાસન વધુ કાર્યક્ષમ હોઈ શકે છે, પણ તે વ્યક્તિગત સ્વતંત્રતાઓ અને માનવીય ગૌરવનો ભોગ લઈને આમ કરે છે. તો પછી, શું તમે મારી સાથે સંમત થશો કે તમારી સમસ્યાને ઉકેલવા માટે લોકશાહીને નાબૂદ કરવાની જરૂર નથી પણ તેને સુધારવાની અને વધુ મજબૂત કરવાની આવશ્યકતા છે?

ભારતીય રાજકારણી : હા, હું એમ માનું છું. આપણે લોકશાહીને સંપૂર્ણ રીતે છોડી દેવાને બદલે તેને વધુ અસરકારક બનાવવી જોઈએ. પરંતુ જ્યારે સ્વતંત્રતા અવ્યવસ્થા તરફ દોરી જાય છે ત્યારે તેનો ફાયદો શો? લોકો તેનો દુરુપયોગ કરે, જૂઠાણું ફેલાવે, અને પ્રગતિમાં અવરોધો ઊભા કરે તો?

સોક્રેટિસ : તો શું તમે કહેશો કે સ્વસ્થ ચર્ચા અને સામૂહિક જવાબદારી પર ભાર મૂકતી લોકશાહી કરતાં એકહથ્થુ સત્તા સારી કહેવાય?

ભારતીય રાજકારણી : જરૂરી નથી, પરંતુ વધુ પડતી ચર્ચા ગૂંચવણ અને નિષ્ક્રિયતા તરફ દોરી જાય છે.

સોક્રેટિસ : અને છતાં, શું તાર્કિક અને સ્વસ્થ ચર્ચા દ્વારા આપણે સાચા નિર્ણયો લેવા સક્ષમ બની શકતા નથી? જો કોઈ માણસ સત્ય જાણવાનો દાવો કરે અને બીજાઓને તેના પર પ્રશ્ન ઉઠાવવાની મનાઈ કરે તો આપણે કેવી રીતે ખાતરી કરી શકીએ કે તે છેતરપિંડી કરતો નથી?

ભારતીય રાજકારણી : તમે સારી દલીલ કરો છો, સોક્રેટીસ. પરંતુ ચીનાઓએ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અદ્ભુત પ્રગતિ કરી છે. ટૂંક સમયમાં અભૂતપૂર્વ આર્થિક અને લશ્કરી તાકાત ઊભી કરી છે. શું તેમની સિસ્ટમની સફળતાના આ પુરાવાઓ નથી?

સોક્રેટિસ : અને જો સમૃદ્ધિ ન્યાયના ભોગે આવે તો? સ્વતંત્રતાના ભોગે આવે તો? માનવીય ગૌરવને ભોગે આવે તો? શું તમે ભૌતિક લાભ માટે આવી અ-માનવીય વ્યવસ્થા સહન કરશો?

ભારતીય રાજકારણી : પણ સોક્રેટીસ, ભારત તરફ જુઓ! અમારી લોકશાહી દરેક મૂર્ખ વ્યક્તિને અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ આપે છે. અમારું અમલદારી તંત્ર નિયમોના આટાપાટામાં જ ગૂંચવાયેલું રહે છે, અમારી અદાલતો ઘણી ધીમી ચાલે છે અને ઘણી વાર તેમાં ભ્રષ્ટાચારના આક્ષેપો પણ થાય છે. શું આવી અરાજકતા ખરેખર પ્રશંસનીય કહેવાય?

સોક્રેટિસ : ચાલો આની વધુ તપાસ કરીએ. તમે કહો છો કે ચીનની કાર્યક્ષમતાનું કારણ તેના નેતાઓને ચર્ચા દ્વારા અવરોધવામાં આવતા નથી તે છે. બરાબર?

ભારતીય રાજકારણી : હા, ચોક્કસ.

સોક્રેટિસ : તો, શું મૂર્ખાઈ અને અન્યાયને અટકાવી શકે તેવા સ્વસ્થ વિચાર-વિમર્શને રૂંધે તેવી રાજકીય વ્યવસ્થા શ્રેષ્ઠ કહેવાય? જે રાજકીય વ્યવસ્થા માત્ર આર્થિક સમૃદ્ધિ જ આપે પણ ન્યાય, જવાબદારી, અને કાયદાના શાસનની અવગણના કરે તેને કેવી રીતે શ્રેષ્ઠ કહી શકાય?

સોક્રેટિસ : વળી, તમે મને કહો, જો કોઈ રાષ્ટ્રમાં ન્યાયતંત્ર સ્વતંત્ર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ન હોય, તો શું કાયદો બધા પર ન્યાયી રીતે લાગુ કરી શકાય?

ભારતીય રાજકારણી : ચીનમાં તો રાજ્યના નિયંત્રણથી તેનું ઔદ્યોગિકીકરણ ઝડપી બન્યું છે. ખૂબ જ ટૂંકા ગાળામાં તે અત્યંત સમૃદ્ધ બન્યું છે. અત્યારે તે વિશ્વની બીજી સૌથી મોટી મહાશક્તિ બની ગયું છે. અને અમને પણ લાલ આંખ બતાવે છે. શું લોકશાહી ક્યારેય આર્થિક રીતે ખરેખર સફળ થઈ શકે છે? અમારામાંથી ઘણા લોકો માને છે કે આર્થિક સમૃદ્ધિ માટે મજબૂત રાષ્ટ્રીય ઓળખ, સશક્ત રાજકીય નેતા, અને કેન્દ્રીય નિયંત્રણ જરૂરી છે. ચીન તેનું જ્વલંત ઉદાહરણ છે. ત્યાં લોકશાહી નથી, છતાં તે દેશ આગળ વધી ગયો છે. જ્યારે ભારત જેવા ઘણા લોકશાહી દેશો સંઘર્ષ કરે છે. શું એ સ્પષ્ટ નથી કે આર્થિક સફળતા માટે શિસ્તની જરૂર છે, અતિશય સ્વતંત્રતાઓની નહીં?

સોક્રેટિસ : (હસીને) તમારી વાત રસપ્રદ છે. તો શું તમે એમ કહેવા માગો છો કે કોઈ લોકશાહી દેશ આર્થિક રીતે સફળ ન થઈ શકે? શું તમે સ્વીડન, નોર્વે, ન્યુઝીલેન્ડ, અને યુરોપના અન્ય લોકશાહી દેશો વિશે જાણો છો? શું તેઓ મજબૂત લોકશાહી નથી? અને શું તેઓ આર્થિક રીતે સફળ નથી?

ભારતીય રાજકારણી : કદાચ. પરંતુ, તે નાના દેશો છે. તેમનું મૉડેલ અમારા જેવા વિશાળ રાષ્ટ્ર પર લાગુ કરી શકાતું નથી.

સોક્રેટિસ : તો, શું લોકશાહી અને આર્થિક સફળતા એકસાથે રહે તે માટે દેશનું કદ નાનું હોવું અનિવાર્ય છે?

ભારતીય રાજકારણી : ફક્ત કદ જ નહીં, પરંતુ જટિલતા. ભારતમાં વિવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ, ધર્મો, અને આર્થિક પડકારો છે. અમને રાષ્ટ્રીય એકતાને નબળી પાડે તેવી વધુ પડતી સ્વતંત્રતાઓ પરવડી શકે નહીં.

સોક્રેટિસ : અને છતાં, શું યુનાઇટેડ સ્ટેટ્સ વિશાળ અને વૈવિધ્ય-સભર દેશ નથી? શું તે એક મહાન આર્થિક તાકાત હોવા છતાં એક મજબૂત લોકશાહી દેશ નથી? મને કહો, જો લોકશાહી પોતે આર્થિક સફળતામાં અવરોધ હોત, તો શું આ બધા લોકશાહી દેશો અત્યાર સુધીમાં આર્થિક રીતે નિષ્ફળ ન થયા હોત?

ભારતીય રાજકારણી : કદાચ કેટલાક સફળ લોકશાહી દેશો ભાગ્યશાળી હોય છે.

સોક્રેટિસ : મારા મિત્ર, સફળતાનું શ્રેય માત્ર નસીબને આપવું શું શાણપણભર્યું છે? સ્વીડન, નોર્વે, ન્યુઝીલેન્ડ, યુરોપના અનેક લોકશાહી દેશો, અને અમેરિકા અકસ્માત નથી. તેઓ ચોક્કસ લાક્ષણિકતાઓ ધરાવે છે. શું આપણે આની તપાસ ન કરવી જોઈએ?

ભારતીય રાજકારણી : તો તમે જણાવો આ રાષ્ટ્રો કઈ લાક્ષણિકતાઓ ધરાવે છે?

સોક્રેટિસ : સૌ પ્રથમ તો, તેઓ કાયદાના શાસનનું સમર્થન કરે છે. ત્યાં કાયદા અને બંધારણનું ચુસ્ત પાલન થાય છે. અને સાથેસાથે તે દેશો વ્યક્તિગત સ્વતંત્રતાઓનું રક્ષણ પણ કરે છે. આ દેશો ખાતરી કરે છે કે લોકો મનસ્વી દમનના ડર વિના તેમના અર્થતંત્રમાં યોગદાન આપે. બીજું, તેઓ શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં ભારે રોકાણ કરે છે. તેમના નાગરિકોને સશક્ત, શિક્ષિત, અને ઉત્પાદક બનવા દે છે. ત્રીજું, તેઓ શાસનમાં પારદર્શિતા જાળવી રાખે છે, ભ્રષ્ટાચાર ઘટાડે છે. ચોથું, ત્યાંના શાસકો મોટેભાગે લોકોને જવાબદાર હોય છે. તેઓ વૈચારિક સ્વતંત્રતાને ઉત્તેજન આપીને નવીન વિચારોને પ્રોત્સાહન આપે છે. અને છેલ્લે, આ બધા જ લોકશાહી દેશો માનવીય ગરિમાને મહત્ત્વ આપે છે; અનેક સામાજિક કલ્યાણની યોજનાઓ જાળવી રાખીને પણ બજારોને મુક્તપણે કાર્ય કરવા દે છે. માટે, મિત્ર, લોકશાહી અને કાર્યક્ષમતા પરસ્પર વિરોધી નથી.

ભારતીય રાજકારણી : પરંતુ, સોક્રેટિસ અમારી સમસ્યા જટિલ છે. અમારા લોકોની અપેક્ષાઓ અમર્યાદિત છે જે અમે અમારાં મર્યાદિત સંસાધનો વડે સંતોષી શકતા નથી.

સોક્રેટિસ : બહુ સરસ. મેં સાંભળ્યું હતું કે ભારતના તમારા જેવા રાજકારણીઓ બહુ હોંશિયાર હોય છે. એટલે વાતને બીજા પાટે ચડાવતાં તેમને સારું આવડે છે. વાંધો નહીં. આપણે મર્યાદિત સંસાધનોનો ઉત્તમ ઉપયોગ કેમ કરી શકાય તેની ચર્ચા કરીએ. મને કહો, મારા મિત્ર, શું કોઈ પણ રાષ્ટ્ર માટે શાણપણ અને શિક્ષણ વધુ મૂલ્યવાન નથી?

ભારતીય રાજકારણી : શિક્ષણ મહત્ત્વપૂર્ણ છે, અલબત્ત. પરંતુ આર્થિક વિકાસ વિના, અમે શિક્ષણને કેવી રીતે ભંડોળ પૂરું પાડી શકીએ? અમારાં મર્યાદિત સંસાધનોનો અમે બેદરકારીથી ખર્ચ ન કરી શકીએ.

સોક્રેટિસ : તો, તમે કહો છો કે ભારત શિક્ષણ અને સંશોધન પર વધુ ખર્ચ કરી શક્તું નથી કારણ કે તેની પાસે નાણાંકીય સંસાધનોનો અભાવ છે?

ભારતીય રાજકારણી : ચોક્કસ! અમારે વ્યાવહારિક બનવું પડે છે. અમે આવશ્યક સેવાઓમાંથી ભંડોળ હટાવી શકતા નથી.

સોક્રેટિસ : પણ મને કહો, શું બધા સરકારી ખર્ચા જરૂરી છે? શું તમારે ત્યાં દરેક રૂપિયો શાણપણથી ખર્ચવામાં આવે છે?

ભારતીય રાજકારણી : અમે અમારા મર્યાદિત ભંડોળને સમજદારી-પૂર્વક ફાળવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરીએ છીએ. સુશાસન માટે અમારે અમારી પ્રાથમિકતાઓને સંતુલિત કરવી પડે છે.

સોક્રેટિસ : તો પછી, ચાલો આમાંની કેટલીક પ્રાથમિકતાઓની તપાસ કરીએ. શું તમારા દેશના રાજકારણીઓ જાહેર ખર્ચે વ્યાપક મુસાફરી ભથ્થાંનો લાભ લે છે?

ભારતીય રાજકારણી : હા..., પણ શાસન માટે તે જરૂરી છે! નેતાઓએ વિકાસની દેખરેખ માટે મુસાફરી કરવી જ જોઈએ.

સોક્રેટિસ : અને શું તેમને જે મોંઘી દાટ સુરક્ષા મળે છે, જે ઘણી વાર સામાન્ય જરૂરિયાત કરતાં વધુ નથી હોતી?

ભારતીય રાજકારણી : અલબત્ત! નેતાની સલામતી શાસનમાં સ્થિરતા સુનિશ્ચિત કરે છે.

સોક્રેટિસ : પણ, ઘણી વાર સુરક્ષાને બહાને તેઓ લોકોને તેમનો દબદબો અને મોભો બતાવવા માગતા નથી? અને શું જાહેર ભંડોળ બિન-



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જરૂરી ભવ્ય સમારંભો અને મેળાવડાઓ માટે વપરાતું નથી?

ભારતીય રાજકારણી : આ તો રાજદ્વારી વહીવટનો ભાગ છે!

સોક્રેટિસ : હું સમજું છું. અને જાહેરાતોનું શું - શું સરકારો પોતાની અને ખાસ કરીને નેતાઓની પ્રસિદ્ધિ અને પ્રચાર માટે મોટી રકમ ખર્ચ કરતી નથી?

ભારતીય રાજકારણી : લોકશાહીમાં જન જાગૃતિ ઝુંબેશ જરૂરી હોય છે!

સોક્રેટિસ : અને મને કહો, શું તમારા ધારાસભ્યો અને સંસદના સભ્યો ટૂંકા ગાળા માટે સેવા આપ્યા પછી પણ આજીવન પેન્શન અને વિશેષાધિકારો મેળવવાના હકદાર છે?

ભારતીય રાજકારણી : તે સાચું છે, પરંતુ તેઓએ રાષ્ટ્રની સેવા કરી છે!

સોક્રેટિસ : અને શું વિદ્યાર્થીઓની પેઢીઓને શિક્ષિત કરનાર શિક્ષકોને કે નવી નવી શોધો કરતા વૈજ્ઞાનિકોને આવી બધી સગવડો અને આટલું ઉદાર પેન્શન મળે છે?

ભારતીય રાજકારણી : ના, પરંતુ તેમના પગાર અલગ રીતે રચાયેલ છે.

સોક્રેટિસ : આહ, તો જેઓ રાષ્ટ્રનો બૌદ્ધિક પાયો બનાવે છે તેઓ ઓછા અધિકાર મેળવે છે, જ્યારે જેઓ રાજકારણમાં થોડા સમય માટે સેવા આપે છે અને મોટે ભાગે અનૈતિક ખટપટોમાં રચ્યા-પચ્યા રહે છે તેઓ આજીવન વિશેષાધિકારોનો આનંદ માણે છે. શું આ વાજબી લાગે છે?

ભારતીય રાજકારણી : (ગેંગે ફેંગે થઈને) તે સંપૂર્ણપણે વાજબી ન કહેવાય.

સોક્રેટિસ : અને તમે લોકો ચૂંટણીઓ પાછળ લાખો કરોડનો ખર્ચ કરો છો તેનું શું?

ભારતીય રાજકારણી : પરંતુ અમારી વિશાળ લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણીઓ પર મોટા ખર્ચની જરૂર છે. સરકારને પણ લખલૂટ ખર્ચો કરવો પડે છે. અને અમારા જેવા રાજકારણીઓએ પણ ચૂંટણી જીતવા માટે વ્યક્તિગત રીતે ખૂબ ખર્ચ કરવો જ પડે.

સોક્રેટિસ : આહ! તો, તમે કહો છો કે ચૂંટણીખર્ચ પણ તમારા મર્યાદિત રાષ્ટ્રીય સંસાધનોને ખાઈ જાય છે. તો શું આ ખર્ચ ઘટાડવામાં સમજદારી નથી? હું સમજું છું કે લોકશાહીમાં ચૂંટણીઓ અનિવાર્ય હોય છે. પણ શું રાષ્ટ્રના વિશાળ હિતમાં ચૂંટણીપ્રથામાં બુધ્ધિપૂર્વકના સુધારા ન કરી શકાય, જેથી ચૂંટણીઓ ઓછી ખર્ચાળ બને ?

ભારતીય રાજકારણી : તે આદર્શ હશે, પરંતુ રાજકીય વાસ્તવિકતા તેને અશક્ય બનાવે છે. લોકશાહી માટે પ્રચારની જરૂર છે, અને પ્રચાર માટે ભંડોળની જરૂર છે. પ્રચારખર્ચ ઘટાડવો શક્ય નથી. લોકશાહીમાં રાજકારણીઓએ સ્પર્ધા કરવી જ જોઈએ.

સોક્રેટિસ : અને છતાં, શું ઓછા ખર્ચથી ન્યાયી ચૂંટણીઓ ન થઈ શકે? અને શું ન્યાયી અને સ્વસ્થ સ્પર્ધા ધનબળ કરતાં વિચારધારા પર આધારિત ન હોવી જોઈએ? જો ચૂંટણીઓ પાછળ થતા વધુ પડતા ખર્ચમાં ઘટાડો કરવામાં આવે, તો શું રાષ્ટ્રની પ્રગતિ માટે બચાવેલાં સંસાધનો ઉપલબ્ધ નહીં થાય?

ભારતીય રાજકારણી : આદર્શ રીતે, હા.

સોક્રેટિસ : તો પછી મને કહો, મારા મિત્ર, જો આપણે આ બધા ઉડાઉ ખર્ચાઓ - વૈભવી મુસાફરીઓ, અતિશય ખર્ચાળ સમારંભો અને મેળાવડાઓ, નેતાઓની અત્યંત ખર્ચાળ સુરક્ષા, સ્વ-પ્રચારાત્મક જાહેરાતો, સંસદસભ્યો અને ધારાસભ્યોને અમર્યાદિત પેન્શન અને વિશેષ લાભો, ચૂંટણીઓમાં થતા લખલૂટ ખર્ચા વગેરેની ગણતરી કરીએ તો શું તે લાખો કરોડ જેટલી રકમ નહીં બને? મારા મિત્ર, શું આવા બિનજરૂરી ખર્ચાઓ અને નેતાઓના વિશેષાધિકારો ઘટાડવાથી શિક્ષણ અને સંશોધનમાં વધુ રોકાણ કરવાની સવલત નહીં મળે?

ભારતીય રાજકારણી : કદાચ, બને. કહે છે ને કે ટીપે ટીપે સરોવર ભરાય. પરંતુ આ ખર્ચાઓ સંપૂર્ણપણે બંધ કરી શકાતા નથી.

સોક્રેટિસ : મારા ભાઈ, તમે કહો છો કે ટીપે ટીપે સરોવર ભરાય. તે જ રીતે જો ઉપરોક્ત દરેક બાબતમાં થોડો થોડો ઘટાડો કરવામાં આવે, તો શું તેનાથી શિક્ષણ અને સંશોધન માટે પૂરતું ભંડોળ ન મળી રહે?

ભારતીય રાજકારણી : (અનિચ્છાએ) તે શક્ય લાગે છે.

સોક્રેટિસ : અને જો ભારત તેના શિક્ષણ અને સંશોધનને મજબૂત બનાવે, તો શું તે લાંબા ગાળે આર્થિક અને વ્યૂહાત્મક રીતે વિકાસ કરશે નહીં?

ભારતીય રાજકારણી : તે સંભવ છે.

સોક્રેટિસ : તો પછી, શું એનો અર્થ એ નથી કે નકામા અને ઉડાઉ ખર્ચમાં ઘટાડો કરીને અને શાણપણમાં રોકાણ કરીને તમારું રાષ્ટ્ર નવીનતામાં ચીન સહિત અન્ય દેશોને પાછળ છોડી શકે છે?

ભારતીય રાજકારણી : તે થઈ શકે છે. પરંતુ તે પૂરતું નથી. આવા બધા ખર્ચાઓ ઘટાડવામાં આવે તો પણ અમને વધુ આવકની જરૂર પડશે.

સોક્રેટિસ : તો પછી ચાલો બીજા માર્ગની તપાસ કરીએ. શું ભારતમાં જાહેર ક્ષેત્રનાં સાહસો કાર્યક્ષમ રીતે કાર્ય કરે છે?

ભારતીય રાજકારણી : હંમેશા નહીં. ઘણાં એકમો બિનકાર્યક્ષમ અને નુકસાનકારક છે. તેમાં ભ્રષ્ટાચાર પણ વ્યાપક છે.

સોક્રેટિસ : જો આ બિનકાર્યક્ષમતા સુધારવામાં આવે અને ભ્રષ્ટાચાર રોકવામાં આવે તો શું સરકાર આવાં એકમોમાંથી નોંધપાત્ર ભંડોળ મેળવી શકે નહીં?

ભારતીય રાજકારણી : હા, પરંતુ સુધારા મુશ્કેલ છે. અમલદારશાહી અને રાજકીય હસ્તક્ષેપ કાર્યક્ષમતાને નુકસાન પહોંચાડે છે.

સોક્રેટિસ : પરંતુ શું મુશ્કેલીનો અર્થ અશક્યતા છે? જો સરકારી એકમોની બિનકાર્યક્ષમતા અને ભ્રષ્ટાચાર ઘટાડવામાં આવે, તો શું તે રાષ્ટ્રીય પ્રગતિમાં ફાળો નહીં આપે?

ભારતીય રાજકારણી : તે થશે. પરંતુ તેમ છતાં પણ અમારો દેશ બહુ મોટો છે. અમને વધુ આવકની જરૂર પડશે.

(જુઓ પાન નં. ૧૪)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ફાધર વાલેસ : ભારતીય સંસ્કૃતિનો ખ્રિસ્તી દૂત

**કો**ઈ વ્યક્તિ સ્પેનની હોય, ખ્રિસ્તી ધર્મમાં કિશોર વયે જેણે દીક્ષા લીધી હોય, અધ્યાપક ગણિતશાસ્ત્રના હોય, ગુજરાતી ભાષા તો ઠીક અંગ્રેજી પણ ભારતમાં આવીને શીખ્યા હોય; એવી વ્યક્તિ ભાષા શીખે, એવું સારું લખે કે ગુજરાતી સાહિત્યકારો જે ઝંખતા હોય એવો રણજિતરાય સુવર્ણચંદ્રક એમને પ્રદાન થાય તો એવી વ્યક્તિનું નામ હશે ફાધર વાલેસ !

ગુજરાતી ભાષામાં બહુ શરૂઆતમાં જૈનોનું પ્રદાન છે, તે પછી પારસીઓનું પ્રદાન છે. મરાઠીઓએ કર્યું જ છે, આ તો વિદેશી ખ્રિસ્તી. કાકા કાલેલકરને આપણે 'સવાયા ગુજરાતી' કહ્યા. ગુજરાતીઓ એટલે શ્રીસવાનું પૂજન કરનારી પ્રજા. એને થોડુંક વધારે જોઈએ, થોડુંક નમતું જોઈએ. એને 'શુભ-લાભ' બંને સાથે જોઈએ ! ફાધર વાલેસે એવું કામ કર્યું કે કાકાએ તેમને 'સવાયા ગુજરાતી' કહ્યા.

જન્મભૂમિ સ્પેન, પિતાનું નામ જોસેફ, માતાનું નામ મારિયા. દસ વર્ષની વયે પિતા ગુમાવ્યા. આંતરવિગ્રહને કારણે ઘર છોડીને ચર્ચમાં શરણાર્થી તરીકે રહેવું પડ્યું. પંદર વર્ષની વયે દીક્ષા લીધી.

૧૯૪૯માં ૨૪ વર્ષની યુવાન વયે ભારત આવવાનું થયું. ૧૯૫૩માં મદ્રાસમાં ગણિતશાસ્ત્ર વિષય સાથે અનુસ્નાતક થયા. મહારાષ્ટ્રમાંથી ગુજરાત જુદું પડ્યું ત્યારે ૧૯૬૦માં અમદાવાદ આવ્યા. ત્રણ દાયકા સુધી ગુજરાતમાં રહ્યા. અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના અધ્યાપક હતા.

અમદાવાદમાં ભણાવતાં ભણાવતાં વિદ્યાર્થીઓના સંપર્કને કારણે ગુજરાતી શીખ્યા. અત્યંત સાદગીભર્યું જીવન. સાઇકલ ઉપર ફરતા. ગુજરાતની સંસ્કૃતિ અને સંસ્કાર ઝીલવા હતા તેથી ૧૯૭૩માં એવો વિચાર કર્યો કે અમદાવાદની પોળોમાં વસતા ગુજરાતીઓના ઘરમાં જઈને રહેવું. પૂરાં દસ વર્ષ આ ઉપક્રમ ચલાવ્યો. મધ્યમ વર્ગના પરિવારોમાં મહેમાન તરીકે રહેતા પણ ઘરના સભ્ય તરીકે કામમાં પણ જોડાતા. થોડા થોડા દિવસે ઘર બદલતા.

એક વાર તેમણે લખેલું કે ઘરની બહેન દાદર ઊતરીને નીચે પાણી ભરવા ગઈ છે. ઘોડિયામાંનું બાળક રડે છે. હું લેખ લખી રહ્યો છું. સાથે-સાથે બાળકને ઝુલાવીને શાંત રાખવાનો પ્રયત્ન કરું છું. 'ગુજરાત સમાચાર' દૈનિકમાં યુવાનોને સંબોધતી કોલમ 'નવી પેઢીને' શરૂ થઈ તે પહેલાં તેમણે તંત્રી બચુભાઈ રાવતના પ્રતિષ્ઠિત સામયિક 'કુમાર'માં લખવા માંડેલું. એ લેખોમાંથી એમનું પ્રથમ પુસ્તક બહાર પડ્યું, નામે 'સદાચાર'. એટલું લોકપ્રિય થયું કે આજે એની સોળ આવૃત્તિઓ થઈ છે !

એમની લખવાની શૈલી અત્યંત સરળ અને પ્રવાહી. ટૂંકાં ટૂંકાં વાક્યોની સહજ અભિવ્યક્તિ. ગુજરાતી ભાષાને એવો અને એટલો પ્રેમ કર્યો છે જેટલો સરેરાશ ગુજરાતી નથી કરતો. એમણે લખ્યું છે, હું લખતાં લખતાં વારંવાર ગુજરાતી શબ્દકોશ ઉથલાવું છું. ઉપયોગને કારણે તે ફાટી જાય છે તેથી વારંવાર નવો ખરીદું છું. મારા હાથ છે, મારું લખાણ છે, મારા હાથે ખોટી જોડણી ન લખાય, એની ચીવટ રાખું છું. છે આપણા ગુજરાતીઓની આટલી મહેનત કે ચીવટ ?

ખ્રિસ્તી ધર્મમાં ફાધર હતા. એટલે સંપ્રદાયના સંતની માફક કુટુંબ સંબંધ પૂરેપૂરો સમાપ્ત કર્યો હોય. લોહીના સંબંધનો વિચ્છેદ એ લગભગ મોટાભાગના ધર્મ-સંપ્રદાયોની પૂર્વ શરત હોય છે. પણ ફાધર જુદી માટીના હતા. આપણા આદિ શંકરાચાર્યે પણ સંન્યાસી હોવા છતાં માતાને અગ્નિદાહ આપેલો ! ફાધર વયોવૃદ્ધ માતાની સેવા-ચાકરી કરવા ગુજરાત છોડીને અને સંપ્રદાય છોડી ૧૯૯૦માં માદરે વતન સ્પેન પહોંચી ગયા. દસ વર્ષ સેવા કરી. માતાએ ૧૦૧ વર્ષે પુત્રના ખોળામાં દેહ છોડ્યો.

પંચોતેરમા વર્ષે કોમ્પ્યુટર શીખવા લાગ્યા. એટલું જ નહિ, પોતાની વેબસાઈટ શરૂ કરી. એમની ધર્મ વિશેની સમજણ અતિશય આધુનિક અને પ્રગતિશીલ રહી. એમણે ગુજરાતીમાં પંચોતેર, અંગ્રેજીમાં ચોવીસ, સ્પેનિશમાં બેંતાલીસ પુસ્તકોનું સર્જન કર્યું. લેટિન અમેરિકાના વીસેક દેશોમાં સ્પેનિશ ભાષા બોલાય છે, અંગ્રેજી નહિ. ગુજરાતમાં અને દુનિયામાં પુષ્કળ પ્રવાસ કરીને વક્તવ્યો પણ આપ્યાં.

તેઓ ગમ્મતમાં કહેતા કે ગુજરાતીમાં કહેવત છે – એક ભવમાં બે ભવ કરવા. મારા માટે તો ત્રણ નિર્માયા છે : સ્પેન, ગુજરાત/ભારત અને લેટિન અમેરિકા. ગુજરાત છોડ્યા પછી વર્ષમાં એક વખત નિયમિત ગુજરાતમાં આવતા અને પોતાના ચાહકોને મળવામાં એમને આનંદ આવતો. વક્તા તરીકે સાંભળવા ગમે તેવા. એમના મોઢે બોલાતી ગુજરાતી અત્યંત મીઠી લાગતી.

આજે આપણે દુનિયાના 'વિશ્વગુરુ' બનવાની ખેવના સેવીએ છીએ. કોઈ પણ ભારતીયને ગૌરવ પમાડે તેવી આ વાત છે. આપણે એને માટે યોગ્ય છીએ કે કેમ એ જરા જુદી વાત છે. ફાધર વાલેસે પોતાની એ યોગ્યતા પુરવાર કરી હતી. એમણે લખ્યું છે કે એક વાર દક્ષિણ આફ્રિકામાં એક ટી.વી. કાર્યક્રમમાં એક ગોરો ખબરપત્રી તેમની મુલાકાત લેતો હતો. એની માનસિકતા ભારત પ્રત્યે સદ્‌ભાવની ન હતી. તેથી જરા તોછડાઈથી તે પ્રશ્ન પૂછતો હતો. ભારત ગરીબ છે, ભારત ગંદું છે, ત્યાં અનેક પ્રકારની અવ્યવસ્થાઓ છે, એવું તારણ એ કાઢતો હતો. મુલાકાતનો અંત પણ એ નકારાત્મક અસરથી લાવવા માંગતો હતો. તેથી છેલ્લી સેકન્ડોમાં તેણે પ્રશ્ન કર્યો : ભારત શેની નિકાસ કરી શકે એટલે કે દુનિયાને શું આપી શકે ? ફાધર ક્ષણભર મૂંઝાઈ ગયા, પણ તરત સ્મિત સાથે સ્પષ્ટ જવાબ આપ્યો કે, 'ભારત શાંતિની નિકાસ કરે છે' ! અને આ કાર્યક્રમ એ રણકતા શબ્દ સાથે પૂરો થયો. ફાધર લેખનું સમાપન કરતા લખે છે : ''એ કામ છે. એ જવાબદારી છે. એ સેવા છે. એ વિનંતી છે. શાંતિની નિકાસ કરીએ. એ સૌથી મોંઘી મૂડી છે.''

ફાધરના શતાબ્દી પર્વે આપણે ફરી એક વાર આ શાંતિના દૂતનાં

(જુઓ પાન નં. ૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મહિલાઓ માટે કૃતજ્ઞતા નિધિ

''હું ? હું તો કંઈ નથી કરતી, ઘરે જ હોઉં છું અને હાઉસ વાઈફ છું.'' મારે ઘણી વાર આવા જવાબનો સામનો કરવો પડે છે. જ્યારે કોઈ દંપતીની મુલાકાત થાય તો ઘણે ભાગે પુરુષ જ પોતાનો પરિચય પહેલાં આપે છે. તેમનાં પત્ની પાછળ-બાજુમાં ઊભાં હોય છે. ચૂપચાપ 'નમસ્તે' કરે છે. હું જેમ પુરુષને પૂછું તેમ બહેનને પણ પૂછું છું 'અને આપ શું કરો છો ?' આની પાછળ મારો હેતુ તેમની હાજરીની નોંધ લેવાનો અને વાતચીતમાં તેમને ભેળવવાનો હોય છે, તેમની કમાણીના સ્રોત અંગે પૂછવાનો નહીં. પરંતુ જો એ બહેન ગૃહિણી હોય તો એવું બને છે કે તે સંકોચ પામે છે, તેમાં પણ જો તે ભણેલી ગણેલી આધુનિક બહેન હોય તો ખાસ આવું બને છે. સંકોચથી તે કહે છે તે 'કંઈ નથી' કરતી.

આ જવાબથી હું વ્યાકુળ બની જાઉં છું. હું તેમને કહું છું, ઘરમાં કામ કરવું એ 'કંઈ નહીં'ની કક્ષામાં નથી આવતું. પોતાનો દાખલો આપું છું. એક વાર મારે ત્રણ અઠવાડિયાં સુધી એકલે હાથે મારાં બંને નાનાં બાળકોને સાચવવાનો વારો આવ્યો હતો. અમે વિદેશમાં હતાં એટલે બીજી કોઈ પારિવારિક મદદ પણ મળે તેમ ન હતું. ત્યાં કોઈ પણ કામનું વેતન એટલું છે કે પૈસા આપીને ઘરનાં કામો કરાવવાની શક્તિ બહુ ઓછા લોકોની હોય છે. તેથી બાળકોને તૈયાર કરવાં, શાળામાં મૂકવા જવાથી માંડીને રસોઈ, વાસણ, ઘરની સફાઈ – બધું કામ જાતે જ કરવું પડતું હતું. ત્રણ અઠવાડિયાં સુધી ''કંઈ નહીં'' કરતાં-કરતાં મારી કમર તૂટી ગઈ હતી. તેથી જ્યારે કોઈ ''કંઈ નહીં'' કહે છે ત્યારે મને ખ્યાલ આવે છે કે એ કેટલી મહેનતનું કામ છે !

આ કિસ્સો સાંભળીને ગૃહિણીના ચહેરા પા સ્મિત આવી જાય છે. પરંતુ હૃદય અને મગજ પર પડેલી આ વાતને તમે એક દાખલાથી તો ભૂંસી નથી શકતા. સમાજને કેવી રીતે સમજાવીએ કે એક સ્ત્રી કેટલું કામ કરે છે – જ્યારે તે માત્ર 'ઘરમાં' હોય છે.

આમ તો આ બાબત સાબિત કરવાની કંઈ જરૂર ન હોવી જોઈએ, પરંતુ તાજેતરમાં જ એક સરકારી અહેવાલે મારી આ ધારણાને પુષ્ટિ આપી કે ખરેખર એક સરેરાશ સ્ત્રી એક સરેરાશ પુરુષ કરતાં વધારે કામ કરે છે. આ કોઈ નાનોસૂનો અભ્યાસ કે આમ જ કોઈના ખિસ્સામાંથી કાઢેલો આંકડો નથી. ભારત સરકારે છેલ્લાં પાંચ વર્ષથી સરકારી રાહે અખિલ ભારતીય સ્તર પર 'ટાઈમ યુઝ સર્વે' કરવાનું શરૂ કર્યું છે. દર પાંચ વર્ષે નેશનલ સેંપલ સર્વે દ્વારા કરવામાં આવતા આ સર્વેમાં દેશનાં લગભગ દોઢ લાખ કુટુંબોના છ વર્ષથી મોટા બધા સભ્યોનો સર્વે કરવામાં આવે છે.

આ સર્વેમાં તેમના ઘરે જઈને તેમને પૂછવામાં આવે છે કે છેલ્લા ચોવીસ કલાકમાં તમે શું શું કર્યું. દર અડધા કલાક કે તેથી પણ ઓછા સમયમાં કરેલ દરેકેદરેક કામની વિગતો તેમાં નોંધીને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે – આ અહેવાલમાં. આ અભ્યાસનો પ્રથમ અહેવાલ વર્ષ ૨૦૧૯માં બહાર પડ્યો હતો. બીજો રિપોર્ટ તાજેતરમાં જ કેન્દ્ર સરકારે સાર્વજનિક કર્યો છે.

૨૦૨૪ના આંકડા પર આધારિત આ નવો અહેવાલ જણાવે છે કે આપણા દેશમાં એક સરેરાશ સ્ત્રી દરરોજ એક સરેરાશ પુરુષની સરખામણીમાં એક કલાક વધુ કામ કરે છે. ચોક્કસ આંકડા જોઈએ તો સરેરાશ દરેક પુરુષ દરરોજ ૩૦૭ મિનિટ (એટલે કે ૫ કલાક ૭ મિનિટ) કામ કરે છે તો એક સરેરાશ દરેક મહિલા દરરોજ ૩૬૭ મિનિટ (છ કલાક ૭ મિનિટ) કામ કરે છે. ફેર એટલો છે કે પુરુષને મહદ્અંશે તેના આ કામ માટે વેતન મળે છે, પરંતુ સ્ત્રીના મોટાભાગના કામનું કોઈ વેતન તેને મળતું નથી. એક સરેરાશ પુરુષના ૩૦૭ મિનિટના કામમાંથી ૨૫૧ મિનિટના કામના તેને પૈસા મળે છે. તેની માત્ર ૫૬ મિનિટ એવાં કામોમાં જાય છે જેમાંથી કમાણી નથી થતી. પરંતુ સ્ત્રીની પરિસ્થિતિ તદ્દન ઊંધી છે. તેના ૩૬૭ મિનિટના કામમાંથી તેને માત્ર ૬૨ મિનિટના કામમાંથી વેતન મળે છે અને તેનું ૩૦૫ મિનિટનું કામ 'કંઈ નહીં'ની શ્રેણીમાં આવે છે. અને તેથી જ માત્ર એટલું કહેવું યોગ્ય નથી કે પુરુષ બહારનું કામ કરે છે અને સ્ત્રી ઘરનું. અંદર તેમજ બહાર બંને કામ ભેગાં કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે સ્ત્રીનું કામ ભારે (વધુ મેહનત-સમય લેનારું) હોય છે.

૨૦૨૪ના રિપોર્ટના બધા આંકડા હજુ જાહેર નથી કરાયા પરંતુ ૨૦૧૯ના આંકડાઓને આધારે આપણે થોડી ઊંડાણથી આ વાત સમજીએ. આ 'કંઈ નહીં' વાળાં કામ મુખ્યતઃ બે શ્રેણીમાં વહેંચી શકાય તેમ છે – એક તો ઘરમાં રસોઈ, સફાઈ, કપડાં ધોવાં, પાણી ભરવું જેવાં ઘર ચલાવવા માટે કરવાનાં કામો અને બીજું બાળકો અને વયસ્કોને સંભાળવાનું કામ.

આ બંને પ્રકારનાં કામોમાં સ્ત્રીઓ પર આવતો ભાર દરેક વર્ગનાં કુટુંબોમાં આપણે જોઈ શકીએ છીએ. એક સામાન્ય ભ્રમ એવો પ્રવર્તે છે કે સ્ત્રી જ્યારે કમાવા લાગે છે ત્યારે તેના પરથી આ બોજો ઓછો થઈ જાય છે. પ્રસ્તુત રિપોર્ટ કહે છે કે હકીકતમાં કામ કરનારી એટલે કે પૈસા કમાનારી બહેનો બંને તરફથી પિસાય છે. ગ્રામીણ કુટુંબોમાં રોજી માટે કામ કર્યા બાદ પણ આ બંને પ્રકારનાં ઘરનાં કામોમાં સ્ત્રીની સરેરાશ ૩૪૮ મિનિટ ખર્ચાય છે તો શહેરી કુટુંબોમાં પણ ૩૧૬ મિનિટ. જો પુરુષ બેરોજગાર હોય તો પણ મોટાભાગના કિસ્સાઓમાં તે ઘરના કામમાં મદદરૂપ નથી બનતો.

૨૦૧૯નો રિપોર્ટ એ ભ્રમનું પણ ખંડન કરે છે કે સ્ત્રીઓ સજવા-ધજવા પાછળ વધુ સમય ખર્ચે છે. એક સરેરાશ દિવસમાં નહાવા-ધોવા તૈયાર થવામાં પુરુષને ૭૪ મિનિટ લાગે છે. જ્યારે બહેનોને તેનાથી ઓછી ૬૮ મિનટ થાય છે. ખાવા-પીવામાં પુરુષોને મહિલાઓ કરતાં દસ મિનિટ વધુ સમય લાગે છે. ગૃહિણીને આરામ કરવા, વાતચીત કરવા તેમજ મનોરંજન માટે દિવસમાં ૧૧૩ મિનિટ મળે છે જ્યારે પુરુષને ૧૨૭ મિનિટ.

હવે સવાલ એ છે કે એ કોણ નક્કી કરે છે કે કયા કામ માટે પૈસા (વેતન) મળે અને કયા કામ માટે નહીં ? સ્પષ્ટ જ છે કે આ બાબત કામના મહત્ત્વના આધાર પર નક્કી નથી થતી. ઓફિસ અને ફેક્ટરીના કામ

(જુઓ પાન નં. ૧૬)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શું ખેડૂતો પર્યાવરણના પ્રહરી ન બની શકે ?

જીવતા જીવની અનિવાર્ય જરૂરિયાત હવા, પ્રકાશ, પાણી અને ખોરાક છે. આમાં કોણ ખેડૂત કે કોણ ઉદ્યોગકાર, કોણ ભણેલ કે કોણ અભણ, કોણ લાગવગિયો રાજકારણી છે કે કોણ ઝૂંપડાંમાં રહેતો મજૂર ! અરે, પશુ, પંખી, ઢોર-ઢાંખર કે ભલેને હોય જંગલનું ઝાડવું કે વગડાનું ઘાસપૂસ! છે તો જીવતો જીવને ? બસ, આટલી જ ઓળખાણ કાફી છે તેની આટલી જરૂરિયાત માટે.

આ બધામાં એક માણસજીવ જ ભગવાને એવો બનાવ્યો છે કે જેને વિચારવા મગજ, સંવેદનશીલ હૃદય અને રજૂઆત કરવા વાણીની ભેટ ધરેલી છે. પૃથ્વી પરના તમામ જીવો પ્રાકૃત જીવન જીવનારા હોઈ કુદરતના નિયમોને આધિન, સમય સમયનાં ઋતુ પરિવર્તનો કે હવામાનના ફેરફારો સાથેનો સંવાદ સધાતો રહી, તેમની જરૂરિયાતોની પૂર્તિ થવા સાથેનું જીવન કુદરતના પ્રવાહમાં વહેતું હોય છે. એટલે એ બધા ન તો કુદરતી પરિસ્થિતિઓમાં એટલે કે પર્યાવરણમાં સુધારો કરી શકવા સમર્થ છે કે ન કોઈ પણ જાતની ખરાબી વહોરવામાં ! અને ખરું કહીએ તો પર્યાવરણમાં થઈ રહેલ પ્રદૂષણ, એ પ્રકૃતિને ખોરવવા ઇરાદાપૂર્વક માણસજાતિએ ગોઠવેલું ષડ્યંત્ર પણ નથી. આ મારા વિધાન સામે તમે તુરંત પૂછવાના; તો પછી પર્યાવરણના આ બગાડ માટે જવાબદાર કોણ ?

સાંભળો : માનવીની પ્રકૃતિના જાણકારોનું કહેવું છે કે માણસો પોતાની રીતે જીવવા, એકબીજાની શારીરિક, કૌટુંબિક અને સામૂહિક જરૂરિયાત અને પ્રકૃતિદત્ત ઇચ્છા પૂરી કરવા, તેની સમજમાં આવતાં નિર્દોષ ઉપાયો અને વિશિષ્ટ રીત-પદ્ધતિઓ વ્યવહારમાં ગોઠવતા હોય છે. આ માટે ઊભી કરાતી વ્યવસ્થાની કંઈ કેટલીય અણધારી આડઅસરોને કારણે સારાં કે માઠાં પરિણામો આવી મળે છે. તેના યશ-અપયશનો ટોપલો છેવટે તો એના સર્જક માણસના માથે જ ઢોળાય એ દીવા જેવી વાત છે ભાઈ ! એવા અપયશથી બચવા આપણા કેવા વ્યવહારોથી સમગ્ર જીવસમાજને ક્યા પ્રકારની વિધાયક કે વિનાશક અસરો પહોંચશે તેનો ઝીણવટભર્યો અભ્યાસ કરી લેવો તે આપણી પ્રાથમિક અને અત્યંત જવાબદારીવાળી ફરજ બની રહે છે.

### આપણા ક્યા કાર્યક્રમોથી માઠી અસર ઊપજે છે ?

ગણવા બેસીએ તો પર્યાવરણને માઠી અસર પહોંચાડનારાં કુકર્મોની જવાબદારી કોઈ એક વર્ગની નહીં, પણ સૌની સહિયારી જ ગણાય એવું છે. વિવિધ જાતનાં નાનાં અને મોટાં વાહનચાલકો, સમાજની નાની-મોટી જરૂરી જણસોના ઉત્પાદકો અને ઉદ્યોગકારો, ખોરાકી જરૂરિયાતો પૂરી પાડતા જગતાત ખેડૂતો તથા ચીજ-વસ્તુના વપરાશ અને નિકાલમાં વિવેક ચૂકતા આમનાગરિકો, બધાએ શું કરાય અને શું ન કરાય,તે અંગે ગંભીરતાથી વિચારી લેવાનો સમય પાકી ગયો છે. શરૂઆત તો પોતાની જાતથી જ કરાયને ? આપણે રહ્યા ખેડૂત. આપણે પહેલાં આપણી આચારસંહિતા તપાસી લઈએ.

### પર્યાવરણને હાનિકારક આપણા કોઈ કાર્યક્રમ ખરા ?

છાતી માથે હાથ રાખી કહીએ તો હા, એવા કાર્યક્રમો પણ છે જ ! જેમ કે.....

### ૧. જમીનનું પોત પાંગળું બનાવનારા કાર્યક્રમો :

જેમ મોટાભાગના જીવોનો નિભાવ વનસ્પતિ અગર વનસ્પતિ આધારિત ખોરાક પર રહેલો છે, તેમ તે વનસ્પતિએ પોતાનું અસ્તિત્વ ટકાવવા એટલે કે ઊભવા, વધવા અને વિકસવા, ફૂલવા અને ફળવા પાછો જમીનનો આશરો લેવો પડતો હોય છે. એટલે જેની જાળવણીમાં સમગ્ર જીવસૃષ્ટિની જાળવણી સમાયેલી છે, તેવી 'જનનીરૂપ' જમીનની તંદુરસ્તી, એની ઉત્પાદકતા અને એની ફળદ્રુપતામાં જરીકેય ઓટ ઊભી થાય, તેવા કોઈ પણ ખેતીકામના પગલાને પર્યાવરણનું નુકસાન કરતું, સમાજનું હિતવિરોધી પગલું ગણી શકાય.

**(અ) રાસાયણિક ખાતરનો અતિ વપરાશ :** જુઓને ! આજે ખેડૂત પહોંચતા હોય કે ઢસડાતા હોય, નાના હોય કે મોટા-બધાના મગજમાં બસ એ જ ભૂસું ભરાઈ ગયું છે કે પુષ્કળ રાસાયણિક ખાતર વિના ઊપજ આવે જ નહીં ! એ ક્યારે અને કેટલું આપવું, કઈ પદ્ધતિથી આપવું, એના કોઈ ગણિતનો નહીં ખ્યાલ અને બસ દે દે ને દે જ ! નાના વીઘે બેબે થેલી ડીએપી અને બેબે થેલી યુરિયા માત્ર ચોમાસું સિઝનમાં નાખીને મૂછો આમળનારા ખેડૂતો ગામમાં મોટી સંખ્યામાં મળી રહે છે.

મર્યાદિત અને જરૂરી માત્રામાં અપાતાં રાસાયણિક ખાતરથી ઉત્પાદનમાં લાભ જરૂર દેખાય છે પણ તેના વધુ પડતા ઉપયોગથી અનેકગણું નુકસાન પણ નોતરી શકાય છે એ ન ભૂલવા જેવી વાત છે. આપણે રોજ ભલે એક જ પણ સોનાનું ઈંડું આપનારી મરઘીને જીવતી રાખવી પડે. એકસાથે સામટાં બધાં ઈંડા મેળવી લેવાના લોભમાં મરઘીને મારી નાખવાની મૂર્ખામી કરાય ? આપણે વધુ ઉત્પાદનની લાલચમાં જમીન રૂપી મરઘીને મારી નાખવા ઊભા થયા છીએ. ધરતી આપણી મા છે. તેનું અમી જરૂર પીવાય, એનું લોહી ચૂસી ન લેવાય. જમીનના ગુણધર્મો, તેની નિતારશક્તિ, ભેજ ધારણશક્તિ, હવાની અવરજવર કરવાની તાકાત, તેની એકબીજા કણો વચ્ચેની પકડશક્તિ, એની મુલાયમતા, કહોને સૂક્ષ્મજીવોની હાજરી થકીની જીવંતતા, ફળદ્રૂપતા અને ઉત્પાદકતાને માઠી અસર પહોંચડનારાં રા.ખાતરોનો આવો વપરાશ કરનારા આપણે ખેડૂતો ધરતીમાના અને પર્યાવરણના વિનાશકોની યાદીમાં પહેલા મૂકાશું.

**(બ) ઊંડા તળના નઠારા પાણીથી અપાતું પિયત :** વધુ પાણી તો વધુ ઉત્પન્નના ખોટા ગણિતે તો મરઘીને નેવકી મારી નાખી છે. ઊંઘમાંયે પાણી...પાણી લવતા પકડાયા છીએ. કૂવાનાં તળ તળિયે ગયાં હોય તો બોરવેલની ભેર લઈ ધરતીનું પેટાળ વીંધવા માંડ્યા, અને છાતીનાં અમી ખૂટ્યાં તો નાભીએ પહોંચી કહોને લોહી - મોળાં, ભાંભળાં, ખારાં, કડવાં અને ઉનાં ફળફળતાં પાણી, અરે ! પાણી નહીં, પાણી જેવાં, વરસો જૂનાં-ઝેરી ખનીજોથી રસાયેલાં એવાં પ્રવાહી કાઢ્યાં અને મોલાતોને માંડ્યા છીએ પાવા. જે પાણી આપણે ન પી શકીએ, ઢોરાં ન પીવે, તેવાં પાણી છોડ-ઝાડને સિંચવા લાગ્યા છીએ. જેનાથી જમીન અને એનું બંધારણ,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અંદરની વનસ્પતિને સહાયક બનતી જીવસૃષ્ટિ ખતમ થવા લાગી છે.

તમે માનશો ? કોઈ કોઈ ઊંડા દારનાં પાણી જે જમીનમાં પિયત અર્થે અપાયાં છે, ત્યાં પાંચ-સાત વરસે જમીનની સામું જોવાનું જ મટી ગયું છે. ખેતીપાકો તો શું, અડબાઉ ખડ પણ ઊગી શકતું નથી. તે જમીન તો બળીને સાવ ભડથું થઈ જાય છે. આવાં પાણીના ઉલેચ ચાલુ રાખી આપણી મૂર્ખાઈની સાબિતી ક્યાં સુધી આપ્યા કરશું ? રાસાયણિક ખાતરો અને નબળાં પાણીના હિસાબે ઉત્પન્ન થયેલ પેદાશનાં સ્વાદ અને સોડમ નષ્ટ થાય છે, તેની સંગ્રહશક્તિ નાબૂદ થાય છે, અને વહેલાં સડી જાય છે.

## ૨. કાતિલ ઝેર થકી કરાતું પાકસંરક્ષણ

જેને જિવાડનારો હજાર હાથવાળો હોય એને આપણાં કાતિલ ઝેર પણ શું કરી શકવાનાં હતાં ? હા, એ ઝેર જરૂર અસર કરે છે. પણ કોને ? છાંટનારાને, એના ખાનારને, અને ઉત્પાદિત વસ્તુઓ વાપરનારને. અનાજ, કઠોળ, તેલીબિયાં, શાકભાજી, દૂધ કે પહેરવાનાં કપડાં, અરે ! સામુદ્રિક પાક ગણાતી માછલી કે માતાની છાતી માંહ્યલું અમી અંદરથી ઝેરની ટકાવારીની મહત્તમ મર્યાદા ઓળંગી ગયું છે. એમાં ખોરાકી ચીજ તો કોઈ બાકી રહી જ નથી. અન્ન તેવું મન અને આહાર તેવો ઓડકાર.આવા ઝેરયુક્ત ખોરાકના હિસાબે ન પૂરી શકાય તેવી વિનાશક અસરો પશુ,પક્ષી અને માનવજીવન પર વધતી જ રહી છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્રીનપીસ દ્વારા નાની મોટી વયનાં ઘણાં બધાં બાળકોની યાદશક્તિ અને સંતુલન જાળવવાની વિવિધ પદ્ધતિઓ ઉપર અભ્યાસ કરાયો હતો. તેમાં જંતુનાશકોના વધુ વપરાશવાળા પ્રદેશનાં બાળકોની યાદશક્તિ, શારીરિક શક્તિ, હલનચલનની આવડત અને મનની એકાગ્રતાનાં લક્ષણ ઓછાં જણાયાં હતાં.

ઓસ્ટ્રિયાની વિજ્ઞાન અકાદમીના વિજ્ઞાનીઓના અલગ અલગ અભ્યાસમાં જણાવાયું છે કે રાસાયણિક પ્રદૂષણથી પશુ-પક્ષીઓ, જળચરો અને સરીસૃપો પર ખૂબ જ ખરાબ અસરો પડી છે. માનવ વસવાટની નજીક વસતી માછલીઓ અશાંતિ અનુભવે છે. જ્યારે દેડકાંઓએ સ્ફૂર્તિ ગુમાવી દીધી છે. ઉંદરો માણસથી ડરવાનું ભૂલી ગયા છે. એક તારણ તો એવું છે કે કાબરોના કલબલાટમાં અરધોઅરધનો ઘટાડો નોંધાયો છે. ખિસકોલી કામેચ્છા ગુમાવી બેઠી છે. વાંદરાઓના જૈવિક તંત્રમાં અને ચપળતામાં માઠી અસરો માલૂમ પડી છે. આખા પ્રાણીજગતને ક્યાંય સુખ રહ્યું નથી. પર્યાવરણની જાળવણીમાં રક્ષકોને પણ પ્રાકૃતિક અવસ્થામાં જીવંત રાખવાં, એ માનવજીવના માટે એટલું જ અનિવાર્ય છે.

ખેડૂત છીએ. આપણું ગુજરાન ખેતી પર જ હોય એટલે ઉત્પાદન વધુ મળે તેવા વિવિધ ઉપાયો આપણે જરૂર લઈએ, પણ સાથોસાથ એટલું જરૂર વિચારતા રહીએ કે આપણી ઉત્પાદનવૃદ્ધિની પ્રક્રિયામાં કોઈ બીજાનો કે કોઈ પ્રાકૃતિક તંત્રનો ભોગ તો નથી લેવાઈ રહ્યો ને ? આપણી કોઈ પણ કાર્યપદ્ધતિ પર્યાવરણને નુકસાનકર્તા તો ન જ હોવી જોઈએ.

## ૩. આડેધડ આચરાતી વૃક્ષ નિકંદન પ્રવૃત્તિ

વિકાસના નામે આપણાં જંગલો બેરહેમીથી કપાઈ રહ્યાં છે. વૃક્ષ નિકંદનના કારણે વાતાવરણમાં ઓક્સિજનની ઊણપ વર્તાતાં વનસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ જોખમમાં મુકાતાં પર્યાવરણ અને પ્રકૃતિની સમતુલા ખોરવાઈ બેઠી છે. જે રીતે આજે મનુષ્ય ધરતી પરની વનરાઈનો વિનાશ નોતરી રહ્યો છે, એ ગણિત પર ચાલતાં આવતા એક સૈકામાં પૃથ્વીના તાપમાનમાં સાડાત્રણ ડીગ્રીનો વધારો થઈ શકે છે. અને એના લીધે હિમાલય જેવા ઉત્તર-દક્ષિણ ગોળાર્ધ પરનો બરફ પીગળી, દરિયાની સપાટી ઊંચી લાવી દઈ, કાંઠાળ વિસ્તારનાં શહેરો અને આખો વિસ્તાર પાણીમાં ગરકાવ થતાં વાર નહીં લાગે તેવું વિજ્ઞાનીઓનું કહેવું છે.

## ૪. પ્રદૂષિત પાણીનો ખાદ્યચીજોની ખેતીમાં વપરાશ

વિવિધ ફેક્ટરીઓમાંથી રોજના ટનબંધ નીકળતા ઘન તથા પ્રવાહી કચરામાં ભારે ધાતુઓ અને સોડિયમ તથા કેલ્શિયમ વધુ પ્રમાણમાં હોય છે. આવાં પાણી જમીનમાં ઊતરી કુદરતી પાણીનો રંગ અને સ્વાદ તો બગાડે જ પણ જો એ પાણી પીવામાં આવે તો પાચનતંત્ર બગડે અને રોગો પણ વિચિત્ર રૂપના ફૂટી નીકળે. આવા પાણીથી ખેડૂતો શાકભાજી, અનાજ, તેલીબિયાં કે કઠોળ ઉગાડે, ફળફળાદિ પકવે અને પારા તથા સીસું જેવાના હાનિકારક પ્રમાણ માનવસમાજના પેટમાં પધરાવે છે તો કીડની,લીવર કે આંતરડાંના કેન્સર જેવા અસાધ્ય રોગને નોતરે છે. બહુ તો આવાં પાણીનો ઉપયોગ ઇમારતી ઝાડો ઉગાડવા માટે કરી શકીએ.

## ૫. પ્લાસ્ટિક વપરાશ-નિકાલમાં વિવેકનો અભાવ

ધાવણા બાળકની દૂધની બોટલથી શરૂ કરી આખેઆખા આવાસો અને દાતરડીના હાથાથી માંડી મોટાંમોટાં તળાવોનાં તળિયાં, આભે આંબતાં ગ્રીનહાઉસ, કે માલ હેરફેરના કંટેનરો બનાવવા સુધીમાં બધે પ્લાસ્ટિક ફરી વળ્યું છે. લાકડું, લોખંડ, કાચ અને સીમેંટ ચારેયનાં પાણી પ્લાસ્ટિકે ઉતારી દીધાં છે. પણ દુઃખ એ વાતનું છે કે તેનું અપલક્ષણ પૂરેપૂરું રૌદ્રરૂપી ખતરનાક છે-પ્લાસ્ટિક એ કુદરતી વસ્તુ નથી એટલે કચરાના રૂપમાં કદી નાશ પામતું નથી. સડીને માટીમાં મળતું નથી. સળગાવીએ તો તેનો ડાયોક્સીન છોડી રહેલો ધુમાડો હવાને ખરાબ કરી મૂકે એવો નીકળે છે. ઓઝોન છતમાં ગાબડાં અને એસિડવર્ષા જેવી માઠી અસરો એની ઉપજણ છે.

**અને છેલ્લે**

ધરતીની તબિયત સંબંધે યુ.એન.ના સહયોગથી તૈયાર થયેલ અહેવાલ મુજબ માણસજાતે પર્યાવરણની પથારી ફેરવી નાખવામાં કંઈ ઓછું રાખ્યું નથી. પૃથ્વીની જૈવિક સંપત્તિને ગંભીર નુકસાન કાર્બન ડાયોકસાઇડ અને ગ્રીન હાઉસ ઇફેક્ટે કરેલું છે. ક્યાંક પ્રદૂષિત વાતાવરણ, અનિયમિત મોસમ, તો ક્યાંક અતિવૃષ્ટિથી પૂરની હોનારત, અનાવૃષ્ટિ, પાકની નિષ્ફળતાઓ, વાતાવરણમાં વધતી ગરમી અને દરિયાની વધી રહેલી સપાટી, આ બધું સુનામી લાવશે, વાવાઝોડું અને ધરતીકંપો નોતરશે ! હવે ચેતીને નહીં ચાલીએ તો આવા અંતરાયો વચ્ચે જીવવા તૈયાર રહેવું પડશે !

પંચવટી બાગ, માલપરા જિ. બોટાદ **-હીરજી ભીંગરાડિયા**
મો.૯૩૨૭૫ ૭૨૨૯૭



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કચ્છના હકનું પાણી વપરાય છે, રણના અગરિયાના પેટ પર લાત મારવામાં : નર્મદા મૈયા ખેર કરે !

**અ**મદાવાદમાં જીવરાજ ચાર રસ્તા પાસે આવેલા સહજાનંદ કોમ્પલેક્ષમાં આવેલ 'જનપથ' સંસ્થાની ઓફિસમાં પંક્તિબહેન પાસે જઈને ક્યારેક તેમના કામ વિષે, તેમની પાસેથી નિરાંતે સાંભળવા જેવું છે. પંક્તિબહેન 'માહિતી અધિકાર કાયદા' અંગે લોકોને માર્ગદર્શન આપે છે. દેશભરમાં માહિતી અધિકાર વાહનને લઈ જઈને પણ માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

'જનપથ' સંસ્થાની સ્થાપના ૧૧ જુલાઈ, ૧૯૮૯માં ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓને માર્ગદર્શન આપવા માટે કરવામાં આવી હતી. સંસ્થા પોતે કેટલાંક કામોમાં માર્ગદર્શન આપવા ઉપરાંત સારા એવા પ્રમાણમાં સક્રિય પણ રહે છે. આવું એક કામ છે, 'અગરિયા હિત રક્ષક મંચ'નું. આ મંચના પ્રમુખ પદે હરિણેશભાઈ પંડ્યા (જનપથ) છે. જનપથે તા. ૨૦ માર્ચ ૨૦૨૫ના રોજ અગરિયાના પ્રશ્નોમાં રસ દાખવતા કેટલાક મિત્રોની મિટિંગ તેમની ઓફિસમાં બોલાવી હતી, તેમાં રોહિતભાઈ પ્રજાપતિ અને કૃષ્ણકાંતભાઈ પર્યાવરણ સુરક્ષા સમિતિ (P.S.S.) સાથે જવાની મને તક સાંપડી હતી. પંક્તિબહેને વિસ્તારથી અગરિયાના પ્રશ્નો અંગે રજૂઆત કરી. તેમાં ઘણું બધું જાણવાનું મળ્યું તે ઉપરાંત તેમણે કેટલીક સામગ્રી પણ વધુ અભ્યાસ માટે મોકલી. ભૂમિપુત્રમાં નર્મદા યોજનાના પ્રશ્ને ૧-૦૪-૨૦૨૫ના અને ૧૬-૪-૨૦૨૫ના અંકમાં કુલ બે લેખ લખ્યા હતા. આ લેખમાં અગરિયાના પ્રશ્નો - નર્મદાનાં નીર અને કચ્છના પ્રશ્નો અંગે આપણે કેટલીક વાતો લખીશું.

## ■ કચ્છનું નાનું રણ

કચ્છના રણને બે ભાગમાં વહેંચીને જોવામાં આવે છે : ઉપર તરફ આવેલાને મોટું રણ કહેવામાં આવે છે જે ૭૫૦૦ ચો.કિમી.માં ફેલાયેલું છે, જ્યારે નાનું રણ ૫૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. નાનું રણ ઘૂડખર - જંગલી ગધેડાનું - અભયારણ્ય પણ છે. અહીં અન્ય જંગલી પ્રાણીઓ પણ વસે છે. માઈગ્રેટરી પંખીઓની આવન જાવન પણ રહે છે. રણની પોતાની અલગ ઇકોલોજી પણ છે.

આ વિસ્તાર સીધી રીતે માનવ વસાહત માટે પ્રતિકૂળ છે. દિવસ દરમ્યાન ઉનાળામાં ૪૪ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન રહેતું હોય છે અને ક્યારેક ૫૦ ડિગ્રી સેન્ટીગ્રેડ સુધી પહોંચતું હોય છે. શિયાળામાં ઉષ્ણતામાન ૦ થી પણ નીચે થઈ જાય છે.

અહીં માણસની અવર જવર માત્ર માછીમારી માટે તેમજ મીઠું પકવવા માટે રહેતી હોય છે. રણમાં મીઠાની ખેતી કરવાવાળાને અગરિયા કહેવામાં આવે છે. બાપદાદાના કાળથી ૬૦૦ વર્ષથી તેઓ આ કામમાં લાગેલા રહ્યા છે. કપરી પરિસ્થિતિમાં પણ તેઓ કામને ટકાવી રાખે છે. ઊંચા ઉષ્ણતામાનમાં ખારાપટમાં વર્ષના ૮ મહિના કામ કરવાનું ખૂબ જ મુશ્કેલભર્યું છે. તેઓ માટે ઑક્ટોબરથી મે મહિના સુધી મીઠું પકવવા માટે રણમાં રહેવું જરૂરી છે.

માછીમારી માટે દરિયાકિનારા તરફનો ભાગ વપરાય છે. રણમાંના ચોમાસા સમયનાં પાણી અને દરિયાનાં પાણી ભેગાં થતાં માછીમારી માટે અનુકૂળ વાતાવરણ સર્જાય છે. આશરે વર્ષે દહાડે ૧૦ હજાર ટન માછલીનો વ્યાપાર ચાલે છે.

કચ્છના નાના રણનાં ભૂગર્ભજળ દરિયાનાં પાણી કરતાં પાંચ ગણાં ખારાં છે. આના કારણે Crystal Salt - સ્ફટીક મીઠું - ગાંગડા મીઠું બનાવવામાં આ ભૂગર્ભજળ ખૂબ ઉપયોગી નીવડ્યું છે. રણના આ વિસ્તારની આસપાસ ચાર જિલ્લાનાં ૧૦૭ ગામો આવેલાં છે.

## ■ અગરિયાના પ્રશ્નોને સમજવાની જરૂર છે

અગરિયા અંગે પ્રમાણમાં ઓછા અભ્યાસ થયા છે. વિનય ચારૂલે વર્ષ ૨૦૦૮માં એક અભ્યાસ પ્રકાશિત કર્યો હતો - Yet to be Freed - Agariya Lives and Struggle for Survival in the Little Rann of Kutch, જેમાં નોંધ છે, Time has come to free the Agariyas from generations of 'illegal and unrecognized' status, despite being true producer.... Time has come to grant them a dignified future in 21st Century - Are We ready to Act ?

તેમના વ્યવસાયના કારણે થતી શારીરિક મુશ્કેલીઓ, આર્થિક રીતે થતું તેમનું શોષણ, પરિવારને પડતી પારાવાર મુશ્કેલીઓ, બાળકોના શિક્ષણના અને વિકાસના પ્રશ્નો, વનવિભાગ અને પર્યાવરણ ખાતા દ્વારા થતી નાની મોટી કનડગત, ભવિષ્યમાં તેમને આ વ્યવસાય છોડવો પડશે કે કેમ તેવી અનિર્ણાયક સ્થિતિ.... આવા તેમના પ્રશ્નો છે.

## ■ રવિન કૌરનો એક અભ્યાસ

૧૯ ઑક્ટોબર ૨૦૨૩ના તેમના લેખમાંની કેટલીક વિગતો પર નજર નાંખીએ.

વર્ષ ૧૯૭૩માં સરકારે કચ્છના નાના રણને Wild Ass Sanctuary (WAS) તરીકે જાહેર કરી.



અગરિયાઓને રણમાંથી હટી જવા માટે નોકરીઓ આપવામાં આવી. અગરિયાઓની હાજરી ઘૂડખર માટે ખતરા તરીકે જોવામાં આવી. પરંતુ ધરાતલ પરનાં તથ્યો કંઈ જ જુદાં જ છે. જંગલખાતાએ ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરેલ વિગતો પ્રમાણે વર્ષ ૧૯૬૯માં ઘૂડખરની સંખ્યા ૩૬૨ હતી તે વર્ષ ૨૦૧૪માં ૪૪૫૧ અને વર્ષ ૨૦૨૦માં તો આ સંખ્યા ૬૦૮૨ સુધી પહોંચી છે.

દશેરાનો ઉત્સવ પતે પછી દાનાભાઈ મકવાણા અને પત્ની તેજલ મકવાણા ભાડાના ટ્રેક્ટરમાં પોતાના ગામ જૂનાગામ (જિલ્લો સુરેન્દ્રનગર) થી ૧૦ કિ.મી. નાના રણમાં જરૂરી ઘરવખરી લઈને ૭ મહિના રહેવા માટે જાય છે. ત્યાં જઈ છાપરું બાંધીને રહે છે, પવનનાં ઝાપટાં સામે તેમજ સૂરજદાદાના પ્રચંડ તાપ સામે માત્ર અંદર બેસી શકાય, રાંધી શકાય તેવી સગવડ ઊભી કરે છે. વિનય-ચારૂલે આવા ઘર અંગે સચોટ ગીત રચ્યું છે :

*ઝીરો બીએચકે બંગલો, મારો ૯ બાય ૯ નો બંગલો*
*ત્રણ તારા, પાંચ તારા, ના સાત તારા બંગલો*
*અડધી રાતે ઉપર જુઓ તો લાલ તારા બંગલો,*
*છત વિનાનો આ બંગલો આકાશ જોતો આ બંગલો,*
*ઝીરો બીએચકે બંગલો.*

*બે ડિગરી પચાસ ડિગરી તાપ સહેતો આ બંગલો*
*દીવાલ જેની તાડપત્રી, રણમાં ઊભો મારો બંગલો*
*હલતી દીવાલોનો બંગલો, ઊડતી દીવાલોનો બંગલો,*
*ઝીરો બીએચકે બંગલો.*

*ત્રણ ઈંટો, કિચન મારું, બળતણ તેલ તગારો*
*કાંદા, બટેટા, રોટલો ને ક્યારેક દાળનો વારો*
*કાળી ચા પીતો બંગલો, ભૂખ્યો જ સૂઈ જાતો બંગલો*
*ઝીરો બીએચકે બંગલો.*

*આ દશરથ અલીનો બંગલો, આ નારૂ અયુબનો બંગલો....*
*ઝીરો બીએચકે બંગલો.*

'જનપથ' અગરિયાના હક માટે તેમની સાથે રહી જરૂરી માર્ગદર્શન પૂરું પાડીને, મીઠું પકવવા માટે રણમાં જવાનો તેમનો હક પ્રસ્થાપિત કરી શક્યું. તે માટે 'અગરિયા હિત રક્ષક મંચ'ની રચના જાણીતા સમાજ સેવક વડનગરના ડૉ. વસંતભાઈ પરીખે કરી હતી. શ્રી વસંતભાઈને સામાજિક કાર્યકર શ્રી અરવિંદભાઈ આચાર્યનો સાથ સાંપડ્યો.

## ■ The Times of Indiaએ રંગ રાખ્યો !

અગરિયાને રણમાં જઈને મીઠું પકવવાનો હક જળવાઈ રહે તેમાં છાપાઓની ભૂમિકા પ્રશંસનીય રહી. તા. ૩



જાન્યુઆરી ૨૦૨૩ 'The Times of India Ahmedabadમાં પ્રગટ થયેલા સમાચાર - Encroachment alleged inside wild ass sanctuary. આ સમાચાર ઉપરથી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGT) સુઓ મોટો પીટીશન લીધી હતી. ટાઈમ્સ ઓફ ઇન્ડિયાએ - તા. ૧૫-૨-૨૦૨૩માં લખ્યું - Runn Agariya Want user RIghts.

જનપથ પાસે ઘણી બધી સામગ્રી છે જેમાં હાઈકોર્ટ, એન જી ટી એ રચેલી જોઇન્ટ કમિટીનો ૨૨૦ પાનાંનો રિપોર્ટ જેમાં ૧૭-૪-૨૦૨૩ના રોજ અગરિયા હિત રક્ષક મંચે તા. ૧૭-૦૪-૨૦૨૩ના રોજ સુરેન્દ્રનગરના કલેક્ટર શ્રીને પાંચ પાનાંની આપેલી નોંધ પણ છે.

હાલ પૂરતું આપણે રાહતની એક વાત ખ્યાલમાં રાખીને આગળ વધીએ કે ૧૦ એકરમાં મીઠું પકવતા પરંપરાગત અગરિયાઓને ફોરેસ્ટ ખાતું પાસ આપીને રણમાં જવા દે છે. જેને આવા પાસ ન મળ્યા હોય તેને જનપથ કાર્યરત રહીને પાસ અપાવે છે. ગુજરાત હાઈકોર્ટે ૧૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ જંગલ ખાતાના વડાને જેની પાસે અગરિયા તરીકેનું કાર્ડ હોય તેમને રણમાં જવા પાસ આપી દેવા જોઈએ, તેમ જણાવ્યું છે. અગરિયાના ૩૦૦૦ પરિવારો કચ્છના નાના રણની માત્ર ૬ ટકા જમીન જ વાપરે છે.

## ■ પાસ તો મળ્યા પણ હેરાનગતિનો પાર નથી

નાના રણમાં ચોમાસા દરમ્યાન ૧૧ ઉપરાંત નદીઓનાં પાણી આવતાં હોય છે. જેમાં બનાસ, સરસ્વતી, રૂપેણ, બ્રાહ્મણી, મચ્છુ, કંકાવટી, ઉમાઈ, ચંદ્રભાગા, ફુલકા, ગોદરા, ઘોડાઘરીની ગણતરી કરી શકાય. આ ઉપરાંત નાનાં મોટાં વોંકળાઓનાં પાણી પણ આવતાં હોય છે. આવાં પાણી દ્વારા અગરિયાને કોઈ નુકસાન નથી. કારણ કે દશેરા પછી આવેલાં પાણી ઊતરી જાય પછી તેઓ મીઠાના અગર માટેના પાટા બનાવવાનું કામ ચાલુ કરે છે. પરંતુ 'બિન બાદલ બરસાત'નાં પાણી પણ રણમાં આવે છે. આ પાણી છે નર્મદાની કેનાલનું. આ વાત સરકારી તંત્રે પણ સ્વીકારી છે.

જનપથ પાસે તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ જિલ્લા કલેક્ટર શ્રી મહેસાણાની અધ્યાક્ષતામાં મળેલી બેઠકની કાર્યવાહીની નોંધ છે, જેમાં લખ્યું છે - નર્મદા વિભાગ અને સિંચાઈ વિભાગમાં વર્ગ-૩નો ફિલ્ડ સ્ટાફ નહિવત્ હોઈ અને સરકારી અધિકારી અને કર્મચારીનું સંખ્યાબળ ૨૦ ટકા જેટલું હોઈ તથા વધારે કામના ભારણને લીધે અગરિયાના હિત બાબતે અસરકારકતા ઓછી ન થાય તે અંગે ચિંતા વ્યક્ત કરી.

આ ચિંતા શું છે ? કેનાલમાં ઉપરથી પાણી છોડ્યા પછી નીચેના વિસ્તારમાં પાણીનો વપરાશ ઓછો હોય, જેમ કે રાત્રે ઓછું પાણી વપરાતું હોય ત્યારે કેનાલના ગેટ ઓછા ખોલવા - નિયંત્રિત કરવાના ફિલ્ડ સ્ટાફની સગવડ ન હોવાથી પાણી કેનાલોમાં ઓવર ફ્લો થઈને કેનાલને નુકસાન કરે, તેના સ્થાને કચ્છના નાના રણમાં પાણી છોડી દેવામાં આવે છે, જે પાણી જુદા જુદા વોંકળા મારફતે રણમાં પહોંચે છે. આ પાણી અગરિયા દ્વારા તૈયાર કરેલા પાટાને બગાડે છે. જો સરદાર સરોવર નિગમે સમગ્ર પાણીના નેટવર્કને પૂરેપૂરું તૈયાર કર્યું હોત તો પાણી કચ્છમાંનાં ખેતરોને પહોંચતું કરવાનું થાત. રણમાં છોડવાની નોબત જ ન આવત.

બેઠકની કાર્યવાહીની નોંધમાં એક ટાઈટલ છે - ''કચ્છના નાના રણમાં નર્મદા કેનાલના પાણીનો બગાડ અટકાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ અંતર્ગત કામગીરી અને આયોજન.'' અગરિયા હિત રક્ષક મંચ તરફથી શ્રી હરિણેશભાઈ પંડ્યા આ મિટિંગમાં હાજર હતા. તેમણે માનવ અધિકાર આયોગમાં કરેલી ફરિયાદને ધ્યાનમાં રાખી કેનાલનાં પાણી રણમાં ન જાય તે માટેની વિચારણા મિટિંગમાં કરવામાં આવી હતી.

સરકાર આ માટે જે કંઈ પગલાં લે, જરૂર પડે કેનાલનાં પાણીથી તળાવો ભરે, યોગ્ય સ્થળે ચેક ડેમ બનાવે, પરકોલેશન કૂવા બનાવે તેને આવકારવાં જોઈએ પરંતુ, નર્મદા યોજના જેને લાઈફ લાઈન તરીકે દર્શાવવામાં આવી તે લાઈફ લાઈન શું



THE TIMES OF INDIA, AHMEDABAD
TUESDAY, JANUARY 3, 2023 GUJARAT 5

### Encroachment alleged inside wild ass sanctuary

Nimesh.Khakhariya
@timesgroup.com

**Rajkot:** Wildlife activists in the Little Rann of Kutch have raised serious concerns over alleged encroachment inside the famed Wild Ass Sanctuary, the last abode of this protected animal, locally known as ghudkhar.

The activists have sought urgent intervention from state forest and environment minister Mulu Bera, alleging that some big salt manufacturing units have encroached on some parts inside the sanctuary and are operating their machinery.

The wild ass, listed as "near threatened" by IUCN, is a

TOI

An earth-mover seen inside the sanctuary in the Little Rann of Kutch

land between Mandarki and Venasar villages on the northern side of the desert has been encroached upon by some units who produce salt for industrial use. They are using

le Rann, which saves agricultural land in hundreds of villages from desertification. This illegal activity will erode these sediments, they claim.

Chatur Charmari, anot-



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કચ્છની હથેળીમાં નથી ? કચ્છની પ્રજા આ પ્રશ્ને ચૂપ કેમ છે ? તે ન સમજાય તેવી બાબત છે. મૂળમાં તો સરકાર ખેડૂતોના પ્રશ્નોને સાંભળવા તૈયાર જ નથી. ડૉ. હરિ દેસાઈએ થોડા સમય પહેલાં તેમની ચેનલમાં પત્રકાર ગિરીશભાઈ જોષી તેમજ જયનારાયણભાઈ વ્યાસ સાથે સંવાદનો કાર્યક્રમ રાખ્યો હતો. સંવાદ દરમ્યાન કચ્છના ધારાસભ્યે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો તેની વાત થઈ. અબડાસા અને લખપત તાલુકાને નર્મદા યોજનાનું પાણી ક્યારે મળશે ? તેમને સરકારી જવાબ મળ્યો હતો - ''કામ પ્રગતિમાં છે.'' કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો. પત્રકાર ગિરીશભાઈ જોષીએ કેટલીક ચોંકાવનારી વિગતો રજૂ કરી હતી.

○ કચ્છમાં ધરતીકંપ પછી પ્રજાના વિકાસ માટે નવા ઉદ્યોગો સ્થપાય તે અર્થે પાંચ વર્ષ માટે એક્સાઇઝ (Excise)માં રાહત જાહેર કરી. ○ મોટી મોટી કંપનીઓ આવી જેવી કે એસ્સાર, સૂર્યા ગ્રુપ, સુઝલોન, અદાણી, વિડિયોકોન, સાંગી..... ○ કેટલીક નાની મોટી કંપનીઓએ પાંચ વર્ષ લાભ લઈને કચ્છ છોડી દીધું.

○ આ કંપનીઓએ મોટા પાયે ભૂતળનાં પાણી ઉલેચી નાંખ્યાં. વર્ષ ૨૦૧૩માં સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડે કચ્છનો સર્વે કરતાં માલૂમ પડ્યું કે જ્યાં પહેલાં ૪૯ મીટરે ભૂતળનાં પાણી મળતાં હતાં અને 'કચ્છડો લીલો બારે માસ' કહેવાતું હતું ત્યાં ભૂતળનાં પાણી ૭૦ મીટર ઊંડાં પહોંચ્યાં. કેટલાંક સ્થળે પાણી ખારાં બન્યાં. દરિયાનાં પાણી ખાલી જગ્યામાં આવવા લાગ્યાં.

○ અદાણી અને તાતાના બે મોટા પાવર પ્લાન્ટ કુલ ૮૬૦૦ મેગાવોટ વીજળી પેદા કરે છે. તે સારા એવા પ્રમાણમાં પાણી વાપરે છે. કહેવાય છે, તે દરિયાનાં પાણીનો ઉપયોગ કરે છે. તેની ફરજ ગામોને પીવાનાં પાણી પહોંચાડવાની હતી પણ તે કામ ન થયું. ○ મુન્દ્રા-માંડવીમાં ખેતીને અસર પડવા લાગી છે. સારા પાણીને અભાવે જમીનો વેચાવા લાગી. માંડવીનો બેલ્ટ સેલાઈન પાણી વાળો બન્યો. ○ જો નર્મદાનું પાણી પહોંચ્યું હોત તો આમ ન થયું હોત. ○ નર્મદાનાં પાણીની વહેંચણી વખતે કચ્છને ખ્યાલમાં રાખીને ગુજરાતને વધારે પાણી મળ્યું છે.

○ બનાસકાંઠા થઈને કચ્છ તરફ જતી મહત્ત્વની કેનાલ બાંધવામાં ગુણવત્તાનું ધોરણ સચવાયું નહીં. ૮૦૦૦ ક્યુસેક પાણીને લઈ જનારી કેનાલમાં ૧૨૩ વખત ગાબડાં પડ્યાં ○ નાના રણમાં અઢી મહિનામાં લાખો ક્યુસેક પાણીનો બગાડ થાય છે. ○ સરકારે 'નલ સે જલ'ની વાત કચ્છમાં કરી હતી. મોટી મોટી કંપનીઓના ડિસેલીનેશન પ્લાન્ટમાંથી ઘણાં બધાં ગામોને પીવાનાં પાણી પહોંચાડવાની કામગીરી કરવાની હતી, પરંતુ તે પૂરી થઈ નહીં.

○ સાંગી સિમેન્ટ ૬૫ ગામોને પાણી પહોંચાડવા માટે કરારબદ્ધ હતું. કંપની અદાણીને વેચાઈ જતાં ૪-૫ વર્ષ ગામોને પાણી મળ્યું પછી બંધ થઈ ગયું. ○ કચ્છની પ્રજા આ સામે અવાજ ઉઠાવતી જ નથી. ○ કચ્છમાં ક્યાં કેટલું પાણી પહોંચે છે તેનો કાઈ હિસાબ - અહેવાલ નથી.

કહેવાય છે કે, ''કચ્છમાં ઘી રેલાય તે પરવડે પણ પાણી રેલાય તે ન પરવડે.''

આજે તો કચ્છને પાણી પહોંચાડવાની કેનાલો નબળી છે. અન્ય સ્થળે રણમાં પાણીનો બગાડ થાય છે. તેને કેમ સાંખી લેવાય ? આવા રેલાયેલા પાણીમાં એક બેન ફસાઈને મૃત્યુ પણ પામી છે તેવા સમાચાર છે.

જનપથના સાથીઓ સરકારી તંત્ર સાથે વાટાઘાટો દ્વારા તેમજ જ્યાં જરૂર પડે ત્યાં કોર્ટ કચેરી, 'માનવ અધિકાર આયોગ'માં જરૂરી રજૂઆત દ્વારા નાના રણમાંના પરંપરાગત રીતે મીઠું પકવતા અગરિયાના પેટ પર કોઈ લાત ન મારે તે માટે સારા એવા પ્રમાણમાં જાગૃત છે અને સક્રિય છે. તેઓ ધન્યવાદને પાત્ર છે.

**- રજની દવે**

---

**સોક્રેટીસ ઉવાચ...** (પાન ૦૭નું ચાલુ)

સોક્રેટિસ : ચાલો વધુ આવક મેળવવા માટે વિચાર કરીએ. શું ધનપતિઓ અને ઉદ્યોગપતિઓ ઉપર વધુ ટેક્સ નાખવાથી રાષ્ટ્રના વિકાસ માટે વધુ ધન મળી શકે નહીં?

ભારતીય રાજકારણી : કોર્પોરેટ ટેક્સમાં વધારો વિવાદાસ્પદ છે. કોર્પોરેશનો દલીલ કરે છે કે ઊંચા કરવેરાથી વિકાસ માટે જરૂરી રોકાણ ઘટે છે અને આર્થિક વૃદ્ધિ ઘટે છે.

સોક્રેટિસ : પણ મને કહો, તમે તમારા દેશમાં એક બાજુ કોર્પોરેટ ટેક્સમાં ધરખમ ઘટાડો કરો છો અને બીજી બાજુ મોટા મોટા ધનપતિઓનાં લાખો કેરોડનાં દેવાં માફ કરો છો તેનું શું ? શું કોર્પોરેટ ટેક્સમાંથી ઊભાં કરેલ નાણાં શિક્ષણ અને સંશોધનમાં વપરાય તો કોર્પોરેશનોને શિક્ષિત અને કાર્યક્ષમ કામદારો તથા નવાં સંશોધનોથી થયેલ ટેક્નોલોજીકલ પ્રગતિથી ફાયદો નહીં થાય?

ભારતીય રાજકારણી : થઈ શકે છે.

સોક્રેટિસ : અને જો વધુ સારું શિક્ષણ અને નવું સંશોધન ઉદ્યોગ-વ્યવસાયની સંભાવનાઓમાં સુધારો કરે તો શું કોર્પોરેશનોએ તે માટે તેમનો ફાળો આપવો જોઈએ નહીં?

ભારતીય રાજકારણી : સિદ્ધાંતમાં, હા. પરંતુ આવાં પગલાં અમલમાં મૂકવાં એ એક મોટો પડકાર બની જશે.

સોક્રેટિસ : મિત્ર, કોઈ પણ દેશ પડકારો ઝીલ્યા વિના મહાન બની શકે છે? શું તમે લોકો નથી કહેતા કે, 'મન હોય તો માળવે જવાય?' તમે વિચાર કરો મિત્ર, જો તમે તમારી યુનિવર્સિટીઓને અને સંશોધન સંસ્થાઓને ચીનની માફક પૂરતું ભંડોળ આપીને વિશ્વકક્ષાની બનાવશો તો દર વર્ષે પરદેશ જતા તમારા વિદ્યાર્થીઓ જે વિદેશી શિક્ષણ માટે લાખો કરોડનો ખર્ચ કરે છે તે નહીં બચે? અને ભારતમાં જ રહીને નવી નવી ઉત્તમ શોધો કરીને તમારા આર્થિક વિકાસમાં અમૂલ્ય ફાળો નહીં આપી શકે?

ભારતીય રાજકારણી : સોક્રેટિસ, તમે મને ઘણાં કડવાં સત્યોનો સામનો કરવા મજબૂર કરો છો. હવે હું સમજી શકું છું કે ચીનની પ્રગતિની બરાબરી કરવામાં ભારત નિષ્ફળ રહ્યું છે તેનું કારણ બુદ્ધિમત્તા કે ક્ષમતાનો અભાવ નથી, પરંતુ અમારી રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ તથા શિક્ષણ અને સંશોધનમાં અપૂરતું રોકાણ છે.

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨ **- પ્રવીણ જ. પટેલ**
મોબાઇલ : ૯૮૭૯૭૬૩૦૮૩, ઈમેલ : pravin1943@gmail.com



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# બ્રિટનની મજૂર ચળવળનું એક અવિસ્મરણીય નામ - જયા દેસાઈ

*(બ્રિટનમાં એક ગુજરાતણ માલિકો સામે જંગે ચડે તે વાત જ નવાઈની ! પરદેશમાં પહેલી પેઢીના ગુજરાતીઓ મોટાભાગે વેપાર કરે, કારણ રંગભેદ અને ભાષા, સંસ્કૃતિને કારણે નોકરીઓમાં પત્તો પડે નહીં. નોકરીઓ કરનારા આપણા લોકોની સામાન્ય માનસિકતા સંગઠન કરી સંઘર્ષ દ્વારા પોતાના હિત અને અધિકારનું રક્ષણ કરવાની નહીં પણ માલિકોને વફાદાર રહી, નીચી મૂંડીએ વૈતરું કર્યે રાખવાની હોય છે તેવી સામાન્ય છાપ છે. એ સંજોગોમાં છેક ૧૯૭૬માં જયાબહેને જે સંઘર્ષ કર્યો હતો તેની વાતો ભારતમાં મારા સુધી પહોંચતી હતી અને એ સમાચાર જાણી હું બહુ પોરસાતો. ૧૯૯૨માં મારે બ્રિટન જવાનું થયું ત્યારે ત્યાં અનેક મજૂર કાર્યકરોને મળ્યો. મેં જયાબહેનને મળવા અને તેમનું ઠામઠેકાણું મેળવવા પ્રયાસ કર્યા પણ કોઈ માહિતી મળી નહીં. તેથી તેમની મુલાકાત લીધા વિના જ પરત ફરવાનું થયું. આજે આટલાં વર્ષે ઈંડિયન એક્સપ્રેસમાં તેમના વિશેનો આ લેખ જોઈ આનંદ થયો. લેખનો મુક્ત અનુવાદ પ્રસ્તુત છે જ.)*

જયાબહેન દેસાઈનું નામ ભારતીય મહિલાના ઇતિહાસમાં અથવા મહિલા દિવસ જેવા દિવસોના સંદર્ભમાં ભાગ્યે જ સાંભળવા મળે છે. પણ આ સામાન્ય દેખાતી, સાડી પહેરેલી મહિલાએ એક વાર લંડનની શેરીઓમાં ખળભળાટ મચાવ્યો હતો. બ્રિટનમાં વસેલા સ્થળાંતરિત નાગરિકોના જીવનમાં આ એક મહત્ત્વનો વળાંક હતો. ૧૯૭૬ના બ્રિટન માટે આકરા કહેવાય તેવા ઉનાળામાં, તે સમયે ૪૩ વર્ષીય જયાબહેને ઉત્તર લંડનની 'ગ્રુનવિક ફિલ્મ પ્રોસેસિંગ લેબોરેટરી'માંથી મજૂરોની હડતાલનું નેતૃત્વ કર્યું હતું. કામદારોનો આ વિરોધ કહો, ધરણાં કહો કે હડતાલ કહો, આગામી બે વર્ષ સુધી ચાલ્યો હતો, તેણે બ્રિટનમાં રાષ્ટ્રવ્યાપી મીડિયાને વર્ષો સુધી આકર્ષિત કર્યું હતું અને બ્રિટનના તત્કાલીન ટ્રેડ યુનિયનોનું સંપૂર્ણ હૃદયપૂર્વક સમર્થન મેળવનાર કોમનવેલ્થ દેશોમાંથી સ્થળાંતરિત કામદારોની પ્રથમ હડતાલ તરીકે ઇતિહાસનાં પુસ્તકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

જયાબહેન ૧૯૬૦ના દાયકાના અંતમાં અને ૧૯૭૦ના દાયકાના પ્રારંભમાં નવા સ્વતંત્ર થયેલા પૂર્વ આફ્રિકન દેશોની આફ્રિકીકરણ નીતિઓને




કારણે બ્રિટન આવી જનારા દક્ષિણ એશિયાઈ દેશોના નાગરિકોના સમુદાયનો ભાગ હતા. ૧૯૩૩માં ગુજરાતના ધર્મજ ખાતે જન્મેલાં જયાબહેને ૨૨ વર્ષની ઉંમરે ફેક્ટરી માલિક સૂર્યકાંત દેસાઈ સાથે લગ્ન કર્યાં અને તેમના પ્રથમ બાળકના જન્મ પછી આ દંપતી તાન્ઝાનિયા રહેવા ગયું.

સુંદરી અનીથા અને રૂથ પીયર્સને, પોતાના ૨૦૧૮માં પ્રકાશિત પુસ્તક 'સ્ટ્રાઈકીંગ વિમેન' માટે ગ્રુનવિક હડતાલનો અભ્યાસ કર્યો હતો. તેમણે પોતાના આ પુસ્તકમાં જણાવ્યું કે જયાબહેન અને તેમના મોટાભાગના સાથી હડતાલિયા કામદારો, 'શહેરી, અંગ્રેજી ભણેલા અને મધ્યમ-વર્ગીય પૃષ્ઠભૂમિ'માંથી આવ્યા હતા.

તેઓ અત્યાર સુધી જે જીવન જીવતા હતા તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિમાં તેમને હવે કામ કરવાનું આવ્યું હતું. એશિયન દેશોમાંથી આવેલા નાગરિકોને અહીં ઓછા પગારની નોકરીઓ અને નીચા સામાજિક મોભાની નોકરીઓ સ્વીકારવી પડતી હતી. હેલન લુઈસ નામના પત્રકારે લખેલા પુસ્તક 'ડીફીકલ્ટ વિમેન' (૨૦૨૦)માં જણાવ્યા મુજબ જયાબહેનની મધ્યમ વર્ગીય સામાજિક પૃષ્ઠભૂમિ અને પોતાની કિશોરવયમાં ભારતીય સ્વતંત્રતા આંદોલનના અનુભવને કારણે બ્રિટનના સ્થાનિક કામદારો અને એશિયન દેશોમાંથી આવેલા સ્થળાંતરિત કામદારો વચ્ચે કામને સ્થળે રોજિંદા જીવનમાં કરવામાં આવતા ભેદભાવને જયાબહેન પારખી શક્યાં.

જે ગ્રુનવિક કંપનીમાં જયાબહેન કામ કરતાં હતાં ત્યાં પહેલાં ગોરા-કાળા બધા કામદારોને કામ આપવામાં આવતું હતું પણ ધીમે ધીમે ત્યાં એશિયન દેશોમાંથી આવેલાં સ્થળાંતરિત મહિલા કામદારોની જ ભરતી કરવામાં આવતી, જેમને બહુ ઓછા પગારે (અઠવાડિક અને કલાક દીઠ) રાખવામાં આવતાં. ૧૯૭૬માં ગ્રુનવિકમાં ૫૦૦ કામદાર પૈકી મોટાભાગની એશિયન મહિલાઓ હતી, ખાસ કરીને મેઇલ ઓર્ડર ખાતા જેવા જ્યાં ભારે શારીરિક મજૂરી કરવાની હોય તેવા વિભાગોમાં તેમને કામ આપવામાં આવતું. હડતાલ પહેલાંના થોડા દિવસોનો રેકોર્ડ જોતાં જાણવા મળે છે કે આ બહેનો સાથે બહુ ખરાબ વ્યવહાર કરવામાં આવતો. તેમને રેસ્ટરુમ જવું હોય તો પણ પરવાનગી માગવી પડે, ફરજિયાત ઓવરટાઈમ કરાવવો વગેરે.

અનીથા અને પીયર્સને પોતાના પુસ્તકમાં હડતાલના દિવસનું વર્ણન કર્યું છે. શુક્રવારનો દિવસ હતો, ૧૯૭૬ના ઓગસ્ટ મહિનાની ૨૦મી તારીખ. સપ્તાહના અંત પહેલાં પ્રોસેસ કરેલા ફોટોગ્રાફ્સ મોકલવા માટે પેઢી પર વધારાનું દબાણ હતું. દિવસના અંત સુધીમાં આઉટગોઈંગ મેઇલનાં ૧૩ ખોખાં છૂટાં પાડવાનું કામ પતાવી દેવા માટે કહેવામાં આવ્યું. એક વિદ્યાર્થી કામદારને લાગ્યું કે આ તો વધુ પડતું અને ગેરવાજબી કામ છે ત્યારે તેણે તેનો વિરોધ કર્યો. તેથી વાતાવરણ ગરમાયું. જ્યારે તેને બરતરફ કરવામાં આવ્યો ત્યારે અન્ય ત્રણ પુરુષ કામદારો પણ તેની સાથે તેના સમર્થનમાં બહાર નીકળી ગયા. જ્યારે જયાબહેને ઘરે જવાની તૈયારી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરવા માંડી, ત્યારે તે ઓવરટાઈમ કરશે કે કેમ તે અંગે મેનેજર સાથે ઝગડી પડ્યાં. ગુસ્સામાં ને ગુસ્સામાં તેમણે મેનેજરને કહ્યું, ''સારું, તમે અહીં જે ચલાવો છો તે ફેક્ટરી નથી, તે પ્રાણી સંગ્રહાલય છે. પ્રાણી સંગ્રહાલયમાં ઘણા પ્રકારનાં પ્રાણીઓ છે. કેટલાંક એવાં છે જે તમે કહો તેમ નાચે છે; પણ કેટલાક એવા સિંહો છે જે તમારું માથું વાઢી શકે છે. અમે એવા સિંહો છીએ, મેનેજર સાહેબ.''

તકરાર પછી તરત જ, દેસાઈ અને તેમના પુત્ર સુનીલને, જે સ્ટાફનો ભાગ હતો, એક મેનેજરે ધીરે રહીને બહાર મોકલી આપ્યા. પરંતુ મેનેજર સાથે જયાબહેનને થયેલી જીભાજોડીની વાત ગ્રુનવિકના કામદારોમાં ફેલાઈ ગઈ. અને કામદારો એ શબ્દોનો ઉપયોગ વિરોધ દર્શાવવા કરવા લાગ્યા. પછીના થોડા દિવસોમાં, વિરોધ કરી રહેલા કામદારો ફેક્ટરીના દરવાજાની આસપાસ એકઠા થયા, અને પ્લેકાર્ડ લઈ ધરણાં કરવા લાગ્યા. પ્લેકાર્ડમાં લખેલું હતું, ''ગ્રુનવિક એ પ્રાણી સંગ્રહાલય છે.'' ગ્રુનવિકના ૫૦૦ કર્મચારીઓમાંથી ૧૩૭ કામદારો જયાબહેન સાથે જોડાતાં હડતાલને ઘણું બળ મળ્યું.

જોકે સમસ્યા એ હતી કે વિરોધ કરનારા કામદારોને ટ્રેડ-યુનિયનનો કોઈ અનુભવ નહોતો. તે સમયે યુ.કે.માં મોટાં ટ્રેડ યુનિયનોમાં ગોરા પુરુષોનું વર્ચસ્વ હતું જેઓ પરંપરાગત ઉત્પાદન ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતા હતા. વિરોધ કરનારાઓએ નોકરીઓ ગુમાવી અને તેઓને કોઈ પણ પ્રકારની નાણાંકીય સુરક્ષા ન હતી. દેસાઈના પુત્ર સુનિલે સૌપ્રથમ મજૂર પક્ષના આગેવાન જેક ડ્રોમીનો સંપર્ક કર્યો, જેઓ તે સમયે બ્રેન્ટ ટ્રેડ્સ કાઉન્સિલના સેક્રેટરી હતા. તેમણે તેમને એપેક્સ યુનિયન સાથે સંપર્ક કરાવી આપ્યો. એપેક્સના સમર્થનને કારણે હડતાલિયા કામદારોને હડતાલનો પગાર અને કાનૂની સલાહ બંને મળ્યાં.

જેમ જેમ હડતાલ કરનારાઓને વ્યાપક મજૂર ચળવળમાંથી ટેકો મળવા માંડ્યો, તેઓએ તેમના પ્રતિનિધિમંડળને દેશભરનાં કાર્યસ્થળો પર ટેકો મેળવવા મોકલવાનું શરૂ કર્યું. લેવિસે લખ્યું છે, ''સાડી પહેરેલી મહિલાઓ સ્ટીલ મિલો અને એન્જિનિયરિંગ ફેક્ટરીઓ અને કાર પ્લાન્ટ્સ અને ડોક્યાર્ડ્સ પર પહોંચી.''

ધ ઇન્ડિયન એક્સપ્રેસ સાથેની એક મુલાકાતમાં, સુંદરી અનીથાએ જણાવ્યું હતું કે, ''આ હડતાલ અંગે તે સમયનાં પ્રતિભાશાળી માધ્યમોની રજૂઆતમાં આશ્ચર્યનું તત્ત્વ દેખાય છે. તે સમયે બ્રિટનમાં દક્ષિણ એશિયાની મહિલાઓની સામાન્ય છાપ નિષ્ક્રિય, દબાયેલી અને ઘરકામમાં સીમિત હોવાની હતી. કામદારો તરીકે પોતાના અધિકારો માટે સંઘર્ષ કરનાર કામદારોની છાપ તેમની ન હતી.''

વિરોધ તેના બીજા વર્ષમાં પ્રવેશ્યો ત્યાં સુધીમાં, તેને ૨૦,૦૦૦થી વધુ લોકોનું સમર્થન હતું. તેઓ ફેક્ટરીના દરવાજાની આસપાસ એકઠા થઈને બિન-હડતાળિયા કામદારોને પરિસરમાં પ્રવેશતા રોકવાનો પ્રયાસ કરતા હતા. અનિથાએ સમજાવ્યું કે, ''માધ્યમોમાં હડતાલિયા કામદારો અને તેમના સમર્થકોને તોફાનીઓ અને વિક્ષેપ પાડનારાઓ તરીકે ચીતરવામાં આવતા હતા.'' યુ.કે.માં ૧૯૩૦ના દાયકાથી જોયા ન હોય તેવા સ્તર પર પોલીસે કડક હાથે કામ લીધું અને હડતાલ કરનારાઓની ધરપકડ કરવામાં આવી.

જુલાઈ ૧૯૭૮ સુધીમાં સરકાર તેમના પર ચડી બેઠી અને વિરોધ કહેતાં હડતાલ પડી ભાંગી. મજૂર પક્ષ સત્તામાં હતો અને વડા પ્રધાન જેમ્સ કેલાહનને માટે આ હડતાલ ક્ષોભજનક હતી. તેમણે વિવાદનો ઉકેલ લાવવા ન્યાયાધીશ, લોર્ડ જસ્ટિસ સ્કેરમેનની નિમણૂક કરી. હડતાલિયા મજૂરો અને મેનેજમેન્ટની જુબાનીઓ પછી, સ્કેરમેને ભલામણ કરી કે યુનિયનને માન્યતા આપવી જોઈએ. પરંતુ ગ્રુનવિકના માલિક, નવી દિલ્હીના એંગ્લો-ઇન્ડિયન જ્યોર્જ વોર્ડે આ ભલામણનો એમ કહીને વિરોધ કર્યો કે એ પોતે પણ સ્થળાંતરિત નાગરિક છે. મજૂર પક્ષની સરકારના દબાણ હેઠળ એપેક્સ યુનિયને હડતાલને આપેલું સમર્થન પાછું ખેંચ્યું. એટલું જ નહીં, હાઉસ ઓફ લોર્ડસ (આપણી રાજ્યસભા)એ યુનિયનને માન્યતા ન આપવાના માલિકના અધિકારને માન્ય રખ્યો.

હડતાલ ભલે નિષ્ફળ નિવડી, સ્થળાંતરિત મહિલા કામદારોના સંઘર્ષને કામદારો, અને સામાન્ય માણસોના વ્યાપક સમાજ દ્વારા જે ટેકો મળ્યો તે માટે તેને આજે પણ યાદ કરાય છે.

તે પછી જયાબહેને બીજે નોકરી કરી અને પછી હેરોનની કૉલેજમાં શિક્ષક થયાં. ૨૦૧૦માં ૮૦ વર્ષની વયે તેમનું અવસાન થયું.

**– જગદીશ પટેલ**

(આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઇંડિયન એક્સપ્રેસના ૦૯/૩/૨૫ના અંકમાં પ્રગટ થયેલ અદ્રિજા રોય ચૌધરીના લેખને આધારે)

---

**મહિલાઓ માટે...** (પાન ૯નું ચાલુ)

વગર તો દુનિયા ચાલીયે જાય પરંતુ રસોઈ અને બાળકોની સાર-સંભાળ વિના તે ચાલી શકે ખરી ? પુરુષપ્રધાન સમાજે પોતાના ફાયદા માટે આ વ્યવસ્થા બનાવી છે. તો શું આ અન્યાય ને દૂર કરવા માટેની કોઈ વ્યવસ્થા ન હોવી જોઈએ ?

છેલ્લાં થોડાં વર્ષોથી ઘણાં રાજ્યોમાં મહિલાઓને અમુક રકમ નિયમિત રૂપે આપવાનું ચલણ શરૂ થયું છે. જુદા જુદા નામથી ચાલી રહેલી આ યોજનાઓને પૈસા વહેંચવાની જોખમકારક પ્રવૃત્તિના રૂપમાં જોવામાં તેમજ બતાવવામાં આવે છે. પરંતુ જો આ દેશ પુરુષો કરતાં સ્ત્રીઓની મહેનત પર ચાલી રહ્યો હોય તો રાષ્ટ્રનિર્માણમાં તેમના આ યોગદાનના બદલામાં તેમને કંઈક ચૂકવણું કરવામાં આવે તો તેમાં ખોટું શું છે ?

તેને ચૂંટણીઓ આવતાં (ચૂંટણીની અગાઉ) લાંચ કે ભીખની જેમ આપવાને બદલે મહિલાઓ માટે 'કૃતજ્ઞતા નિધિ' જેવી કોઈ રાષ્ટ્રવ્યાપી યોજના કેમ બનાવાતી નથી ? માત્ર ૮મી માર્ચના મહિલા દિવસ પર જ નહીં, વર્ષના પ્રત્યેક દિવસે આ અંગે વિચાર કરવો જરૂરી છે.

(નવોદય ટાઇમ્સમાંથી અનુવાદિત) **– યોગેન્દ્ર યાદવ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# NAPM@30 : હૈદરાબાદ ઘોષણાપત્ર

**આ**પણે એક એપ્રિલ ૨૦૨૫ના અંકમાં જોયું કે NAPM- જન આંદોલનના રાષ્ટ્રીય સમન્વયે આ વર્ષે ત્રીસ વર્ષ પૂરાં કર્યાં અને તે નિમિત્તે ૧ થી ૪ માર્ચ દરમ્યાન હૈદરાબાદમાં રાષ્ટ્રીય સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં થયેલ ચર્ચાઓના મુખ્ય મુદ્દા અંગે આપણે એ લેખમાં વિગતો જોઈ. સંમેલનના અંતે લોકઆંદોલનો, રાજકીય નેતાઓ અને કર્મશીલોએ લોકશાહી, બંધારણ તેમજ ન્યાયના રક્ષણ માટે એક થઈને લડવાનું એલાન કર્યું.

સંમેલનના અંતે સરમુખત્યારશાહી, કોર્પોરેટ લૂંટ, કોમવાદ, પર્યાવરણનો વિનાશ તેમજ રાજ્ય તરફથી થનારા દમન સામે આપણી લડતો ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતું 'હૈદરાબાદ ઘોષણાપત્ર' હાજર રહેલા લગભગ ૧૦૦૦થી વધુ લોકો દ્વારા સ્વીકારવામાં આવ્યું :

### સંઘર્ષ માટે આહ્‌વાન, પુનર્નિર્માણ અને વિકલ્પોની પ્રતિજ્ઞા

*હમ વે નદીયાં હૈં, જીન્હે કોઈ બાંધ નહીં સકતા,*
*હમ વહ સમુદ્ર હૈં, જીસે કોઈ ખાદાન મેં નહીં બદલ સકતા,*
*હમ વહ જંગલ હૈં, જીન્હે કોઈ કાટ નહીં સકતા,*
*હમ વહ જમીન હૈં, જીસે કોઈ હડપ નહીં સકતા,*
*નષ્ટ નહીં કર સકતા.*
*હમ વે લોગ હૈં, જો ન ઝુકે હૈં, ન રુકે હૈં, ન મિટે હૈં.*

છેલ્લા ત્રણ દાયકાથી આપણે સાથે ચાલ્યા છીએ – ખીણો અને જંગલ, રણ અને ડુંગર, ગામડાં અને ઝૂંપડપટ્ટીઓમાંથી પસાર થતા – બુલડોઝરોને પડકારતા, જમીનોની રક્ષા કરતા, સાંકળોને તોડતા, અન્યાયની દીવાલોને પાડતા. જાતિ, ધર્મ, લિંગના નામ પર આપણને વહેંચનારાઓનો સામનો કરતા, તિરસ્કારનો જવાબ પ્રેમ અને કરુણાથી આપતા. આજે આપણે જ્યારે હૈદરાબાદમાં ભેગા થયા છીએ, આપણે આપણા સંઘર્ષોને યાદ કરીએ છીએ, આક્રોશ પણ વ્યક્ત કરીએ છીએ અને આપણે ફરીથી સંકલ્પ લઈએ છીએ.

આપણે જન આંદોલનોની શક્તિ છીએ, આપણે રોકાઈશું નહીં. બંધારણીય ન્યાયના માર્ગે સાહસ તેમજ પ્રતિબદ્ધતાપૂર્વક આગળ વધીશું.

### આજના સમયની હકીકત

આ સામાન્ય સમય નથી. આપણે એક એવા દોરમાંથી પસાર થઈ રહ્યા છીએ જેમાં જળ, જમીન, જંગલ, સમુદ્ર અને શ્રમને કોર્પોરેશનોના હવાલે કરી દેવામાં આવી રહ્યાં છે. જ્યારે ખેડૂત, માછીમારો, મજૂર અને શહેરી ગરીબ દેવું, ભૂખ તેમજ વિનાશના અંધારામાં ધકેલાઈ રહ્યા છે. મોટા બંધો ગામોને ગળી રહ્યા છે, ખાણો ધરતીને કાપી/ચીરી રહી છે, કારખાનાઓ હવાને ઝેરી બનાવી રહ્યાં છે, અને ઔદ્યોગિક કોરિડોર વિસ્થાપિતોના કબ્રસ્તાનની જેમ ઊભાં કરાઈ રહ્યાં છે – દરેક પ્રકલ્પ નફા માટે બનાવવામાં આવે છે – નહીં કે આમ લોકોના ફાયદા માટે- ગરીબો, શ્રમજીવીઓ અને આમ જનતાની જાન પર ઝાકઝમાળ ઊભી કરાઈ રહી છે.

નવઉદારવાદ અને હિંદુત્વ સાથે ચાલે છે. એક લૂંટે છે, બીજો મારે છે. આપણો, લોકશાહીનો શ્વાસ રૂંધી દેવામાં આવ્યો છે. આજે સત્તાપક્ષ અને તેમના સહયોગીઓ પોતાને 'આધુનિક' તો કહેવડાવે છે, પરંતુ રાજાઓ તેમજ મૂડીવાદીઓના જૂના સરમુખત્યાર માળખાની જેમ જ તે સામ્રાજ્યવાદી અને સામંતવાદી છે. ઇતિહાસને તોડી-મરોડી રહ્યા છે, સંસ્થાઓને ખતમ કરી રહ્યા છે, અસમહતિ તેમજ ટીકાને દબાવી દેવામાં આવે છે. જુદો મત સાંભળવાની સુદ્ધાં તેમની તૈયારી નથી. બંધારણ બદલવામાં આવી રહ્યું છે, ચૂંટાયેલી સરકારોને પાડી દેવામાં આવે છે, જન પ્રતિનિધિઓની ખરીદ-વેચ કરે છે, જનતા-વિરોધી કાયદાઓ લાવી રહ્યા છે અને અનૈતિક રાજનીતિને મુખ્ય પ્રવાહમાં સ્થાપિત કરી રહ્યા છે. તો બીજી તરફ બજાર તેમજ તેના ક્રોની (પરમ મિત્રો) અદાણી – અંબાણી ધન-દોલતનો અશ્લિલ જશ્ન મનાવી રહ્યા છે. આજે જ્યારે અસમાનતા આટલી અંધાધૂંધ રીતે વધી છે ત્યારે આ ધનકુબેરોની સંપત્તિઓમાં કરોડોગણો વધારો થયો છે.

શિક્ષણ એક વ્યાપાર બની ગયું છે. વિશ્વ વિદ્યાલયોને પોતાના કબજામાં લઈને ત્યાં પણ જુદા મતને રગદોળી દેવાય છે, અને તેમને હિંદુરાષ્ટ્રની પ્રયોગશાળા બનાવાઈ રહ્યાં છે. જેમ જેમ જ્ઞાન તેમજ સદ્‌બુદ્ધિ આ રીતે કેદ થઈ રહી છે, તેમ તેમ અજ્ઞાનતા એક હથિયાર બનતું જાય છે.

હિંદુત્વનો સકંજો વધુ ને વધુ જકડાવનારો બની રહ્યો છે, પાડોશીઓને દુશ્મન બનાવાઈ રહ્યા છે, પ્રેમને ઘૃણામાં ફેરવવામાં આવી રહ્યો છે, નાગરિકતાને મુસ્લિમો તથા અન્ય લઘુમતીઓ તરફ નિશાન (બલિ) તાકવાનું એક સાધન બનાવાઈ રહ્યું છે. દલિત, બહુજન, આદિવાસી, મુસ્લિમ, મહિલાઓ અને LGBTQIA+ સમુદાય, જાતિ, પિતૃસત્તા અને ધાર્મિક વર્ચસ્વની ઘંટીમાં પિસાઈ રહ્યાં છે. અને બીજી તરફ આ અન્યાયને 'વિકાસ' અને 'છદ્મ રાષ્ટ્રવાદ'ના લિબાસમાં ઢાંકવામાં આવી રહ્યો છે. રાજ્ય દમનના પડછાયામાં છુપાઈને કામ કરી રહ્યું છે – કાર્યકર્તાઓને જેલમાં પૂરી દેવાય છે, પત્રકારોને ચૂપ કરી દેવામાં આવે છે, કલાકારોના અવાજને સેંસર કરાય છે અને જનઆંદોલનોને 'આતંકવાદી', 'રાષ્ટ્ર વિરોધી' અથવા 'અર્બન નક્સલ'નું બિરુદ આપવામાં આવે છે. દુષ્પ્રચાર અને અસત્યના બજારને આજે દરેક ટી.વી. સ્ક્રીન પર પૂરની જેમ ફેલાવવામાં આવી રહ્યાં છે. સોશિયલ મીડિયાને નફરત તેમજ ભીડ દ્વારા થતી હિંસાના હથિયારમાં ફેરવવામાં આવી રહ્યું છે, અને ખોટા પ્રચારને હકીકત છે તેમ કહેવામાં આવે છે તેમજ તેને જ હકીકત બનાવી દેવાય છે. જનતા એકદમ કોઈ પાગલ બનેલી ભીડની જેમ આંધળા મનુવાદી તેમજ ફાસીવાદી ખીણમાં ડૂબી રહી છે અને ફાસીવાદનો રથ દેશ તેમજ દુનિયામાં આગળ વધી રહ્યો છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## આ 'અચ્છે દિન' નહીં, યુદ્ધ અને સરમુખત્યારશાહી છે !

વૈશ્વિક સ્તરે પણ આપણે ત્રીજા વિશ્વયુદ્ધના કિનારે આવીને ઊભા છીએ. ગાઝા, યુક્રેન, કોંગો, સુડાન અને અન્ય દેશોમાં યુદ્ધ અને સંઘર્ષ ચાલી રહ્યાં છે. વિશ્વના ઘણા દેશોમાં પ્રગટ થઈ રહેલી દક્ષિણપંથી શક્તિઓ વિશ્વશાંતિ માટે જોખમકારી બની ચૂકી છે, જ્યાં સત્તાધારી શક્તિઓ ફાસીવાદ, સામ્રાજ્યવાદી પોતાની સીમા વધારવાનું તેમજ વર્ચસ્વ વધારીને સત્તા સ્થાપિત કરવામાં વ્યસ્ત છે. લોકશાહી જાપ્તો રાખવાના (Surveillance) તંત્રની નીચે કચડાવામાં આવી રહી છે. અસહમતિને ડીજીટલ દમનના માધ્યમથી ખતમ કરી દેવાય છે, અને ચૂંટણીઓ મૂડીવાદી બજારમાં વેચાતા તમાશામાં ફેરવાઈ ચૂકી છે. લૂંટનારી તેમજ વિનાશકારી મૂડીની સાથે મળીને આ શક્તિઓ યુદ્ધ અને તબાહીમાંથી નફો કમાઈ રહી છે, વૈશ્વિક અસમાનતાને વધારી રહી છે, જલવાયુ સંકટને એક વ્યાપારિક અવસરમાં ફેરવી રહી છે - જેમાં વિનાશમાંથી પણ નફો મેળવી શકાય, જ્યારે કે મૂડીવાદી વ્યવસ્થા પોતે જ એક સંકટમાંથી બીજા સંકટમાં ડગમગી રહી છે, પોતાના જ બનાવેલા કાટમાળના જોર પર વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે.

કમનસીબે જલવાયુ સંકટ હવે કટોકટીના સમયે ઉઠાવવા પડતા પગલાનો અવાજ નહીં પરંતુ નફાખોરીનું એક માધ્યમ બનાવી દેવાયું છે. નદીઓને બંધોમાં પૂરી દેવાઈ છે, જંગલોની હરાજી થઈ રહી છે, પર્વતોને તોડવામાં તેમજ ખોદવામાં આવી રહ્યા છે, એટલું જ નહીં વૈકલ્પિક - હરિત ઊર્જા સ્રોતો પણ હવે મૂડીવાદીઓના હાથમાં જઈ રહ્યા છે. આ માત્ર માનવી જ નહીં પરંતુ સમસ્ત જીવસૃષ્ટિ સામેનું યુદ્ધ છે. નિવસન તંત્રને ખતમ કરાઈ રહ્યું છે, પ્રજાતિઓ વિલુપ્ત થઈ રહી છે અને આ ધરતી માને એક ઉપભોગની વસ્તુની જેમ મૃતપ્રાય કરાઈ રહી છે.

કુદરતનું આ નિર્મમ શોષણ જલવાયુ ન્યાયના સિદ્ધાંતોનું પણ ઉલ્લંઘન છે. આ એ લોકોના ભવિષ્યની પણ લૂંટ છે જેમનો હજુ જન્મ પણ થયો નથી. આપણે તેમને માટે માત્ર વિનાશ અને અભાવથી ભરેલી દુનિયા વારસામાં આપી રહ્યા છીએ. લોકોને કહેવામાં આવે છે કે તેઓ 'સ્વતંત્ર' છે, જ્યારે કે તેમના અવાજને જુઠ્ઠાણાં અને પ્રચારના સમુદ્રમાં ડુબાડી દેવાય છે. ન્યાય માટેનું આ આંદોલન માત્ર માનવતા સુધી સીમિત નથી - આ હવે સમસ્ત પ્રકૃતિના રક્ષણ માટેનો સંઘર્ષ છે. એક એવી દુનિયા ફરીથી મેળવાનો સંઘર્ષ જેમાં જમીન, પાણી અને હવા કોઈની સંપત્તિ નહીં પરંતુ બધા જીવોનો સંયુક્ત વારસો ગણાતો હોય. આ સમય બહુ જ અંધકારમય તેમજ નિરાશા ભરેલો પ્રતીત થાય છે, પરંતુ આ અંધકારમય વાતાવરણમાં પણ જે ખોટું છે તે અંગે અવાજો ઊઠી રહ્યા છે - નદીઓથી લઈને સમુદ્ર સુધી, શહેરોથી લઈને ગામડાંઓમાં પણ. અમે તેમને કહેવા માંગીએ છીએ : અમે ડરતા નથી. અમે નમતા નથી. અમે ભીખ નથી માંગતા. અમે વિનાશ, વિસ્થાપન, અસમાનતા તેમજ માનવ અધિકારોના ઉલ્લંઘનના વિરોધમાં અડીખમ રહીશું. અમે જનસંઘર્ષ છીએ. અમે ભવિષ્યના રક્ષણ માટે ઊભા છીએ - સાતત્ય, ગરિમા અને ન્યાયની સાથે.

## આપણા સંકલ્પ અને સંઘર્ષ

ત્રીસ વર્ષ પહેલાં જ્યારે નવઉદારવાદ અને સાંપ્રદાયિકતાની આગ આપણા દેશને ગળવા માંડી હતી, ત્યારે આપણે એકત્રિત થયા હતા. NAPMના મંચ પર. નર્મદાથી નંદિગ્રામ, કલિંગનગરથી કુડનકુલમ, પ્લાચીમાડાથી દાભોલ, ભોપાલથી પોસ્કો સુધી - આપણે લડાઈઓ લડી. આ લડાઈ આપણે એકલા નથી લડ્યા. આપણે એક ગઠબંધનના રૂપમાં લડ્યા. એક આંદોલનના રૂપમાં અનેક સમવિચારી સંગઠનો તેમજ આંદોલનોની સાથે મળીને. ન્યાયનું આ સપનું કંઈ અધૂરું સપનું ન હતું - જેને દફનાવી દઈ શકાય, પરંતુ આ અસ્તિત્વની લડાઈ હતી - વિસ્તૃત અને ઊંડી, અઘરી છતાં અડગ ઊભી રહેનારી.

## આજે અમે ઘોષણા કરીએ છીએ : સંઘર્ષ જારી રહેશે, વિકલ્પોના નિર્માણની સાથે ! અમારો નારો છે, 'સંઘર્ષ નિર્માણ સાથ સાથ'

આ માત્ર અસ્તિત્વ માટેની લડાઈ નથી, પરંતુ એક એવા ભવિષ્ય માટે સંઘર્ષ છે જ્યાં ખેડૂત પોતે જ પોતાની જમીનનો માલિક હોય, શ્રમિક પોતાનાં સાધનોનો, નદીઓ મુક્ત રીતે વહેતી હોય, જંગલ સુરક્ષિત રહે, પહાડને કોઈ ખોદે-તોડે નહીં અને ગ્લેશિયર પણ સંરક્ષિત રહે. એક એવું ભવિષ્ય જ્યાં વિકાસનો અર્થ સન્માન, શાંતિ અને ન્યાય હોય - ન કે વિનાશ અને અત્યાચાર. જ્યાં શાળાઓ સ્વતંત્રતાની શીખ આપે, ડરની નહીં; ઘર તેમજ સમુદાયનો પાયો પ્રેમ હોય, ન કે ઘૃણા; રસ્તાઓ પર જનતાનો હક હોય, ન કે પોલીસનો; લોકશાહી મૂડીવાદીઓની નહીં, જનતાની હોય. જ્યાં જલવાયુ સમસ્યાનો હલ ન્યાય હોય - નફાખોરી નહીં; જ્યાં નીતિઓ આંતર-પીઢીગત ન્યાયના આધારે બનાવવામાં આવે- વર્તમાન સમયના લોભ-લાલચથી પ્રેરાઈ જઈને નહીં; જ્યાં મૂડીના ચરણોમાં પ્રકૃતિની બલિ ન લેવાય, પરંતુ તેને બધા જીવોનો સામૂહિક વારસો માનવામાં આવે છે.

## આપણી પ્રતિજ્ઞા : વિરોધ, પુનર્નિર્માણ અને અહિંસક ક્રાંતિ

''અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમે જમીન, જળ, જંગલ, શ્રમ અને સંસાધનોની લૂંટનો વિરોધ કરીશું. ફાસીવાદી ઇતિહાસ-પરિવર્તન, કાયદો અને નાગરિકતાને વિકૃત બનાવવાની સાજીશનો પણ વિરોધ કરીશું; શિક્ષણ, આરોગ્ય તેમજ આવાસના બજારીકરણનો વિરોધ કરીશું; શ્રમિકોના અધિકાર, આદિવાસીઓની સ્વાયત્તતા તેમજ લૈંગિક ન્યાયના હકની સામે લડીશું; અમારા જે સાથીઓ જેલના સળિયાની પાછળ છે તેમની મુક્તિ માટે તેમજ નાગરિક સ્વાતંત્ર્યના દમન, સોશિયલ મીડિયાનું હથિયારીકરણ તેમજ લોકતાંત્રિક મૂલ્યોના હ્રાસના વિરોધમાં પડકાર આપતાં સંઘર્ષ કરીશું.

''અમે સંકલ્પ કરીએ છીએ કે અમે એક એવી જન-આધારિત અર્થવ્યવસ્થા તેમજ સમાજનું પુનર્નિર્માણ કરીશું જે સમુદાયો, સહકારિતા તેમજ પારિસ્થિતિક સંતુલન પર આધારિત હોય; એક એવું રાજકારણ જેમાં સત્તા ધનકુબેરો અને નેતાઓની પાસે નહીં પરંતુ ગ્રામસભાઓ અને

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

### ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી

# સહિયર(સ્ત્રી સંગઠન) વર્ષ ૨૦૨૫

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલાદિન એટલે ૧૯૧૦ થી શરૂ થયેલ શ્રમજીવી સ્ત્રીઓના અધિકાર, ન્યાય, શાંતિ અને મતાધિકાર માટેના સંઘર્ષનું પ્રતીક. આ દિવસ સમાનતામાં માનતી દરેક વ્યક્તિ માટે અનેરો અવસર છે. દુનિયાના અનેક દેશોમાં દાયકાઓ પહેલાં સ્ત્રીઓ અને સંવેદનશીલ પુરુષોએ જે ઐતિહાસિક સંઘર્ષ કર્યા છે તેના પરિણામે આજની પેઢીની સ્ત્રીઓની જિંદગી વધુ સારી બની છે. કેટલીક બાબતોમાં આજનો સમાજ વધુ બહેતર બન્યો છે. આ પ્રસંગે, આ વર્ષે મહિલાદિનની ઉજવણી માટે સહિયર (સ્ત્રી સંગઠન) અને સહજ સંસ્થા દ્વારા રેલી, પોસ્ટર પ્રદર્શન, સૂત્રોચ્ચાર, જાગૃતિ ગીતો, શેરી નાટક અને અભિનય ગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુઝિક કૉલેજ પાસે સહિયરના કાઉન્સિલિંગ સેન્ટરથી રેલીની શરૂઆત કરવામાં આવી. પદ્માવતી કોમ્પલેક્ષ થઈને ગાંધી નગરગૃહના ઓટલા પર (પરિસરમાં) પૂર્ણ કરી ત્યાં જ કાર્યક્રમનું આયોજન થયું. સહિયરના કિશોરી જૂથમાં જોડાયેલી કિશોરીઓએ કાર્યક્રમનું સંચાલન કર્યું.

**૮ માર્ચ મહિલા દિવસની વાત :**

૮ માર્ચ એ જે તે વર્ષનો છૂટો છવાયો દિવસ નથી. પરંતુ વર્ષભર ચાલેલી નાની નાની લડતોને તીવ્ર બનાવવા માટે અને પ્રકાશમાં લાવવા માટેનો એક પ્રતીકાત્મક દિવસ છે. વર્ષો પહેલાં શરૂ થયેલી લડત હજુ પણ ચાલુ છે. ઘરેલુ હિંસા હોય, બળાત્કારની ઘટના હોય કે જાતીય સતામણી હોય; કાયદા બન્યા પણ અમલીકરણ માટે સંઘર્ષ કરી રહ્યા છીએ અને હજી આટલાં વર્ષો (૧૧૫ વર્ષ) પછી પણ સંઘર્ષ ચાલુ જ છે. મહિલા દિવસના ઇતિહાસ અને સંઘર્ષની જાહેરમાં વાત કરવામાં આવી.

ગીત 'લડેંગે હમ બઢંગે હમ...' સહિયરનાં આગેવાન બહેનો દ્વારા ગાઈને સંગઠિત થઈ અવાજ બુલંદ કરી સંઘર્ષો ચાલુ રાખવા માટે સહુને પ્રેરિત કરવામાં આવ્યાં. તો 'બેખૌફ આઝાદ હૈ જીના મુજે...' અભિનય ગીતના માધ્યમથી કિશોરીજૂથની કિશોરીઓએ પોતાની જિંદગી કોઈપણ ડર વગર જીવવા અંગે રજૂઆત કરી. ત્યારબાદ સહજ સંસ્થાની બહેનોએ 'જાગજો રે બહેનો...' ગીત ગાઈને હવે જાગી જવાની જરૂર છે એવો સંદેશો આપ્યો. ત્યારપછી આપણા સમાજમાં હજી પણ જેન્ડર




ભેદભાવ થઈ રહ્યો છે તે દર્શાવતું નાટક 'મારી ઇચ્છા' સહજ સંસ્થાનાં કિશોર- કિશોરીઓ દ્વારા ભજવવામાં આવ્યું. 'પર લગા લિયે હૈં હમને' ગીત ગાઈને સહિયર કિશોરી જૂથની કિશોરીઓએ પોતાની આઝાદી માટે, આગળ વધવા, પીંજરામાંથી બહાર નીકળવા માટે ઉત્સાહપૂર્વક બીજાને પણ પ્રેરિત કર્યા.

ત્યારબાદ નિબંધ લેખન, જૂથ ચર્ચા, પરિણામ અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. સહિયર દ્વારા દર વર્ષે નિબંધ લેખનનું આયોજન થાય છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ ઉંમરમાં જ વિચારતા થાય, લેખનમાં પોતાના વિચારો વ્યક્ત કરે અને તે ચર્ચા કરતા પણ થાય તે હેતુથી નિબંધ લેખન અને જૂથચર્ચાનું આયોજન કરવામાં આવે છે. સમાજમાં કોઈ પણ ઘટના ઘટે, તે માનવસર્જિત હોય કે કુદરતી હોય તેની દરેક માનવી પર કેવી અસર પડે છે અને કેવાં પરિણામો આવે છે તે વિશે વિચારતા થઈએ એ ઉદ્દેશ્ય પણ જોડાયેલો છે. આ વર્ષે (૧) 'વડોદરા શહેર પૂર : મારી નજરે' અને (૨) 'છોકરીઓ અને સ્ત્રીઓની સલામતી' એવા બે વિષય નિબંધ માટે નક્કી કરવામાં આવ્યા હતા. વડોદરા શહેરની શાળાઓમાંની ૮ શાળાઓમાંથી ૩૪ છોકરીઓ અને ૨૨ છોકરાઓ મળીને કુલ ૫૬ વિદ્યાર્થીઓ નિબંધ લેખનમાં જોડાયાં હતાં જેમાં, જૂથચર્ચામાં ૪ કિશોર અને ૧૦ કિશોરીઓ એમ કુલ ૧૪ વિદ્યાર્થીઓ સહભાગી થયાં હતાં. તેમને આજના દિવસે ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

મહિલા દિનના ઉપલક્ષ્યમાં રોજગારલક્ષી તાલીમ અંતર્ગત કોર્સ પૂર્ણ કરેલ મહિલાઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં. આપણા સમાજે સ્ત્રીઓ માટે એક ઢાંચો નક્કી કરેલો છે, જેમાં સ્ત્રીઓ ફક્ત સીવણ, બ્યુટી પાર્લર, મહેંદી જેવા રોજગાર જ કરી શકે તેવા પોતે ઊભા કરેલા સામાજિક નિયમો બનાવેલા છે. ખરેખર તો દરેક ક્ષેત્રમાં મહિલાઓ આગળ આવે તેવું ઇચ્છીએ પણ સામાજિક ઢાંચાને અનુસરીને પણ બહેનોને આ બહાને બહાર આવવાની તક મળે છે અને પોતાની રોજગારી ઊભી કરી પગભર થાય છે. આ સાથે સમાજ-પરિવર્તનની પ્રક્રિયામાં ઘર, કુટુંબ, સમાજ અને પોતાની આસપાસ નેતૃત્વ લઈ બદલાવ લાવે, બીજાને પણ સાથ આપે એવું વાતાવરણ પૂરું પાડવા સક્ષમ બને. સમાજની, મહિલાઓની અને હાલની પરિસ્થિતિઓ, ઘટનાઓ વિશે ચર્ચા કરતાં થાય એ ઉદ્દેશ્ય સાથે તાલીમનું આયોજન થાય છે. સમાજના ઢાંચા સાથે બહેનો પોતાની રોજગારીની આવડત પ્રમાણે આગળ વધે તો સમાજ સ્વીકારી શકે. આમ, બહેનો ઘરમાં ન પુરાઈ રહે, બહાર નીકળી આગેવાની લે તે માટે રોજગારીનું માધ્યમ લઈને આગળ વધવાની તક ઊભી કરવામાં આવે છે.

સહિયરમાં મહિલા જૂથમાં જોડાયેલી મહિલાઓ માટે ફેશન ડીઝાઈનીંગ MDH ઇન્સ્ટિટ્યૂટ સાથે મળીને કોર્સનું આયોજન થયું. જેમાં ચણિયા ચોળી, બ્લાઉસ, ડ્રેસ અને કુર્તી વગેરે જેવાં કપડાંની સિલાઈ શીખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ મહિલાઓનો પરિચય આપવામાં આવ્યો. જેઓ પોતાનો આખો કોર્સ પૂર્ણ કરી તેને વ્યવસાય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રૂપે આગળ વિકસાવી રહી છે તેવી ૨૮ મહિલાઓને સહિયરનાં આગેવાન બહેનો દ્વારા સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યાં.

આ ઉપરાંત વિકલ્પ સંસ્થામાંથી ટ્રાન્સ મહિલાએ પોતાના સંઘર્ષની વાત કરી. તેમણે કહ્યું કે, હું જન્મથી પુરુષ હતી, પણ મારી ઓળખ સ્ત્રી તરીકે થઈ. મારે ઘણી બધી કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. મારે અહીંયાં સ્ટેજ પરથી બધાં માતા-પિતાને એવી વિનંતી કરવી છે કે તમારા ઘરમાં જેવું પણ બાળક જન્મે તેને સ્વીકારો, તરછોડશો નહિ, તેમને ભણાવો અને આગળ લાવો.

સહિયર(સ્ત્રી સંગઠન)નાં આગેવાન બહેનો અને કિશોરીજૂથની કિશોરીઓની આગેવાનીમાં આખા કાર્યક્રમનું આયોજન થયું. આઝાદી પહેલાં અને પછી મહિલાઓનું સમાજમાં જીવન, સંઘર્ષ અને બદલાવ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી સાવિત્રીબાઈ ફુલે તથા ફાતિમા શેખ, પંડિતા રમાબાઈ સરસ્વતી, હોમાઈ વ્યારાવાળા, ફ્રૈયા સખાવત હુસેન અને બીજી ઘણી બધી સ્ત્રીઓનું યોગદાન આપણી પરિસ્થિતિ બદલવામાં રહ્યું છે. તેમની નિષ્ઠા અને પ્રગતિશીલ વિચારોને યાદ કરી આગળ સંગઠિત થઈ 'સમાનતા તરફ એક ડગલું'ની વાત કરવામાં આવી.

આજના દિવસે ડો. તૃપ્તિબેન શાહને કેવી રીતે ભુલાય ! તેમને યાદ કરી ક્રાંતિકારી સલામી આપવામાં આવી. તેમણે નારી આંદોલનો અને ૮ માર્ચના ઇતિહાસને આપણા સુધી પહોંચાડ્યો છે.

**'લડેંગે હમ બઢેંગે હમ યે જુલમ કે ખિલાફ હમ,**
**નઇ સુબહ લાને કો રહેંગે સાથ સાથ હમ'**

૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી ફક્ત આનંદ માટે જ નહીં પણ આપણી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં રૂઢિવાદી માન્યતાઓ, રિવાજોને પડકારીને નારીવાદી આંદોલનોમાં સામેલ થવા માટે છે. મોટાભાગે બધા લોકો આ દિવસે માર્કેટિંગ, જાહેરખબરોના માધ્યમથી એક દિવસ માટે વિવિધ ઓફર આપી પોતાનો માલ વેચે છે. આ જ રીતે મહિલા દિવસની છાપ ઊભી કરે છે તેને બદલે આપણે હકીકત જાણી, સમજીને તેમાં વિરોધ દર્શાવીએ. દરેક સવાલોને, નિર્ણયોને મહિલાઓના દૃષ્ટિકોણથી જોવાની દૃષ્ટિ કેળવવાની સમજ અંગે જાહેરમાં વાત કરવામાં આવી. રેલીના માધ્યમથી આપણો સામૂહિક અવાજ વધારે બુલંદ થાય, અને હક્ક અને અધિકારોની માંગણીઓ કરવા બાબતે એક વિચાર કરતાં થાય એવી પ્રક્રિયા થઈ. કિશોરીઓ અને મહિલાઓમાં દૃષ્ટિકોણ કેળવાય અને પોતાને બદલાવ લાવવો છે, પરિસ્થિતિ બદલવી છે એ માટે સામૂહિક અવાજ જરૂરી છે. એ માટે મહિલા દિવસ મહત્ત્વનો છે.



વર્ષમાં ફક્ત આ એક દિવસે જ મહિલાઓને સન્માન નહીં પણ બધા જ દિવસ સન્માન મળે તે માટે '૮ માર્ચનો એક જ નારો વર્ષનો પ્રત્યેક દિવસ અમારો', આ નારા સાથે વાત કરવામાં આવી. જ્યારે આપણે સમાજપરિવર્તનની વાત કરતાં હોઈએ તો તે રાતોરાત નથી આવતું પણ તેમાં વર્ષો નીકળી જાય છે ત્યારે બદલાવ જોઈ શકીએ છીએ, જીવી શકી છીએ, અનુભવી શકીએ છીએ. બદલાવની પ્રક્રિયામાં ભાઈઓ જોડાય તો બહેનોને તેમાં સાથ મળી રહે. સમાજમાં સમાનતા લાવવાની જવાબદારી બંનેની છે. તો જ આ પ્રક્રિયા સરળ અને નક્કર બને.

વડોદરા ઉપરાંત તારીખ ૧૧.૦૩.૨૦૨૫ ના રોજ ભાવનગરના આલાપર ગામે મહિલા દિવસની ઉજવણી મીઠી વિરડી જૂથ પ્રેરિત સહેલી મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીની બહેનોની આગેવાનીમાં થઈ. જેમાં, ૩૫૦ થી વધુ મહિલાઓ સહભાગી બની. મીઠી વિરડી જૂથના સહેલી મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીમાં જોડાયેલાં ભાનુબેન ડાભી જે હાલમાં ઉપપ્રમુખ બન્યાં તેમણે પોતાની સફરની વાત કરી. તેઓ શાળામાં ગયાં જ નથી, લખી વાંચી શકતાં નથી. છતાં આ પદ સુધી પહોંચ્યાં છે. ઘર, સમાજનાં બંધનોને તોડી નેતૃત્વ લઈ રહ્યાં છે. આજે આત્મવિશ્વાસ સાથે માઇક લઈને બોલી શકે છે. મંડળનો હિસાબ પણ કરી શકે છે. આમ, તેમણે પોતાના અનુભવો અને સંઘર્ષની વાત કરીને બીજાં બહેનોને પણ નેતૃત્વ લઈ આગળ આવવા પ્રેરિત કર્યાં. ડભોઈમાં પણ મહિલાજૂથ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી. જેમાં ૨૦૦ જેટલાં બહેનો જોડાયાં હતાં. મહિલા દિવસનો ઇતિહાસ, ભારતનું બંધારણ, મહિલા હિંસા, મહિલાલક્ષી સરકારી યોજનાઓની વાત કરી મહિલાઓને માહિતગાર કર્યાં.

સહિયર(સ્ત્રી સંગઠન)ના કાર્યકર, આગેવાન બહેનો, અને કિશોરીજૂથની યુવતીઓ પણ જોડાઈ. આ કાર્યક્રમમાં આગેવાન બહેનો અને કિશોરીઓએ સૂત્રો, અભિનય ગીત, ગીતો ગાઈને મહિલાઓના સંઘર્ષો અને લડાઈને યાદ કરી હજી પણ આપણે પરિસ્થિતિ બદલવાની છે તેવી વાત કરી. અહીં પણ આગેવાન મહિલાઓ અને કિશોરીજૂથની યુવતીઓની આગેવાની ઉભરાઈ આવી. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે મહિલાઓએ ઘરમાં કોઈને અગવડ ના પડે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવી. કિશોરીઓએ પણ કોલેજ, પોતાની નોકરીમાં રજા પાડી, દૈનિક રોજગાર છોડીને આ દિવસને વધુ પ્રાધાન્ય આપ્યું.

આટલાં વર્ષોથી સંગઠન દ્વારા આગેવાનતાલીમ અને જે કામગીરી થઈ રહી છે તે સમજ સાથે બહાર આવી રહી છે તે ખૂબ મહત્ત્વનું છે. સહિયરનાં ૪૦ વર્ષ થયાં છે ત્યારે વર્ષો બાદ સમાજ પરિવર્તનની પ્રક્રિયામાં બદલાવને થોડા અંશે સ્પષ્ટ રૂપે જોઈ શકાયો છે. સાચી સમજ, તે માટેની પ્રક્રિયાનાં આટલાં વર્ષોમાં મહિલાઓ પોતાના અધિકાર માટે જાગૃત થઈને સમાનતા તરફ આગળ વધી શકી એ પરિણામ જોઈ - અનુભવી શકાયું છે.

''નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી. માનવમુક્તિ વગર નારીમુક્તિ અશક્ય છે.''

**રિપોર્ટ લખનાર : સહિયર ટીમ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સ્માર્ટ ફોનથી થતી બીમારીઓ

આજના ટેકનોલોજીના જમાનામાં મોબાઇલ ફોન માનવીનું અભિન્ન અંગ અને તકનિકી વિસ્તાર બની ચૂક્યો છે. આજથી ચાર-પાંચ દસકા પહેલાં દિવાનખાનામાં પડ્યો રહેતો લેન્ડલાઇન ફોન માત્ર દૂરની વ્યક્તિઓ સાથે સંભાષણની ગરજ સારતો હતો. પણ આજનો વીજાણુસંચાલિત ફોન હવે સંભાષણ ઉપરાંત મનોરંજન અને માહિતી સંપાદનનું પણ અનિવાર્ય સાધન બની ગયો છે. દુનિયા માનવીની આંગળીઓના ટેરવે આવીને વસી ચૂકી છે. મોબાઇલ ફોન વગર માણસને એક ઘડી ચાલતું નથી.

લેન્ડલાઇન ફોનની સરખામણીમાં સેલફોન માનવીને એનાં કુટુંબીજનો, સ્વજનો, મિત્રો, સાથીઓ, જાણીતા અને અજાણ્યાઓ સાથે વૉઇસ કૉલ્સ, વિડિયો કૉલિંગ, ટેક્સ્ટ મેસેજ તેમ જ સોશ્યલ માધ્યમો દ્વારા સતત જોડાયેલો રાખે છે. ઈન્ટરનેટના માધ્યમથી જ્ઞાન અને માહિતીઓનો વિપુલ ભંડાર, સંશોધનો, તાજી બનેલી ઘટનાઓનો ચિતાર અને હવામાનની તદ્દન અદ્યતન જાણકારી કરાગ્રે વસતાં થયાં છે. આ સિવાય મોબાઇલ ફોન મનોરંજનનું પણ સાધન બની ચૂક્યો છે. સંગીત, વિડિયો, ચલચિત્રો અને વિડિયો ગેમ્સનો વિપુલ ખજાનો મોબાઇલ ફોને માણસને હાથવગો કર્યો છે.

જોકે માનવીના દૈનિક જીવનમાં આ મોબાઇલ-કનેક્ટિવિટીએ ભારે અંગત ચંચુપાત કર્યો છે. આપણી સઘળી વ્યક્તિગત માહિતીઓ મોબાઇલ ફોનમાં સંગ્રહાયેલી રહે છે. આનાથી સાયબર ગુનાખોરીને છુટ્ટો દોર મળ્યો છે. આ વાત તો જુદી, પણ મોબાઇલ ફોને કામોમાં માનવીની એકાગ્રતા શક્તિને તોડી છે. એના મનની ચંચળતાને વધારી દીધી છે. દરેક વ્યક્તિ સતત ફોનના પડદા પર વળગેલી રહે છે, જેને કારણે એની આંખોને શ્રમ પડે છે, એની ઊંઘ ખોરવાય છે. એના સંબંધોને આંચ આવી છે. માનવી હવે બીજા માનવીઓની સામે પ્રત્યક્ષ પ્રસ્તુત થતો નથી, પણ ડિજિટલ માધ્યમથી સંસર્ગ જાળવે છે. આની અસરથી દરેક જણ સામાજિક કૌશલ્ય અને એકબીજા સાથે જોડાયેલા રહેવાનું સામર્થ્ય ખોઈ બેઠો છે. સરવાળે મોબાઇલ ફોન આપણા પોતાના જ અસ્તિત્વનું એક અનિવાર્ય અત્યાધુનિક અંગ બની ચૂક્યો છે. એના લીધે આપણા જીવનનું સંતુલન ખોરવાયું છે. એના ફાયદાઓ કરતાં અનેકગણા ગેરલાભો ઊભા થયા છે. માણસે પોતાની શારીરિક, માનસિક, ભાવનાત્મક અને સામાજિક સુખાકારી કાજે મોબાઇલ ફોનના ઉપયોગ તેમ જ સંસર્ગ સમય (સ્ક્રીન ટાઇમ) પર સંતુલન આણવાની સખત જરૂરિયાત ઊભી થઈ છે. મોબાઇલ ફોન આપણી જરૂરિયાત પણ છે, અને અનેક મુસીબતોનું કારણ પણ છે. એ પોતે અનેક રોગોની જનેતા છે.

## સૂક્ષ્મ જીવાણુઓનો ચેપ

આપણે એકબીજાના ફોન સહેલાઇથી આપ-લે કરીએ છીએ. આ પ્રક્રિયામાં એક વ્યક્તિના હાથ અને આંગળીઓ પર રહેલા સૂક્ષ્મ જીવાણુઓ અન્ય વ્યક્તિને લાગુ પડી શકે છે. મોબાઇલ ફોન આપણે કદી સાફ કરતા નથી. જાજરુ ગયા પછી, પેશાબ કર્યા પછી, કે સાફસૂફી કર્યા પછી આપણા હાથ અને આંગળીઓ પર અસંખ્ય જીવાણુઓ વળગે છે. એટલે આપણો ફોન બીજી વ્યક્તિને એના હાથમાં આપવાથી એને આપણો ચેપ લાગુ પડી શકે છે. એક અભ્યાસ અનુસાર દર છમાંથી એક ફોન પર ઈ.કોલાઇ (E.coli) નામના સૂક્ષ્મ જીવાણુઓ જોવા મળ્યા છે. આ જીવાણુઓ આપણા મોટા આંતરડામાં નિવાસ કરે છે અને મળ મારફતે બહાર આવે છે. મળત્યાગ પછી જો હાથ બરાબર ધોવામાં ન આવે તો આ સૂક્ષ્મ જીવાણુઓ આપણા હાથ અને આંગળીઓ પર વળગે છે. આનાથી મૂત્રતંત્રનો ચેપ લાગુ પડી શકે છે. જોકે મોબાઇલ ફોનની સપાટી સખત હોવાથી આ જીવાણુઓ એના પર ઝાઝું ટકી શકતા નથી. તેમ છતાં આપણો ફોન ચાલુ કોલે બીજાને આપતાં પહેલાં એની સપાટી સાફ કરવી આવશ્યક છે.

## ગરદનની તકલીફ (Text Neck Syndrome)

સ્માર્ટ ફોન પર સતત ગરદન ઝુકાવીને નજર ખોડેલી રાખવાથી ગરદનના સ્નાયુઓ અકડાઈ જાય છે અને એમાં આંકડી આવે છે. આનાથી ગરદન, ખભા અને હાથની ચેતાઓ પર દબાણ આવે છે. પરિણામે ગરદન, હાથ અને ખભામાં દુખાવો અને ખાલી ચઢવાની તકલીફ ઊભી થાય છે. સ્માર્ટ ફોન પર ટેક્સ્ટ મેસેજ ટાઇપ કરતી વેળાએ ગરદન ઝુકાવેલી રાખવી હિતાવહ નથી. સ્માર્ટ ફોન વાપરતી વેળાએ ગરદન અને પીઠ આગળ ખૂંધ ન વળી જાય તેની કાળજી લેવી. જો મોબાઇલ ફોન લાંબો સમય વાપરવાની જરૂર રહેતી હોય તો દર વીસ મિનિટે હાથ અને ગરદનને વિરામ આપીને ગરદનની થોડી કસરતો કરવી.

## કઢંગી રીતે કરવામાં આવતો ફોનનો ઉપયોગ (Awkward Phone calls)

અનેક લોકો ચાલુ વાહને અથવા બીજા કોઈ કામમાં પરોવાયેલા હોય ત્યારે ફોન કરવા અથવા રીસિવ કરવા માટે સ્માર્ટ ફોનને કાન અને ગરદનની વચ્ચે ઘાલે છે. આ સ્થિતિ કઢંગી છે. એનાથી ગરદનના સ્નાયુઓ પર તાણ પડે છે અને એમાં દુખાવો થઈ શકે છે. બને ત્યાં સુધી આ રીતે ફોનને કાનની નીચે ઘાલીને વાત કરવાનું ટાળવું જોઈએ.

## ચાલુ વાહને ટેક્સ્ટ મેસેજ કરવાની કુટેવ (Text & Drive)

દ્વિચક્રી વાહન કે કાર ચલાવતી વખતે અનેક લોકોને મોબાઇલ ફોન ખોલીને ટેક્સ્ટ મેસેજ કરવાની કુટેવ હોય છે. એક બાજુ વાહન ચલાવવું અને બીજી બાજુ મોબાઇલના પડદા પર મેસેજ ટાઇપ કરવો અને એને રવાના કરવો, આ કામમાં અમુક ક્ષણો વીતે છે, જે દરમિયાન વાહન ચાલનમાંથી વ્યક્તિનું ધ્યાન આડું ફંટાય છે. આ થોડી જ ક્ષણોમાં એનું વાહન ફૂટબોલ ગ્રાઉન્ડની લંબાઈ જેટલું અંતર કાપી કાઢે છે. આટલું અંતર અને આટલો સમય પ્રાણઘાતક અકસ્માત થવા માટે પૂરતો છે. એક અભ્યાસ પ્રમાણે ચાલુ વાહને ટેક્સ્ટ મેસેજ મોકલવા જતાં અકસ્માતની શક્યતા ૨૩ ગણી વધી જાય છે. મેસેજ ફોનના પડદા પર ટાઇપ કરો, કે પછી વૉઇસ ટેક્સ્ટ કરો, અકસ્માતની સંભાવના તો બન્ને કેસમાં એકસરખી જ છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## ચાલુ વાહને મોબાઇલ ફોન પર વાત કરવી

મોટા ભાગના લોકો એવા ભ્રમમાં છે કે ચાલુ વાહને ફોન પર વાત કરવામાં તે વળી કયું જોખમ હોય? પણ ચાલુ વાહને ફોન કરવા કે લેવામાં અકસ્માતની સંભાવના ચારગણી વધી જાય છે. આ કુટેવથી વિશ્વભરમાં આશરે દસ લાખ જેટલા ગંભીર અકસ્માતો થાય છે, અને આ અકસ્માતોના ૨૦% કિસ્સાઓમાં કાર ચલાવતી વખતે ફોન કરવા કે લેવાની આદત જવાબદાર હોવાનું જણાઈ આવ્યું છે.

## રાત્રે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવો

નેવુંના દસકા પછી વિશ્વમાં ઈન્ટરનેટનું ચલણ શરૂ થયું. લોકો સ્માર્ટ ફોનનો ઉપયોગ ફોન અને ટેક્સ્ટ મેસેજ કરવા ઉપરાંત ઈન્ટરનેટ સર્ફિંગ માટે કરતા થયા છે. ઈન્ટરનેટ બ્રાઉઝર અને સોશ્યલ મીડિયા પર લોકો મોડી રાત સુધી વ્યસ્ત રહે છે. મોબાઇલ ફોન અને ટેબલેટમાંથી નીકળતાં ભૂરા રંગનાં વિકિરણો રાતની ઊંઘને ખોરવી કાઢે છે. આનાથી ડાયાબિટીઝ, સ્થૂળતા, હૃદયરોગનો હુમલો અને બીજા અનેક રોગોનું જોખમ વધે છે.

## ચાલતી વખતે ફોન કરવો અને ટેક્સ્ટ મેસેજ કરવો

ઘણા લોકો રસ્તે ચાલતાં અથવા રસ્તો ઓળંગતી વેળાએ ફોન પર વ્યસ્ત રહે છે. આ કામ આમ ગણો તો માંડ અમુક પળોનું જ હોય, પણ આ ટૂંકા ગાળામાં વાહનની અડફટે આવી જવું, સંતુલન ગુમાવીને પડી જવું, અથવા ભટકાઈ પડવાનું જોખમ વધી જાય છે, અને આનાથી સાધારણથી માંડીને ગંભીર ઈજાઓના ભોગ બની શકાય છે. એવું પણ નથી કે ફોન કરતી વેળાએ ચાલવા જતાં કેવળ રસ્તા પર જ અકસ્માત થાય છે. અમુક કિસ્સાઓમાં ઘરની અંદર પણ ચાલુ ફોને આંટા મારવા જતાં પડી જવાના, અને સ્નાયુઓ તેમ જ અસ્થિબંધોને ઈજા પહોંચવાના કિસ્સાઓ નોંધાયા છે. આમ કરવા જતાં સાદી મચકોડ આવી શકે, કે સ્નાયુઓને ઈજા થઈ શકે, અને ફ્રેક્ચર પણ થઈ શકે છે.

## કેન્સરનું જોખમ

મોબાઇલમાંથી થતા કિરણોત્સર્ગથી કેન્સર થાય છે એવો સીધો સંબંધ સ્થાપિત કરતાં પરિણામો તબીબી અભ્યાસોથી પ્રાપ્ત થયાં નથી. એટલે મોબાઇલ ફોન અને કેન્સર વચ્ચે નક્કર કડી હોવાનું હજુ સુધી પુરવાર થયું નથી. આ દિશામાં હજુ તબીબી અભ્યાસો થઈ રહ્યા છે. છતાં જો તમને મોબાઇલ ફોનના વપરાશથી કેન્સર થવાનો ડર લાગતો હોય તો ફોનને સ્પીકર મોડ પર રાખીને, અથવા હેન્ડ્સ-ફ્રીનો ઉપયોગ કરીને વાત કરવાનું રાખો.

## અંગૂઠાની તકલીફ (Trigger Thumb)

મોબાઇલ ફોનનો ઉપયોગ કરવામાં આપણે અંગૂઠા અને આંગળીઓનો જ ઉપયોગ કરતા રહીએ છીએ. ફેસબૂક પર 'like' કરવું, મેસેજ ટાઇપ કરવા, મોબાઇલના પડદા પર ગેમ્સ રમવી, ફોટા જોવા, વગેરેને કારણે અંગૂઠો સતત મોબાઇલ ફોનના પડદા પર વાંકો વળીને વળગેલો રહે છે. આના લીધે અંગૂઠાને સતત વાળેલો રાખીને ફોનના પડદા પર પ્રવૃત્ત રાખવો પડે છે. કલાકો સુધી આ પ્રવૃત્તિમાં વળગેલા રહેવાથી અંગૂઠો વળેલો રહે છે અને એને સીધો કરવાની મુશ્કેલી પડવા લાગે છે. અંગૂઠાને મોબાઇલ ફોન પર વ્યસ્ત રાખવાથી એની અંદરથી પસાર થતા સ્નાયુની કંદરાની ફરતે આવેલું નરમ પેશીનું આવરણ કઠણ બનતું જાય છે. પરિણામે એ અંગૂઠાના સ્નાયુ પર પકડ જમાવી દે છે. એના લીધે અંગૂઠાનું હલનચલન મર્યાદિત બની જાય છે. ફોન પર સતત ટેક્સ્ટ મેસેજ કે ટાઇપિંગ કર્યા કરવાથી, અથવા ફોનને હથેળીમાં ચુસ્ત રીતે પકડી રાખવાથી અંગૂઠાના સ્નાયુનું હલનચલન કુંઠિત થઈ જાય છે. આને smart phone thumb પણ કહેવામાં આવે છે. આનાથી બચવા માટે સેલફોનનો ઉપયોગ મર્યાદિત કરવો જરૂરી છે.

## અંગૂઠાનો સંધિવા (Thumb Arthritis)

મોબાઇલ ફોનના અતિઉપયોગથી અંગૂઠાના સાંધામાં સંધિવા લાગુ પડે છે, કે પછી અગાઉથી થયેલા સંધિવાનાં ચિહ્નો વકરે છે એ નક્કી નથી કરી શકાયું. પણ મોબાઇલ ફોનથી અંગૂઠાના મૂળ પાસેના સાંધામાં દુખાવો થાય છે. ઉપરાંત એ આળો બની જાય છે. અંગૂઠાને વાળીને હથેળીને અડવાની ક્રિયા મુશ્કેલ બને છે. અંગૂઠાથી ચપટી વાળીને ફોન પકડવાની અને મેસેજ ટાઇપ કરવાની ક્રિયા અઘરી બને છે. છતાં ફોનનો ઉપયોગ જો પડતો મૂકવામાં ન આવે તો વખત જતાં પરિસ્થિતિ વણસતી જાય છે.

## કોણીના સાંધાની બીમારી (Cubital Tunnel Syndrome)

આ રોગને cellphone elbow તરીકે પણ ઓળખવામાં આવે છે. મોબાઇલ ફોનને પકડી રાખવા માટે હાથને સતત કોણી આગળથી વાળેલો રાખો, અથવા લાંબો વખત સુધી વાત કરવા માટે એને કાન આગળ ધરી રાખવા માટે કોણીએથી હાથને વાળેલો રાખવો પડે એટલે કોણીના સાંધા આગળથી પસાર થતી અલ્નર ચેતા (ulnar nerve) પર દબાણ આવે. આને કારણે આ ચેતા જે સાંકડી અસ્થિ ટનલમાંથી પસાર થાય છે તેમાં સોજો આવી જાય છે. પરિણામે કોણીના અંદરના ભાગ તરફના હાથ, હથેળી, ટચલી આંગળી અને કોણીમાં ઝણઝણાટી, ખાલી ચઢવી, દુખાવો થવો, હલનચલનમાં પીડા થવી, વગેરે તકલીફો ઊભી થાય છે. આ રોગને Cubital Tunnel Syndrome કહેવામાં આવે છે. એનાથી બચવું હોય તો કોણીને લાંબા વખત સુધી સતત વાળેલી રાખવી નહીં. વચ્ચે થોડો વખત માટે હાથને સીધો કરવો અને હાથને કોણીએથી હલનચલન પૂરું પાડતાં રહેવું. હાથને કોણી આગળથી અલગ અલગ દિશાઓમાં હલનચલન આપતા રહેવું.

## આંખોની બીમારીઓ

મોબાઇલ ફોનમાંથી નીકળતાં વિકિરણો ટૂંકી તરંગલંબાઈના હોય છે. એનાથી આંખો થાકે છે અને એમાં દુખાવો થઈ શકે છે. આ વિકિરણો આંખના ડોળાના બહારના ભાગમાં આવેલા સ્વચ્છ (કોર્નિયા) આવરણને પણ નુકસાન કરે છે. એના લીધે દૃષ્ટિ ઝાંખી પડે છે. મોબાઇલ ફોનના અતિવપરાશને લીધે આંખોને શ્રમ પડે છે. એના ડોળા પરનું પ્રવાહી આવરણ દૂર થાય છે, જેને લીધે આંખો સુકાય છે. આંખોમાંથી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પાણી નીકળ્યા કરે છે. એમાં બળ છે. મોબાઇલ ફોનના પડદા પર સતત તાકી રહેવા માટે આંખોનાં પોપચાંનું હલનચલન અટકાવવું પડે છે. આને લીધે આંખોના ડોળા પરનું અશ્રુનું આવરણ દૂર થાય છે, જેને લીધે આંખો સુકાય છે. આનાથી દૃષ્ટિમાં ઝાંખપ આવે છે. વળી મોબાઇલ ફોનના પડદા પર આંખોને એકધારી ખોડેલી રાખવાથી આંખોના ડોળાના હલનચલન સાથે સંકળાયેલા સ્નાયુઓ પર તાણ આવે છે. વળી દૂર અને નજીકના દૃશ્યોને વારાફરતી જોવા માટે આંખોના સ્નાયુઓમાં રહેલી અનુકૂલન ક્ષમતા દૂર થાય છે. એટલે મોબાઇલ ફોનનો ઉપયોગ કરો ત્યારે દર વીસ મિનિટે વીસ સેકંડ માટે વીસ ફૂટથી દૂરના અંતરનાં દૃશ્યોને જોવાની ટેવ પાડવી જોઈએ. વળી આંખોનાં પોપચાંને સતત ખોલબંધ કરતાં રહેવું જોઈએ. વચ્ચે વચ્ચે મોબાઇલ ફોન બાજુ પર મૂકી દઈને આંખોને આરામ આપવો પણ જરૂરી છે.

## વિદ્યુત અને વીજાણુ ઉપકરણોની કામગીરીમાં અવરોધ ઊભો થવો

પેસમેકર કે ડિફિબ્રિલેટર (defibrillator) જેવાં તબીબી ઉપકરણોના ઉપયોગમાં મોબાઇલ ફોનમાંથી નીકળતાં વિકિરણો આડખીલીરૂપ બને છે. શ્રવણયંત્રની કામગીરીમાં પણ તે અવરોધ ઊભો કરે છે.

## એકાગ્રતાનો અભાવ

કોઇપણ કામ કરતી વખતે આપણું ધ્યાન વારંવાર ફોન તરફ જાય છે. આપણે નોટિફિકેશન સાઉન્ડ 'ઑન' રાખીએ એટલે એ અવારનવાર રણકીને આપણી એકાગ્રતા તોડે. આવેલા સંદેશને જોવાની આપણે ઈચ્છાને રોકી ન શકીએ. વળી વળીને ફોન આવે એટલે આપણે હાથ પરના કામને પડતું મૂકી દઈએ. આનાથી કામની ગુણવત્તા અને આપણી એકાગ્રતા કાયમ માટે નબળાં પડે. કામકાજમાં ભૂલોનું પ્રમાણ પણ વધે. એક અભ્યાસ અનુસાર દર્દીઓની તપાસ અને સારવાર દરમિયાન મોબાઇલ ફોનના કોલ અને મેસેજ ભણી ધ્યાન આપવાને કારણે ડૉક્ટરો અને નર્સોની કામગીરીમાં થતી ભૂલો અને એકાગ્રતામાં ૧૨% જેટલો ઘટાડો થતો જોવા મળ્યો છે.

## સામાજિક જીવન અને સંબંધોની નબળી પડતી જતી ગુણવત્તા

આપણે કોઈની સાથે વાતચીત કરતા હોઈએ, ઘરે બેસીને સૌ સાથે જમી રહ્યા હોઈએ, એકબીજાની સંગતમાં હોઈએ, પોતાના જીવનસાથી કે સંતાનોની સાથે બેઠા હોઈએ ત્યારે પણ થોડી થોડી વારે આપણું ધ્યાન મોબાઇલ ફોન ભણી જાય છે. જાણે કે મોબાઇલ ફોન આપણને યાદ કરાવતો હોય કે તમે મારા ભણી ધ્યાન આપ્યું? મિસ્ડ કોલ્સ જોયા? આવેલા ટેક્સ્ટ મેસેજ ચકાસ્યા? સોશ્યલ મીડિયા પરની પોસ્ટ ચેક કરી? આને લીધે સામાજિક સંબંધોમાં અંતરાય ઊભો થાય છે. છેલ્લા બે દસકા દરમિયાન સામાજિક સંબંધોમાં આત્મીયતા ઘટી છે. સામે બેઠેલી વ્યક્તિની આપણે ઉપેક્ષા કરીએ છીએ. વાતચીતનો તંતુ તૂટી જાય છે. સામેની વ્યક્તિને એમ લાગે છે કે એને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. જૂઠું બોલવાનું પ્રમાણ પણ મોબાઇલ ફોનને લીધે ખૂબ જ વધી ગયું છે.

## નોમોફોબિયા (NO Mobile Phone PhoBIA - Nomophobia)

નોમોફોબિયા એટલે 'મારો ફોન મારી પાસે નથી'ની પરિસ્થિતિમાં મુકાઈએ ત્યારે સતત ડર અને ચિંતાનો અનુભવ થાય. ફોન આપણી પાસે હોય છતાં જો કનેક્ટિવિટી ન હોય તો પણ આપણે આ પરિસ્થિતિમાં મુકાઈ જઈએ. વ્યક્તિને એવું થાય કે હવે શું થશે? આપણને મોબાઇલ ફોનનું વળગણ લાગુ પડ્યું છે. બીજી કોઈપણ વસ્તુ વગર આપણે ચલાવી લઈએ, પણ મોબાઇલ ફોન અને કનેક્ટિવિટી તો સતત સાથે હોવા જ જોઈએ. જો મોબાઇલ ફોન ક્યાંક મુકાઈ ગયો હોય, અથવા આપણે ઘરે ભૂલી આવ્યા હોઇએ, કે આપણે એવી જગ્યાએ હોઈએ, જ્યાં મોબાઇલ ટાવર પકડાતું ન હોય તો આપણને અતિશય ચિંતા થઈ આવે, આપણા શ્વાસોચ્છ્વાસ અનિયમિત બની જાય, હાથે ધ્રુજારી થવા લાગે, શરીરે પરસેવો વળી જાય, વર્તન-વ્યવહારમાં ઉગ્રતા આવી જાય, મગજ કામ ન કરે, અને હૃદયના ધબકાર વધી જાય. મોબાઇલ ફોન વગર એક પળ પણ કાઢવાનું આપણા માટે મુશ્કેલ બની ગયું છે. આપણું કોઈ સ્વજન ઘરની બહાર હોય અને આપણો તાકીદનો ફોન ન ઉપાડે તો પણ આપણે ચિંતાતુર બની બેસીએ છીએ અને અમંગળ શંકાઓ કરવા લાગીએ છીએ.

ટૂંકમાં મોબાઇલ ફોનના આધુનિક જમાનામાં આ વીજાણુયંત્ર પોતે જ આપણો એક રોગ બની ચૂક્યો છે.

('આપણું સ્વાસ્થ્ય'માંથી સાભાર) **– ડૉ.કિરણ શીંગ્લોત**

---

હૈદરાબાદ ઘોષણાપત્ર... (પાન ૧૮નું ચાલુ)

જનસંસદોમાં હોય; એક એવી વ્યવસ્થા જેમાં દલિત, આદિવાસી, મહિલા, શ્રમિક તેમજ લઘુમતીઓ માત્ર જીવતા હોય એમ નહીં, પરંતુ સન્માન અને સમાનતાની સાથે તેમનો વિકાસ થાય. ''અમે આ આંદોલનને મજબૂત બનાવીશું, સંઘર્ષના રસ્તે સાથે સાથે આગળ વધીશું !''

*આઓ હમ સંઘર્ષ કરેં....*
*એક દૂજે કા સાથ દેં.*

જય સંવિધાન ! જય ભીમ ! જય જન આંદોલન ! જય જગત !

(આ ઘોષણાપત્ર NAPM India ના ૩૦મા સ્થાપના દિવસ પ્રસંગે રાષ્ટ્રીય સંમેલનમાં ૪ માર્ચ, ૨૦૨૫ના રોજ હૈદરાબાદમાં સ્વીકારવામાં આવ્યું.)

**- સંકલિત**

ભૂમિપુત્ર
હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara on 01-05-2025 R.N.I. No. 1683/57

# સ્વ સશક્તિકરણ

હજી મીનળને સત્તરમું બેઠું ત્યાં તો એના પિતાએ મૂરતિયા જોવાનું શરૂ કરી દીધું. મીનળને આટલાં વહેલાં લગ્ન નહોતાં કરવાં. એ ભણવામાં ખૂબ હોશિયાર હતી. એણે માને ફરિયાદ કરી, ''મા, બાપુને કહેને, મારા લગ્નની આટલી ઉતાવળ ન કરે. મારે હજી ભણવું છે.''

''બેટા, આપણે રહ્યાં ગામડાંનાં ખેડૂત. તને વધારે ભણાવીએ તો એટલું ભણેલો વર ક્યાંથી લાવશું? ને અત્યારથી જોવાનું શરૂ કરશું તો તું અઢારની થશે ત્યારે માંડ પત્તો લાગશે.''

મીનળની આનાકાની કંઈ કામ ન લાગી ને શહેરમાં રહીને નોકરી કરતા પ્રદીપ સાથે પરણીને એ નાસિક જેવા ભીડભાડવાળા શહેરમાં આવી પહોંચી. ગામડામાં ઊછરેલી મીનળને શરૂઆતમાં તો અહીં ખૂબ ગૂંગળામણ થઈ પણ પહેલેથી જ કંઈક નવું શીખવાની ધગશ હોવાથી અહીંના જીવનમાં ગોઠવાવામાં બહુ મુશ્કેલી ન પડી. એમાં વળી પાડોશમાં રહેતી મંજુ સાથે બહેનપણાં થઈ ગયાં એટલે ધીમે ધીમે એની સામે નવું વિશ્વ ખૂલવા લાગ્યું.

''અલી મંજુ, તું કામ કરવા જાય છે ત્યાં મને કામ મળે કે નહીં?''

''હું તો રહી સાવ અભણ, એટલે વાસણ-કપડાં કરવા સિવાય બીજું કંઈ ન આવડે, પણ તું તો દસમા સુધી ભણેલી છે. તારે લાયક કામ દેખાશે તો તને જરૂર કહીશ.''

નોકરી કરવાનો વિચાર કરતા પહેલાં મીનળને થયું, 'કોણ જાણે, પ્રદીપ નોકરી કરવાની હા કહેશે કે નહીં. આજે જ પૂછી જોઉં.' ''સાંભળો છો? મંજુ કહેતી હતી કે, આપણા ઘરની નજીકમાં જે મોલ છે ત્યાં સ્ત્રીઓને નોકરીમાં રાખવા માટે ઈંટરવ્યૂ લેવાના છે. તમે કહેતા હો તો હું કોશિશ કરી જોઉં.''

આટલી મોંઘવારીમાં એક જણની કમાણીથી નિર્વાહ ચલાવવો અઘરો છે એ તો પ્રદીપ પણ સમજતો હતો. એણે વગર આનાકાનીએ હા પાડી. મીનળની ચપળતા અને હાજરજવાબીને કારણે એને નોકરી મળી ગઈ. પણ પહેલે જ દિવસે મીનળ સામે એક મોટી સમસ્યા આવીને ઊભી.

''જવા દો મારે આ નોકરી નથી કરવી. એણે ઘરે પહોંચતાંની સાથે પ્રદીપને કહ્યું.''

''કેમ, શું થયું?''

''હું તો સાડી પહેરીને કામે ગઈ પણ મને ઑફિસમાં બોલાવીને મેનેજરે કહી દીધું કે, કાલથી યુનિફોર્મ પહેરીને આવવાનું. ખાખી ઈજાર, ખાખી શર્ટ અને એપ્રન. હાય હાય, આવાં કપડાં પહેરીને હું ઘરની બહાર કેવી રીતે નીકળું?''

ગામડિયણ પત્નીની વાત સાંભળીને પ્રદીપને હસવું આવ્યું. ''બસ, આટલી જ વાત? એમાં કંઈ હાથમાં આવેલી નોકરી થોડી જતી કરાય? જો, તારે ઘરેથી સાડી પહેરીને જવાનું. ત્યાં પહોંચીને યુનિફોર્મ પહેરી લેવાનો અને વળી પાછાં ઘરે આવતી વખતે સાડી પહેરી લેવાની. બરાબર?''

પતિની બુદ્ધિ પર ખુશ થઈને મીનળ એને ભેટી પડી. જે કામ હાથમાં લે એ જીવ રેડીને કરવાની આદત તો હતી જ તેથી જોતજોતાંમાં એ નોકરીમાં બરાબર ગોઠવાઈ ગઈ. સાથેસાથે સુપરવાઈઝરની નજરમાં પણ એણે માનભર્યું સ્થાન મેળવ્યું. મોલમાં કામ કરતી બીજી સ્ત્રીઓ કામમાંથી છટકવાનાં બહાનાં શોધતી, જ્યારે મીનળ પોતાની ફરજમાં ન આવતાં હોય એવાં કામ પણ રસ લઈને કરતી.

બંનેની જિંદગી સુખરૂપ ચાલતી હતી. બેઉના પગારમાંથી ઘરખર્ચ તો નીકળી જ જતો હતો, એ ઉપરાંત ભવિષ્ય માટે થોડી બચત પણ થઈ શકતી હતી. એક દિવસ સુપરવાઈઝર અને મેનેજરે એને કેબીનમાં બોલાવી. એને થયું કે, મારાથી ક્યાં ભૂલ થઈ? મને નોકરીમાંથી પાણીચું તો નહીં પકડાવી દે ને? ત્યાં તો મેનેજરે હસતાં મુખે એને કહ્યું, ''મીનળ, તારા કામથી ખુશ થઈને સુપરવાઈઝરે પોતાના સહાયકની નોકરી માટે ખાસ તારી ભલામણ કરી છે. આવતા મહિનાથી તારો પગાર પણ વધશે અને તારે હવેથી સ્ટોક લેવાનું જવાબદારીભર્યું કામ કરવાનું રહેશે. ફાવશે ને?''

તે દિવસે ઘરે જતી વખતે મીનળને લાગ્યું કે, જાણે એ હવામાં ઊડતી હતી. ઘરે પહોંચીને ખબર આપવાના ઉત્સાહમાં પતિના ચહેરા સામે જોયા વિના એણે કહેવા માંડ્યું, ''આજે તો મારે તમને પાર્ટી આપવી છે. મારા કામથી ખુશ થઈને સુપરવાઈઝરે મારી ભલામણ કરી અને મેનેજરે મને બઢતી આપી. બોલો, છે ને, પાર્ટી આપવા જેવી વાત?''

''હાસ્તો, પાર્ટી આપવા જેવું તો ખરું જ. પછી ભલેને એ તારા કામથી ખુશ થયો હોય કે પછી...''

''એટલે? તમે કહેવા શું માગો છો? ''

''છોડ બધી વાત. પહેલાં એક કપ ચા બનાવી આપ. માથું ફાટફાટ થાય છે. એક નાની એવી ભૂલને લીધે મારી ઉપરી બાઈએ મારો એક દિવસનો પગાર કાપી લીધો ને તને પાર્ટી સૂઝે છે!''

મીનળની આંખોમાં આંસુ ધસી આવ્યાં. પ્રદીપની વાત ફાંસની જેમ એના હૃદયમાં ઘૂસી ગઈ હતી. થોડા દિવસ પતિ-પત્ની વચ્ચે મૌન છવાયેલું રહ્યું. વિના કારણે થયેલા અપમાનનો ડંખ મીનળને રાત-દિવસ કનડતો હતો. પ્રદીપના મૂડ પર ધ્યાન આપ્યા વિના હવે એ સડસડાટ ઘરમાંથી નીકળી જતી. પ્રદીપને પોતાની ભૂલ સમજાતી તો હતી, પણ કબૂલ કરતા અહમ્ આડે આવતો હતો.

થોડા દિવસ આમ જ વીત્યા પછી એક દિવસ મીનળ કામ પરથી આવી ત્યારે પ્રદીપ આવી ગયો હતો. એણે પત્નીના ગાલ પર ટપલી મારતાં કહ્યું, ''આજે હું બહુ ખુશ છું. આજે મારી બોસે મારા કામનાં વખાણ કરતાં સૌની સામે કહ્યું, જુઓ, એક વખતનો ઠપકો સાંભળીને પ્રદીપે પોતાના કામમાં કેટલો સુધારો કરી દીધો! જેણે મારો પગાર કાપી લીધો હતો એ જ મારા કામથી ખુશ થઈ, એ મને બહુ સારું લાગ્યું.''

મીનળ બોલવા ગઈ કે, 'તારા કામથી ખુશ થઈ કે, તારાથી ખુશ થઈ?' પણ એ ગળી ગઈ. જમતી વખતે એણે ઠંડકથી કહ્યું, ''મને આજે સુપરવાઈઝરે કહ્યું કે, તું હોશિયાર છે. સુરક્ષાકર્મી બનવાની તારામાં પૂરી લાયકાત છે. એક પરીક્ષા આપવી પડે, એ આપી દે તો તને બહુ સારું કામ મળી શકે અને પગાર તો ડબલ. મારે એ પરીક્ષા આપવી છે. કાલથી જ હું તૈયારી ચાલુ કરવાની છું.'' તે દિવસથી એણે નક્કી કર્યું કે, હવે એ પરીક્ષા આપું કે નહીં એમ પૂછવાની નથી, ફક્ત જણાવવાની જ છે.

(ભારતી પાંડેની મરાઠી વાર્તાને આધારે) – **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org